પૂરા પરિવારનું
સર્વલક્ષી
સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવલ

માહે મે
ઓગણીસસો નવ્વાણું
વર્ષ બોંતેરમું • અંક ૮૫૬
તંત્રી : ધીરુ પરીખ



આસનસ્થ બુદ્ધ
૧૭મી સદીની નેપાળ યા તિબેટમાંની પચધાતુની મૂર્તિ · સૌજન્ય · કાર્લ ખંડાલાવાળા સંગ્રહ



કઠપૂતળીનું ગામ] (સૌજન્ય : આર્ચર, અમદાવાદ) [જગદીપ સ્માર્ત

૧૯૯૯ના જાન્યુઆરીના ચોથા સપ્તાહ દરમિયાન અમદાવાદમાં હર્વિટ્ઝ ગૅલરિમાં પ્રદર્શિત શ્રી જગદીપ સ્માર્તનાં ચિત્રોમાંનું આ એક કૅનવાસ પર ઍક્રિલિકથી ૧૯૯૮માં તૈયાર કરેલું ૩૬" x ૮૮"નું ચિત્ર તેમાંના બહુવિધ તેજ રંગવિનિયોગથી કઠપૂતળીને વિષયભૂત કરતું એક ગામનું સુંદર આલેખન છે, જેમાં દોરીથી સંચાલિત કઠપૂતળીની જેમ માનવ-આકૃતિઓનાં હલનચલન આબેહૂબ રીતે દર્શાવ્યાં છે અને પરિણામે એક નૂતન શૈલીએ પટ્ટચિત્રનો અહેસાસ કરાવી રહે છે.

કુમાર
KUMAR

Editor : DHIRU PARIKH

Phone : 21437745

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક

An Encyclopedic Family Magazine of High Taste

1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ (૩૦ જૂન ૧૯૯૯ સુધીમાં) મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરીને (રૂ.૧૦૦ + ૧૫ = ૧૧૫) લવાજમ મોકલશો. લવાજમ મની ઑર્ડરથી મોકલવું વધુ સરળ અને સસ્તું રહેશે.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

'કુમાર'નો ૭૫મા વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ગ્રાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.
સ્થાનસમર્પિત આખું પાનું રૂ.૧૦૦૦/-, અડધું પાનું રૂ.૫૦૦/-
આ પાન પર જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.
આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'ના લવાજમમાં વધારો

છેલ્લાં બેએક વર્ષથી મુદ્રણસામગ્રી, મુદ્રણ, ટપાલદરો આદિમાં સતત વધારો થતો રહ્યો હોવા છતાં પણ અમે 'કુમાર'નું લવાજમ યથાવત્ રાખ્યું હતું. પરન્તુ હવે ઉપરોક્ત સંજોગોમાં અમારે નાછૂટકે લવાજમમાં વધારો કરવો પડ્યો છે.

હવે જુલાઈ ૧૯૯૯થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ.૧૫૦-૦૦ રહેશે. જે ગ્રાહકોનું લવાજમ જુલાઈ ૧૯૯૯થી ડિસેમ્બર ૧૯૯૯ સુધીમાંના કોઈ પણ માસમાં પૂરું થતું હોય તેઓ જો જૂન ૩૦, ૧૯૯૯ સુધીમાં પોતાનું વાર્ષિક લવાજમ મોકલી આપશે તો તે રૂપિયા ૧૦૦ના જૂના લવાજમદરે સ્વીકારાશે. ૧લી જુલાઈ ૧૯૯૯થી નવા દરે લવાજમ રૂપિયા ૧૫૦ (દોઢસો) ભરવાનું રહેશે. હવેથી ત્રણ વર્ષનું લવાજમ રૂપિયા ૪૦૦ તથા પાંચ વર્ષનું લવાજમ રૂપિયા ૭૦૦ રાખવામાં આવ્યું છે.

અમારો આ લવાજમ વધારો સહુ ગ્રાહકો નિભાવી લેશે તેવી શ્રદ્ધા છે. 'કુમાર'ની ગુણવત્તા અને સ-રસતા દઢાવવા અમે સંકલ્પબદ્ધ છીએ.

સ્નેહાધીન
[signature]
તંત્રી : 'કુમાર'

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમૅન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

સાચો વારસો

જેક્સન બ્રાઉન નામના એક માણસે પોતાના જીવનના નિચોડમાંથી ઉમદા જીવનના પથદર્શક ઉપાયો પુત્રના માર્ગદર્શન માટે સૂચવેલા, તેમાંના કેટલાક અહીં રજૂ કર્યા છે :

- સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે – ભલે પછી એ કદી નહિ વંચાય એમ લાગે.
- કોઈને પણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહિ. ચમત્કારો દરરોજ બનતા હોય છે.
- દરેક બાબતમાં ઉત્તમતા રાખજે, અને એની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.
- તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે – ભલે પછી તે એક પ્યાલામાં મૂકેલું પુષ્પ જ હોય.
- આપણાથી જરીક જેટલું જ થઈ શકે તેમ છે એવું લાગે, માટે કશું જ ન કરવું એમ નહિ, જે થોડુંક પણ તારાથી થઈ શકે તે કરજે જ.
- સંપૂર્ણતા માટે નહિ પણ શ્રેષ્ઠતા માટે મથજે.
- જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.
- પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.
- લોકોમાં જે સારપ રહેલી હોય, તે ખોળી કાઢજે.
- પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન આંકવો.
- ક્યારે મૂગા રહેવું તેનો ખ્યાલ રાખજે, ક્યારે મૂગા ન રહી શકાય તેનો પણ.
- પોતાના ગુજરાન માટે કામ કરતા દરેક માણસ સાથે સન્માનથી વર્તજે – ભલે એ કામ ચાહે તેવું નજીવું હોય.
- એવી રીતે જીવન જીવજે કે ક્યારેય પણ તારી ઈમાનદારી, નિષ્ઠા અને પ્રામાણિકતાને સૌ સંભારે.
- જેમને એ વાતની કદી જાણ પણ થવાની ન હોય એવાં લોકો માટે કશુંક સારું કરતાં રહેવાની આદત કેળવજે.
- વિચારો મોટા મોટા કરજે પણ નાના નાના આનંદો માણી જાણજે.
- ગુલાબોની સુવાસ પામવાનો સમય મેળવજે.
- કોણ સાચું છે તેની ફિકર કરવામાં સમય ઓછો ગાળજે, અને શું સાચું છે તે નક્કી કરવામાં વધારે.
- જે ગાંઠ છૂટી શકે તેને કદાપિ કાપતો નહિ.
- દરેક ચીજ જે હાલતમાં આપણને મળી હોય તેના કરતાં જરાક સારી સ્થિતિમાં તેને મૂકતા જવું.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૨મું — અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

મે — ૧૯૯૯

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૫૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ (માત્ર ૩૦ જૂન, ૧૯૯૯ સુધી જ) રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦, અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' ના નવેમ્બર ૧૯૯૮ના અંકમાં 'વાચકો લખે છે'માં વડોદરાથી શ્રી જ્યોતિ ભટ્ટે, ઑગસ્ટ માસના અંકમાં પ્રગટ થયેલ મારા ગણિત અંકયંત્રો નંબર ૬ અને ૭ વિષે પોતાના વિચારો દર્શાવ્યા છે, તેના અનુસંધાનમાં આ ચોખવટ.

ગણિત અંકયંત્ર ૭માં સાત વર્તુળોની ત્રિજ્યામાં પરસ્પર સંબંધિત હોય તેવા ૪૯ આંકડાઓ ખાસ ચૂંટીને આ ગણિત અંકયંત્ર બનાવેલ છે.

આ અંકયંત્રમાં પૂરતી માહિતીના અભાવે તમને પરસ્પર સંબંધ જણાયો નથી. ખરી રીતે એ અંકયંત્રની નીચે આ પ્રમાણે લખવામાં આવેલ છે. 'ઉપરનાં સાત વર્તુળોમાં ૪૯ આંકડાઓ એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે દરેક ત્રિજ્યાના સીધા ખાનામાં આવતા સાતેય આંકડાઓનો અને પ્રત્યેક વર્તુળમાં આવતા સાતેય આંકડાઓનો સરવાળો ૧૯૯૮ થાય છે.' (આ સરતચૂક બદલ ક્ષમાપ્રાર્થના. તંત્રી)

વિશેષમાં ઉપરોક્ત અંકયંત્રમાં જણાવેલા-ગોઠવેલા ૪૯ આંકડાઓને ૭ x૭ના જાદુઈ ચોરસ કે -૪૯ નાના ચોરસમાં ગોઠવીને અન્ય અંકયંત્ર-જાદુઈ ચોરસ બનાવેલ જે હજી છાપવામાં આવેલ નથી, પરંતુ તેના અનુસંધાનમાં હોઈ અહીં રજૂ કરું છું :

	૧	૨	૩	૪	૫	૬	૭	
ક	૨૫	૧૨૫	૨૧૫	૨૩૫	૩૪૫	૪૫૫	૫૭૫	ક
ખ	૨૬	૧૨૬	૨૧૬	૨૩૬	૩૪૬	૪૫૬	૫૭૬	ખ
ગ	૨૭	૧૨૭	૨૧૭	૨૩૭	૩૪૭	૪૫૭	૫૭૭	ગ
ઘ	૨૮	૧૨૮	૨૧૮	૨૩૮	૩૪૮	૪૫૮	૫૭૮	ઘ
ચ	૨૯	૧૨૯	૨૧૯	૨૩૯	૩૪૯	૪૫૯	૫૭૯	ચ
છ	૩૦	૧૩૦	૨૨૦	૨૪૦	૩૫૦	૪૬૦	૫૮૦	છ
જ	૩૩	૧૩૩	૨૨૩	૨૪૩	૩૫૩	૪૬૩	૫૮૩	જ
	૧	૨	૩	૪	૫	૬	૭	

ઉપર દર્શાવેલી ૧ થી ૭ સુધીની સાત ઊભી અને ક થી જ સુધીની સાત આડી હારોમાંની પ્રત્યેક હારમાંથી માત્ર એક જ અંક ચૂંટવાની શરતે ગમે તે સાત આંકડા ચૂંટશો તો તેનો સરવાળો ૧૯૯૮ આવશે. દાખલા તરીકે પહેલો અંક '૨૫' લઈએ તો તે ઊભી હાર '૧' અને આડી હાર 'ક'માં છે. માટે તે બે હારમાંથી બીજો એક પણ આંકડો ન લેવો. આ રીતે બીજો આંકડો '૧૨૬' લઈએ. તે ઊભી હાર '૨'માં અને આડી હાર 'ખ'માં છે. હવે ઊભી હાર '૧' તથા '૨' અને આડી હાર 'ક' તથા 'ખ' સિવાયની બાકીની પાંચ હારમાંથી ગમે તે આડા-અવળા પણ પાંચ આંકડા ચૂંટો અને પછી સાતેનો સરવાળો કરો તો ૧૯૯૮ આવશે. આમ, બીજી પણ અનેક રીતે આડાઅવળા આંકડા ઉપરની શરત પ્રમાણે ચૂંટતાં દર વખતે સરવાળો ૧૯૯૮ જ આવવાનો...

હવે ગણિત અંકયંત્ર ૬ તરફ નજર કરતાં જણાશે કે તમોને ગેરસમજ થઈ હોય તેમ જણાય છે. તેમાં જણાવ્યા પ્રમાણે 'સીધી લીટીએ આવતાં સાતે ખાનાંની રકમનો સરવાળો ૧૯૯૮ જ આવશે.' ત્યારે તમોએ ત્રણ વર્તુળના પરિઘને સમાંતર આઠ સંખ્યાનો સરવાળો કર્યો છે. જે પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ત્રણે વર્તુળોની ત્રિજ્યાઓમાં આવતી સાતે સંખ્યાઓ જેવી કે : ૨૯૦ + ૨૮૯ + ૨૯૫ + ૨૮૮ + ૨૭૫ + ૨૮૧ + ૨૮૦ = ૧૯૯૮ થાય છે.

આ એક ગમ્મત છે. તેમાં વચ્ચેનો આંકડો ૨૮૮ એમ ને એમ જ રહે છે. દરેક વર્તુળની ત્રિજ્યાની સામસામેના બંને આંકડાનો સરવાળો ૫૭૦ થાય છે. એટલે ગમે તે વર્તુળ ફેરવો તો પણ ફરી ગએલા આંકડાઓની જગ્યાએ આવતા બંને આંકડાઓનો સરવાળો ૫૭૦ જ થવાનો. ત્રિજ્યાઓની સામસામેના બંને આંકડાઓનો સરવાળો ૫૭૦ થતાં, ત્રણ વર્તુળો હોઈ ૫૭૦ x ૩ = ૧૭૧૦ અને વચ્ચેનો આંકડો ૨૮૮ ઉમેરતાં ૧૯૯૮ થાય!

આ અંકયંત્ર-ગમ્મત બનાવવા માટે ૨૭૩ થી ૨૯૭ સુધીના આંકડાઓ છે, જેમાં ૨૮૫ને બદલે ૨૮૮ બે વખત વાપરેલ છે.

આ અંકયંત્રમાં ૨૭૮ની સામે આવેલા ૨૯૪ને બદલે ૨૯૨ હોવા જોઈએ, જે ટાઈપ કેરવામાં ભૂલ થઈ હશે!

– માધવજી દેવળીઆ (યુ.કે.)

માર્ચ, '૯૯ના 'કુમાર'ની આવરણ છબી 'વનરાજિ' અંકને પ્રથમ દષ્ટિએ જ સુંદર ઉઠાવ આપી રહે છે. શ્રી હેમેન્દ્ર શાહને ધન્યવાદ. 'વાચકો લખે છે' વિભાગ એ વાચકોના પ્રતિભાવોની સાથે સાથે એમાંની અન્ય મૌલિક માહિતી પણ વિશદ બની રહે છે. 'પસ્તીનાં પાનાં'માં લેખકશ્રીની તટસ્થતા અને સત્યવક્તૃત્વનું સુંદર પ્રતિબિંબ પડતું રહે છે. છેલ્લા દસકાની અંદર જ બનેલા બનાવોના આપણે સાક્ષી પણ છીએ. 'રાજકારણમાં કડદાશાહી' હવે તો વિસ્ફોટક હદે 'પ્રગતિ' કરી ચૂકી છે. 'સર્કસ' વાર્તામાં 'ગાજમાં આંગળી ભરાવી ગાજને રમાડ્યા કરતા' બાળકના મુગ્ધ કલ્પનાવિહારને સુંદર ઉઠાવ લેખકે આપ્યો છે, પરંતુ વર્ષાઋતુમાં સર્કસના ખેલ ચાલુ હોય અને તે પણ તેમાં ક્યારેય હિલોળા લેતાં પાણીને જોયું નહોય, પણ ગોંદરીની બિછાત હોય ને તંબુમાં તો કોરું હોય અને તળાવની પાળના ઢાળ પર (વગર લપસ્યે) હાથીઓ ડોલતા ડોલતા જતા હોય... એ બધું વાસ્તવિક નથી. વર્ષાઋતુ સિવાયના દિવસોમાં જ સર્કસ ધંધો ચલાવી શકતું હોય છે. સર્કસનાં પ્રાણીઓ માટે પણ મોટે ભાગે વર્ષાઋતુ પ્રતિકૂળ બને છે.

– મોહનલાલ જાની (અમદાવાદ)

'કુમાર' અંક ૮૫૦ ઘણો સુંદર લાગ્યો. જો કે અંક ઘણો સરસ, આકર્ષક, સુંદર, વાંચવાલાયક... વગેરે વિશેષણો હવે 'કુમાર' માટે કંઈ નવાં નથી રહ્યાં કે નવાં નથી લાગતાં. તે તો 'કુમાર'ના સૌ વાચકો જાણતા હશે. પરંતુ આ અંક વધારે ગમ્યો તેનું એક કારણ એ કે તેમાંનો એક લેખ સ્પર્શી ગયો અને અતીતનાં સ્મરણો તાજાં કરાવી ગયો.

(અનુસંધાન પૃ.૨૮૬)

... તો કરશે તું શું ? / રમેશ પારેખ

(ગાન)

ઊગતો એક સૂરજ ને વહેતું એક ઝરણું ને ઝૂલતું એક ઝાડ અને તું
આ બધું જોઈ તને એવું ન થાય કે હું પોતે પણ ખડખડ હસું ?

આભ અને ઝાડવાંનાં પાંદડાંઓ ચસચસતાં ચુંબન કરે છે સામસામાં
જાણે છે ઝાડવાનાં મૂળ છાનુંછાનું હેત વહેંચતી નદીનાં સરનામાં
ફૂલો તારાં બારણે સુગંધની ટપાલ લઈ આવશે તો કરશે તું શું ?

પોતાના ટહુકામાં નાહીનાહી પંખીઓ પાંખોથી પાડે છે તાળી
હોઠો પર મનગમતાં ગીતોની રંગોળી પૂરવાનું નામ છે દિવાળી
આ બધું જોઈ તને થતું નથી, આ ભૂમિ રૂંવે રૂંવે ભરચક શ્વસું ?

પ્રત્યાવર્ત / વિજય રાજ્યગુરુ

(પૃથ્વી • સૉનેટ)

ધસે ધસમસે પ્રચંડ જળખંડ લ્યો ત્રાટકે
ધડીમ્બ ધબ હૈ પડે-લડથડે, છતાં છાલકે-
ફરી બળ કરી કરી ખડકફાટમાં ઊતરે...
જરી થરકથર્થરી જળ, પછી ઠરે - લાંગરે.

જલૌઘ તજતાં થયું અરવ તે જળે આછરે.
છબાક શમણાં સરે, ગગનમુદ્રણા વિસ્તરે-
સમુલ્લસિત નેત્રમાં. જળ કહે - 'અહીં લેટવું-,
અહીં જ વસવું હવે, સમદરે ન પાછા જવું.'

પળેક પળમાં નભે ગરજતાં ચઢે વાદળાં
બથોબથ લડે અઠંગ જણ હાંફળાં-ફાંફળાં
સળંગ જળભંગથી હલી હલબલી ધરા ધ્રૂજતી
જતી, પવન-મેઘના પરશથી હતી કમ્પતી!

સમુદ્રજળ બાપડું સડસડાટ કાંઠે ચડે...
ફરી ફિણણતા સમન્દર મહીં ધબાકે પડે

બેસ જઈ / પીયૂષ પંડ્યા 'જ્યોતિ'

(મુક્તક)

સ્નેહનું સ્મરણ કર,
સુરભિનું વહન કર,
ઉચ્ચરી શબ્દ શીતળ ને મધુરા
બેસ જઈ શૂન્યની નિકટ વીરા !

નીકળે / મનીષ પરમાર

(ગઝલ)

રાતના હરરોજ તડકા નીકળે,
હા, ઉઝરડા પર ઉઝરડા નીકળે.

ફૂલ તોડ્યાંનો ગુનો કોણે કર્યો ?
મ્હેકના બે-ચાર થડકા નીકળે.

જ્યાં અમારું બાળપણ વીત્યું હતું -
આંગણાના શ્વાસ ઘરડા નીકળે.

હોલવાતું છાતીમાં ક્યાં તાપણું ?
શ્વાસ લેતાં રોજ ભડકા નીકળે.

આમ હું હોવાપણાનો રાજવી-
પણ 'મનીષ' નામે છબરડા નીકળે.

ગેબી ઝાલર / કરસનદાસ લુહાર

ખાલી થઈ ખણખણતો ચાલ !
રસ્તા કર રણઝણતો ચાલ !

લોહીમાંથી લય પ્રગટાવ;
ગીત નવાં ગણગણતો ચાલ !

કોઈ શબદ ઢંઢોળે કાન;
હા, હોંકારો ભણતો ચાલ !


હજુય લીલાંછમ્મ ઘણાં છે;
પાન બધા એ ગણતો ચાલ !

થનગનશે તનમાં તોખાર;
હેષા લઈ હણહણતો ચાલ !

વિસામો મુકામ બને ના;
મંત્ર સતત એ ભણતો ચાલ !

બંઝરમાં પરસેવો વાવ;
પાક ઊભો ન લણતો ચાલ !

ગેબી ઝાલર ક્યાંક બજી :
જીવ, હવે ઝણઝણતો ચાલ !





[રજનીશના હસ્તાક્ષર]

માંલિક ચિંતક, નીડર અને ક્રાંતિકારી વકતા, મંત્રમુગ્ધ કરી નાખતો વાક્પ્રપાત વહેવડાવનાર અને પ્રબુદ્ધ પુરુષ પણ સદાય વિવાદમાં ઘેરાયેલા

ઓશો રજનીશ

— નૌતમભાઈ વખારિયા —

(ગતાંકથી ચાલુ)

ઓશોની સહી ખૂબ જ વિલક્ષણ હતી. તેમના હસ્તાક્ષરો મોતીના દાણા જેવા હતા. તેમની ભાષા અને જોડણી શુદ્ધ અને ક્ષતિમુક્ત હતી. તેમની સહીના વળાંકો ચીની ભાષા જેવા લાગતા એટલે શરૂઆતમાં કેટલાંક લોકો તેમને સામ્યવાદી, રશિયાના એજન્ટ કે ચીનના જાસૂસ તરીકે વગોવતા.

તેઓ ચિત્રકળામાં પણ પારંગત હતા. ખુલ્લી હવાના, વ્યાયામના અને તરવાના તો ગજબના શોખીન. ગાડરવારા પાસે આવેલા રેલવે લાઈનના સૌથી ઊંચા પુલ ઉપરથી નીચે પાણીથી છલોછલ ભરેલી શક્કર નદીમાં તેઓ ભૂસકો મારતા. છેલ્લે અમેરિકામાં તો તેઓ રોજ સાંજે રોલ્સ રોયસમાં જાતે ડ્રાઈવિંગ કરીને પોતાનાં શિષ્યોને દર્શન આપતા.

લગ્ન અંગે તેમનાં માતા-પિતા તેમને ખૂબ દબાણ કરતાં, પણ તેઓ ચતુરાઈપૂર્વકની દલીલથી તે વાત ટાળી દેતા. પોતે અવિવાહિત હોવા છતાં પણ સેક્સની ઝીણામાં ઝીણી વિગતો ઉપર જ્યારે પ્રકાશ પાડતા ત્યારે બધાંને અચંબામા નાખી દેતા.

તેઓનું વાચન અજબ-ગજબનું હતું. વિશ્વનાં એક લાખ ઉપરાંત પુસ્તકો તેમણે વાંચ્યાં હતાં! કાંઈ પણ ન કરતા હોય ત્યારે વાચન કરવું તે તેમના જીવનનો ક્રમ હતો. તેમની લાઈબ્રેરીમાં હાલ હજારો પુસ્તકો છે. આ પુસ્તકોના પ્રથમ પાને તેમની રહસ્યમયી સહી હોય છે. પુસ્તકના છેલ્લા પાના પર સ્થળ તથા તારીખ અવશ્ય લખે. તેઓએ વાંચેલાં એક લાખ ઉપરાંતનાં પુસ્તકમાંથી ૧૬૭ પુસ્તકો ચૂંટીને 'Books I have loved'ના શીર્ષક નીચે એમણે ૧૬ પ્રવચનો આપેલાં છે. દુનિયાભરનાં તેમનાં પ્રશંસકો અને આધ્યાત્મિક ખ્યાલવાળાં લોકો આગળ તેમણે જે પ્રવચનો અને વાર્તાલાપો આપ્યાં છે તે અત્યાર સુધીમાં ૬૫૦ પુસ્તકોમાં પ્રકટ થયેલાં છે. તેઓ કહે છે, 'મારો સંદેશો એ કોઈ સિદ્ધાંત કે ફિલૉસૉફી નથી. મારો સંદેશો તો જીવનનું રૂપાંતરણ કરવાનો એક વૈજ્ઞાનિક કીમિયો છે કે જેમાં જેઓ તેમનું હાલનું જીવન ન્યોછાવર કરવા તૈયાર છે તેઓ, જેની હાલ કલ્પના પણ ન કરી શકે તેવા નવજીવનમાં પુનર્જન્મ પામે છે. મને સાંભળવામાં જોખમ સમાયેલું છે. આ જ ભવમાં નવેસરથી જન્મ લેવામાં સાંભળવું એ પહેલું કદમ છે. કનડતા પ્રશ્નોમાંથી આશ્વાસન મેળવવા માટેની એ કોઈ ફિલૉસૉફી નથી, મારો સંદેશો એ કોઈ શાબ્દિક અનુસંધાન નથી. ખૂબ મોટા ખતરારૂપ છે. મૃત્યુ અને પુનર્જન્મથી ઓછું કાંઈ જ નહિ.'

તેમના કાર્યકાળ દરમિયાન ઓશોએ માનવ-ચેતનાના વિકાસનાં લગભગ બધાં જ પાસાં ઉપર પ્રવચનો આપેલાં છે. સિગ્મંડ ફ્રોઈડથી માંડી ચ્યાંગ-ત્સે, ગુરજિએફથી માંડી ગૌતમ બુદ્ધ અને ઈસુ ખ્રિસ્તથી માંડી રવીન્દ્રનાથ ટાગોર સુધી બધાને આવરી લીધા છે. સાંપ્રત માનવવ્યવસ્થાની આધ્યાત્મિક પ્યાસને ઉપયોગી અર્ક તેમણે આવા દરેક રહસ્યવાદીના જીવનમાંથી ખેંચી લીધો છે - પણ તે એક તર્કયુક્ત વાતચીતથી નહિ બલકે પોતાની અસ્તિત્વગત અનુભવની કસોટીએ તેનું પરીક્ષણ કરીને. એવો કોઈ પણ વિષય નથી કે જેની કલ્પના કરી શકાય અને જેના ઉપર ઓશો બોલ્યા ન હોય. જોકે દરેક વિષયના અંતે ભાર તો ધ્યાન અને સાધના ઉપર જ હોય. રાજનૈતિક વિષયો જેવા કે ગાંધીવાદ, સમાજવાદ, દરિદ્રતા,

ભૌતિકવાદ વગેરે ઉપર પ્રવચનો આપ્યાં. જ્યારે તેમણે પ્રવાસો બંધ કર્યા અને પ્રથમ મુંબઈ અને પછી પૂનામાં સ્થાયી થયા ત્યારે આધ્યાત્મિક ગ્રંથો અને આધ્યાત્મિક વ્યક્તિઓ જેવાં કે ભગવદ્ગીતા. ધમ્મપદ, જિનસૂત્ર, નારદસૂત્ર અને કૃષ્ણ, મીરાં, કબીર વગેરે ઉપર પ્રવચનો આપ્યાં. પૂનામાં તેઓ દસ દિવસ હિંદીમાં અને દસ દિવસ અંગ્રેજીમાં વારાફરતી બોલતા. હિંદી અને અંગ્રેજી બન્ને ભાષા ઉપરનો તેમનો કાબૂ ગજબનો હતો. દસ દિવસની શ્રેણી દરમિયાન પ્રશ્નોત્તર તો હોય જ. કોઈ એવો પ્રશ્ન નહિ હોય કે જે કોઈના મગજમાં ઊઠે અને તે તેમને ન પુછાયો હોય. પ્રશ્નના જવાબો વ્યંગથી ભરપૂર અને જડબાતોડ હોય. એકનો એક પ્રશ્ન થોડા સમય પછી ફરી વાર પુછાય તો તેનો જવાબ પણ જુદા જ પ્રકારનો હોય. એક જ પ્રશ્નના જવાબમાં દરેક વખતે જુદી જ મૌલિકતા હોય. આટલા અગણિત વિષયો ઉપર તેઓ બોલ્યા હોવા છતાં કેટલાંક લોકો તેમનાં કામ ઉપરનાં પ્રવચનોને પકડી રાખીને તેમને સેક્સ-ગુરુ કહેતા! જો કે ઓશોને તેની કોઈ પરવા નહોતી. સેક્સ પ્રત્યેનાં સમાજનાં બેવડાં ધોરણો પ્રત્યે ઓશો નિર્દયી હતા. કામના દમનથી ચિત્ત એમાં પરોવાયેલું રહે છે તે કથનથી રૂઢિવાદી ભારતીય માનસ ખૂબ ક્રોધિત થઈ ઊઠ્યું હતું. વાસ્તવમાં ઓશોનું લક્ષ્ય તેમના સંન્યાસીઓની કામઊર્જાને આધ્યાત્મિક ઉપલબ્ધિ તરફ વાળવાનું હતું અને તે રીતે કામનું અતિક્રમણ કરવામાં માર્ગદર્શન આપવાનું હતું. ભારતમાં જે મૌલિક અને અભારતીય કહી શકાય તેવી ચિંતનશૈલી ચાલી તેમાં સૌથી પ્રથમ જે. કૃષ્ણમૂર્તિ, પછી ઓશો અને હાલ સ્વામી સચ્ચિદાનંદની ગણના કરી શકાય.

ઓશોના ધાર્મિક પ્રહારોને કારણે તેમના પર કોર્ટમાં કેસો થયા, 'શાસ્ત્રમાં સત્ય નથી પણ શાસ્ત્ર સત્યની ગવાહીમાત્ર છે', 'જો લક્ષ્મણજી સીતાજીના ચહેરા સામું જોવાથી ડરતા હોય તો તે વ્યભિચારી ગણાય' આ અને આવાં વિધાનોને કારણે તેમના ઉપર કોર્ટમાં કેસ થયા પણ ન્યાયાધીશો જ્યારે પૂરી કસેટ સાંભળે ત્યારે આવા કેસો ઊડી જતા.

૧૯૭૦ સુધી ઓશો જબલપુરમાં રહ્યા અને ત્યાંથી પ્રવચનો અને ધ્યાનશિબિરો અર્થે દેશમાં પરિભ્રમણ કરતા. વિવાદાસ્પદ વ્યક્તિત્વને કારણે તેમને આવકારનારાં ઓછાં રહેતાં અને તેથી નાણાંની પણ છૂટ નહોતી. તેઓ ટ્રેનમાં પ્રવાસ કરતા અને તેથી ભારે શ્રમ પડતો. તા. ૧-૭-૭૦થી તેઓનું મુંબઈમાં સ્થળાંતર થયું. પ્રથમ તેઓ સી.સી.આઈ. ચેમ્બરમાં રહ્યા, પણ ત્યાર પછી તા. ૮-૧૨-૭૦થી પેડર રોડ ઉપર વૂડલેન્ડમાં સ્થાયી થયા. અસ્થમાના દર્દને કારણે તેમને મુંબઈનું હવામાન માફક આવતું નહોતું. તા. ૨૧-૩-૭૪થી તેઓ કોરેગાંવ પાર્ક, પૂનામાં સ્થાયી થયા. જાન્યુઆરી ૧૯૭૧થી શિબિરો સિવાયનો પ્રવાસ તેમણે બંધ કર્યો. આ પછી ઓશોએ પોતાની જાતને સામાન્ય જનસમૂહથી અલિપ્ત કરી નાખી, પરંતુ જે વર્ગ સાધનાના વિકાસઅર્થે તથા પોતાના આત્માની ઉન્નતિ માટે તેમની સાથે રહ્યો તેમાં તેઓ સક્રિય રહ્યા.

કોરેગાંવ પાર્ક એ પૂનાનો ધનાઢ્ય લત્તો છે. જોતજોતામાં



મા આનંદશાલા

છ એકરમાં તેમના આશ્રમનો વિસ્તાર ફેલાઈ ગયો. નવાં નવાં મકાનો તૈયાર થવા માંડ્યાં. ઓશોનાં પ્રવચનનાં દળદાર પુસ્તકો ખૂબ જ ત્વરાથી પ્રકાશિત થવા માંડ્યાં. ઊંચી ગુણવત્તાવાળી ઑડિયો-વિડિયો કસેટો તૈયાર થવા માંડી. ઓશોની આસપાસનું અંતરંગ વર્તુળ વધવા માંડ્યું. દેશ-વિદેશમાં ઓશોની ખ્યાતિ ફેલાવા માંડી. રોજના સરેરાશ બે હજાર મુલાકાતીઓ એમના કમ્યૂનની મુલાકાત લેવા માંડ્યાં. કમ્યૂનમાં ભારતીયો કરતા વિદેશીઓની વસ્તી વધવા માંડી. આ બધાંની વચ્ચે ઓશોની પ્રવૃત્તિઓ તો ફક્ત બે જ હતી : (૧) સવારના ૮ વાગે દોઢ કલાકનું પ્રવચન અને (૨) સાંજના ૭ વાગે અંતરંગ મુલાકાતીઓ સાથે મિલન. બાકીનો સમય ઓશો તો પોતાના કક્ષમાં જ રહેતા.

ઉપરાંત કમ્યૂનમાં મલ્ટિવર્સિટી ઊભી થતાં નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ થતી : 'Acupuncture Training', 'Divine Healing Art', 'Break Training', 'School of Creative Arts' અને 'Centre of Transformation'.

આશ્રમમાં કોઈ કામ વગર બેસી શકે નહિ. સજ્જડ શિસ્તપાલન વચ્ચે બધી પ્રવૃત્તિઓ ચાલે. વ્યવસ્થિત રીતે બધાંને કામની વહેંચણી. સુંદર પુસ્તકાલય. સંન્યાસીઓમાં ઘણાં વિશ્વભરનાં પ્રતિભાશાળી

તથા કલા, સંગીત અને કેટલાંક તંત્રવિદ્યાનાં અગ્રણી લોકો હતાં. રજનીશ થીએટર ગ્રૂપે મુંબઈમાં રંગમંચ ઉપર સુંદર કલાનું પ્રદર્શન કર્યું. બાગ-બગીચા અને કૃષિના નિષ્ણાતોએ કમ્યૂનમાં હરિયાળી છાઈ દીધી. કમ્યૂનની વર્કશોપમાં સાબુ અને અન્ય પ્રસાધનની વસ્તુનું ઉત્પાદન થવા લાગ્યું. ઉચ્ચ કોટિનું ફર્નિચર, ચાંદી અને અન્ય ધાતુઓનું જડતર, સ્ક્રિન પ્રિન્ટિંગ વગેરેનું કામ પણ થતું હતું. નોંધવાલાયક વાત તો એ છે કે જેને જે કામ સોંપાય તે બધાં પ્રસન્નતાથી કરતાં હતાં. મુલાકાતીઓને આશ્રમની મુલાકાતની સુંદર વ્યવસ્થા હતી. આશ્રમની બાજુમાં એક ગંદું નાળું વહેતું હતું. આશ્રમવાસીઓએ પોણા બે કરોડ રૂપિયાના ખર્ચે આ ગંદા નાળાને એક અતિ સુંદર ઝરણું બનાવી દીધું, જેમાં હંસ પણ વિહરતા હતા. આશ્રમનો વિસ્તાર પણ ૬ એકરમાંથી ૨૭ એકર સુધી ફેલાઈ ગયો.

ઘણાં સ્થાનિક લોકોનો અને ભારતનાં બીજાં ઘણાં લોકોનાં આશ્રમ સામે ઉગ્ર વિરોધ હતો. આ વિરોધના પરિણામે તા. ૨૨-૫-૮૦ના રોજ સવારના પ્રવચન દરમિયાન ઓશોની સામે છરો ફેંકવામાં આવ્યો, પણ તેઓ બચી ગયા. આ અંગે પ્રશ્ન દ્વારા જ્યારે કોઈએ ચિંતા પ્રકટ કરી તો તેમણે જરા પણ વિચલિત થયા વગર જવાબ આપ્યો કે, ' આ રીતે ઘણાં નાસમજ લોકો સત્યની સેવા કરતાં હોય છે. તમને એક ભ્રાંતિ રહે છે કે દુનિયામાં હું સદા રહેવાનો છું એટલે તમે રોજ કાલ ઉપર વાત ટાળી દેતા હો છો, જેમ કે કાલ ધ્યાન કરીશું, કાલ સમાધિને પામી લઈશું; જલદી શી છે ? પણ પેલા માણસે છરો ફેંકીને તમને ઝકઝોર્યા. તમને તેણે સંદેશ આપ્યો, કાલ ઉપર વાત ન ટાળો. જે કરવાનું છે તે તરત કરી લો. જીસઝને જેમણે શૂળી આપી તેમણે જીસઝની એવી સેવા કરી કે જે બીજા કોઈએ કરી નથી. આજે અર્ધી દુનિયા જીસઝને માને છે. આ અજાણ્યા માણસે મારું જ કામ આગળ ધપાવ્યું છે. સત્યની એક ખૂબી છે - તેને કોઈ નુકસાન પહોંચાડી શકતું નથી. સત્યને મારી નાખી શકાતું નથી. સત્ય અમર છે.' ત્યાર પછી થોડા વખતમાં તેમનાં પુસ્તકોના ગોડાઉનમાં આગ લગાડવામાં આવી.

જોતજોતામાં તો ઓશોના સંન્યાસીઓની સંખ્યા અઢી લાખ ઉપરાંતની થઈ ગઈ, જેમાં ભારતીયો કરતાં વિદેશીઓની સંખ્યા



પ્રવચન આપતા રજનીશ

વિશેષ હતી. વિદેશીઓની અદ્‌ભુત વ્યવસ્થાશક્તિ, સમયપાલન, શિસ્ત, કામમાં ચીવટ વગેરે ગુણોને કારણે આશ્રમનું સંચાલન ધીમે ધીમે વિદેશીઓના હાથમાં સરકવા માંડ્યું. આટલાં વર્ષો સુધીનાં ઓશોનાં સચિવ મા યોગલક્ષ્મીનું મહત્ત્વ ઘટવા લાગ્યું. અચાનક ઓશોના અંતરંગ વર્તુળમાં અમેરિકામાં રહેતી વડોદરાની શીલા ચંદ્રકાન્ત પટેલનો ઉદય થયો. તેમનું સંન્યાસિની તરીકે નામ મા આનંદશીલા થયું. તેઓ ઓશોનાં સચિવ બન્યાં.

દરમિયાનમાં ઓશોનું સ્વાસ્થ્ય એકદમ બગડવા માંડ્યું. તેમને કોઈ પણ પ્રકારની ગંધની એલર્જિ હતી અને દમનું દર્દ હતું. આ ઉપરાંત ડાયબીટીઝ તથા કમરનો દુખાવો પણ હતો. સ્વાસ્થ્ય વધારે બગડતાં તેમણે તા. ૨૧-૩-૮૧થી પ્રવચનો આપવાં બંધ કર્યાં. રોગના નિદાન તથા કોઈ પણ સંભાવ્ય આપતુંકાલીન સારવારના કારણોસર તેમણે અમેરિકન વિઝા માટે અરજી કરતાં તેમને વિઝિટર વિઝા મળ્યો. વિરોધના વંટોળ અને વિવાદ વચ્ચે તા. ૧-૬-૮૧ના રોજ તેમણે ભારત છોડ્યું. તેમનું અમેરિકાગમન ખૂબ જ ગુપ્ત અને રહસ્યમય રાખવામાં આવ્યું હતું. અહીંથી તેમની જીવનકહાણી ખૂબ જ રોમાંચક અને હર્ષ તથા વ્યથામિશ્રિત બની ગઈ. (આવના અંકે પૂર્ણ)



રજનીશના પૂનાના આશ્રમનું પ્રવેશદ્વાર

નવા અંકુર

— વાસુદેવ સોઢા —

સૂરજ આથમવાની તૈયારી થાય એટલે મનજી અચૂક તેના ઘર પછવાડેના વાડામાં આવી પહોંચે. વાડામાં આવેલા મીઠા લીમડાની ઘેઘૂર ઘટાને જોયા કરે. મીઠા લીમડામાંથી છૂટતી મીઠી ફોરમને માણ્યા કરે.

મનજીને થોડીક જ રાહ જોવી પડે. અને ત્યાં જ મીઠા લીમડાની મીઠી સુવાસ જેવો ટહુકાર તેના કાને પડતો.

'મના... એય... મના...'

એ મીઠો સાદ સાંભળતાં જ યુવાન મનજીના મનમાં અને રોમેરોમમાં સંચાર થઈ જતો. તેના દિલની ધડકનો તેજ થઈ જતી. મોં પર મુસ્કરાહટ આવીને આળખાઈ જતી. આંખોમાં નર્તન જાગતું.

'સવી...' મનજીના ઊંડાણેથી પડઘો ઊઠતો.

સવિતા આવીને કાંટાળી વાડ પછવાડે પગના ફણાંભર ઊંચી થઈને ડોકિયાં કરતી. પડી ન જવાય એટલે કાંટાળા ખણિયાની એક જાડી તીર પકડીને ઊભી ઊભી મનજી સામે જોયા કરતી. મનજી પણ ક્ષણભર બધું ભૂલીને સવિતાના સુંવાળા મોં સામે મીટ માંડી રહેતો.

'મના...' સવિતા સજાગ બની જતી. 'મીઠા લીમડાની તીરખી અંબાવને...'

'હા...હા...' મનજી જાણે એ જ વાટ જોઈ રહ્યો હોય એમ દોડતો. મીઠા લીમડા પાસે જઈને થોડી વાર તેની ઘટાને તાકી રહેતો. પછી કઈ તીરખી ઘાટી છે, કઈ ઝાઝાં પાંદડાંવાળી છે એ જોતો. ને ઠેકડો મારી, એ ડાળને પકડીને નીચી નમાવતો. અને તેમાંથી એક તીરખી નજાકતથી મરડીને તોડતો. તોડેલી તીરખી પર હાથ ફેરવતો. તીરખીમાંથી છૂટતી મીઠી ફોરમને સવિતાના હાથમાં આપે ત્યાં સુધી માણ્યા કરતો.

વાડ આડેથી મીઠા લીમડાની તીરખી અંબાવતાં ક્યારેક મનજીનો હાથ સવિતાની આંગળીના ટેરવાને સ્પર્શી જતો. ત્યારે મનજી રોમાંચિત થઈ જતો. સવિતાની આંખો મનજીના ચહેરા પર ફરી વળતી. મનજીના હોઠ આછી કંપારી અનુભવતા. મનજીનું મોં જોયા જેવું થઈ જતું.

એ જોઈને સવિતાના હોઠ વંકાતા. ને હસી પડતી. મનજીનાં હાથમાંથી મીઠા લીમડાની તીરખીને આંચકીને હસતી હસતી ભાગી છૂટતી. મનજી કાંટાળી વાડનો ટેકો લઈને ભોંગી જતી સવિતાની પીઠને તાકી રહેતો.

જતાંજતાં સવિતા શેરીનો વળાંક આવે ત્યાં સુધીમાં બે-ત્રણ વખત પાછું વળીને જોઈ લેતી. મનજી ત્યાં સુધી વાડચે જ ઊભો હોય. સવિતા શેરીનો વળાંક લેતી ને દેખાતી બંધ થતી કે મનજીના હૈયામાંથી હળવો નિસાસો નીકળી જતો. એ આથમણી દિશા તરફ જોતો. સૂરજ ડૂબવા આવ્યો હોય.

બસ, પછી મનજીને વાડામાં, કે વાડામાં રહેલા મીઠા લીમડામાં રસ ન રહેતો. મીઠા લીમડાની મહેક તો સવિતાની સાથે જ ચાલી જતી, જાણે આખાયે લીમડાની મહેક સવિતા એક નાનકડી તીરખીમાં તાણી જતી.

મનજીનો આ રોજનો ક્રમ હતો. સવિતા રોજ આ ટાણે મીઠા લીમડાની તીરખી લેવા આવતી. અને મનજી....

સવિતા નાગજીભાઈ સરપંચની દીકરી હતી. મનજીના ઘરથી થોડે દૂર તેનું ઘર આવેલું હતું. નાગજીભાઈ ગામના સરપંચ ઉપરાંત પૈસાદાર પણ હતા. તેને લોંઠકી ખેતી હતી. બે વાડીઓ હતી. વાડીમાં ચોવીસે કલાક મોટર ચાલુ રહે તેટલું પાણી હતું. વર્ષમાં ત્રણ સિઝનનો પાક નાગજીભાઈ લેતા હતા. ખેતીકામ માટે બે-ત્રણ માણસો કાયમી સાથી તરીકે રાખેલા હતા. નાગજીભાઈ ખેતીની દેખરેખ રાખતા. કામ બધું માણસો દ્વારા જ ચાલતું હતું.

બાકીનો સમય એ સ્થાનિક રાજકારણની ખટપટમાં વિતાવતા. તાલુકા અને જિલ્લામાં નાગજીભાઈની સારી પહોંચ હતી. ગામમાં નાગજીભાઈનો પડ્યો બોલ ઝિલાતો હતો. ખેતી એ નાગજીભાઈનો ધંધો. ખેડૂતનું ઘર હતું. માણસોનો વિશાળ સમુદાય હતો.

સાંજે વાળુમાં નાગજીભાઈને કઢી અને રોટલા તો જોઈએ જ. કઢી વિના ફાવે જ નહીં. વર્ષોથી નાગજીભાઈ વાળુમાં કઢીરોટલા ને ખીચડી લેતા. નાગજીભાઈનાં પત્ની મોંઘીબહેન કઢી પણ એવી જ કરતાં. કઢીનો વઘાર એવો કરતાં કે એની સોડમ મનજીના ઘર સુધી પહોંચતી.

ને જ્યારે મનજીના વાડાના મીઠા લીમડાનાં પાન કઢીમાં પડતાં ત્યારે કઢીની મીઠાશ આંગળાં કરડીને ખાઈ જઈએ એવી થઈ જતી.

ગામ આખતે મનજીના વાડામાં જ મીઠો લીમડો હતો. મીઠો લીમડો લેવા ઘણા મનજીના વાડામાં આવતા. એ બધા પોતાની જાતે આવીને લીમડાનાં પાન તોડી જતા. પણ સવિતા આવે ત્યારે મનજી ખુદ હાજર થઈ જતો ને પોતાના હાથે જ લીમડાની તીરખી તોડીને આપતો. સવિતાનો સ્પર્શ થતો ને એ સ્પર્શ મનજી સોણલામાં પંપાળ્યે રાખતો.

મનજી ગરીબ હતો. યુવાન થતાં પહેલાં જ તેના પિતાનું અવસાન થયેલું. મા હતી, ને એ પોતે. મનજી મજૂરીકામ કરતો. ક્યારેક નાગજીભાઈના ખેતરમાં પણ કામે જતો. રહેવા માટે નાનકડું કાચું મકાન હતું. માથે દેશી નળિયાં. મકાનની પછવાડે વાડો. ને એ વાડામાં મીઠો લીમડો.

મીઠા લીમડાને લીધે મનજીને થતું કે ગામને જરૂરિયાત હોય એવી કંઈક ચીજ મારી પાસે છે. ગામ આખાને અહીં લીમડો લેવા આવવું પડતું. મનજી પાસે જાણે ખજાનો હોય તેવો તેને પોરસ થતો. ખૂબ આનંદ થતો. એ આનંદની પરાકાષ્ઠા તો તેને ત્યારે લાગી કે જ્યારથી સવિતા મીઠો લીમડો લેવા આવવા લાગી.

આમ તો સવિતા મીઠો લીમડો લેવા રોજ આવતી જ હશે, ત્યારે મનજી ક્યાં ઘેરે હોય છે? એક દિવસ સવિતા આવેલી. ત્યારે મનજી ક્યાંય કામે ગયો ન હતો ને ઘેર જ હતો.

'મના.. લીમડાની તીર કાપી દેને?'

'તે લઈ લેની... તને લેતાં કાંટા વાગે છે?' મનજી ખિજાઈ ગયો હતો.

સવિતાને મનમાં થયેલું : આ પીટ્યાને ક્યાં વતાવ્યો?

'તું તોડી દેને? મોડું થઈ ગયું છે... ને વાડામાં હું એકલી... કેમ જાઉં...?' સવિતાએ લાચારી દેખાડી.

કંટાળેલા મનજીએ કહ્યું, 'કઢી ખાવી તમારે ને ઉધામા અમારે. લીમડો કાંય અમથો નથી થતો. એને પાણી પાવું પડે છે ને ધ્યાન રાખવું પડે છે...'

'તે હું તને વાટકો કઢી દઈ જઈશ, બસ?' સવિતાએ મનજી સામે જોઈને મોં મલકાવ્યું.

મનજી ઊભો થયો. પાછલા બારણે થઈને વાડામાં આવ્યો. પાછળ પાછળ સવિતા આવી. મનજીએ લીમડાની એક તીરખી કાઢી સવિતાને આપી. સવિતા મનજી સામે જોઈને મલકી. ને મનજીનું હૃદય ધબકારો ચૂકી ગયું.

એ સાંજે સવિતા મનજી માટે કઢીનો વાટકો ભરીને આવી. મનજીને કઢી ખૂબ ભાવી. મનજીને કઢી અંતરમાં વહાલી. બીજે દિવસે મનજી કામ પરથી વહેલો આવી ગયો. સવિતા સંધ્યાટાણે મીઠો લીમડો લેવા આવી.

'કાલની કઢી એટલે કઢી... શું સવાદ હતો!'

સવિતા મલકી 'મેં કરી'તી.'

'એમ? કાંય... સોરમ... કાંય... સોરમ... મેં જિંદગીમાં આવી કઢી પહેલવહેલી ખાધી...' મનજીનું મન કોળી ઊઠ્યું.

'તને ભાવી ?'

'હા, બોવ ભાવી હો, સવી!'

'તો હું તને રોજ દઈ જાશ...' પછી સવિતાએ આંખો ઉલાળી 'પણ મીઠા લીમડા વિના મીઠપ નો આવે હોં! તારે મને મીઠા લીમડાની તીરખી તોડી દેવી પડશે...'

'આવી કઢી ખાવા મળે તો આખો જનમારો હું તીરખી તોડી દઉં...' મનજી બોલી ઊઠ્યો.

ને સવિતાની આંખો અપલક મનજીને તાકી રહી. 'તું સાચું કહે છે?'

'હા, સવી...' તીરખી આપતા મનજીએ સવિતાના હાથ પકડી લીધા. એ સ્પર્શ આછા અંધકારમાં બન્ને માટે અલૌકિક બની ગયો.

રોજ આ સમયે સવિતા લીમડો લેવા આવતી. મનજી હાજર જ હોય. તીરખી તોડી આપતો. સવિતા ને મનજી એકમેકની આંખોમાં તાકી રહેતાં. અચાનક યાદ આવે ત્યારે સવિતા તીરખી લઈને તીરની જેમ ઘર તરફ દોડતી.

એક દિવસ સંધ્યા ટાણે નાગજીભાઈ મનજીના વાડા પાસેથી નીકળ્યા. ને એ જ વખતે સવિતા મીઠો લીમડો લેવા આવેલી. સવિતાના હાથમાં મીઠા લીમડાની તીરખી ને બન્નેની આંખો એકમેકમાં પરોવાયેલી.

પ્રેમનીતરતી નજરે મનજી સવિતાના નમણા મોંને તાકી રહ્યો હતો. ચારે તરફ પક્ષીનો કલરવ હતો. મીઠા લીમડામાં ટોળું વળીને પક્ષીઓ કિલકિલાટ કરતાં હતાં.

'સ..વલી...' એક ભારેખમ અવાજ બન્નેને કંપાવી ગયો. મીઠા લીમડામાં બેઠેલાં પંખીનું ટોળું પણ ફર્‌ર્‌ર્‌ર્‌ કરતુંકને ઊડી ગયું.

'તું અહીં શું કરે છે?' નાગજીભાઈએ ત્રાડ પાડી.

મીઠા લીમડાની તીરખી લઈને સવલી ભાગી છૂટી. મનજી અવાક્ બનીને નાગજીભાઈને તાકી રહ્યો.

'હાહરા..તું આંય કેમ ગુડાણો છો..? મીઠો લીમડો તારા વાડામાં થયો છે તે શું થઈ ગ્યું... હાળા રાંકા?'

મનજી કશું ન બોલ્યો. એ વાડામાંથી તેના ઘરમાં ચાલ્યો ગયો. એનું હૈયું ફફડવા લાગ્યું હતું.

ત્યારના બનાવ પછી સવિતા ક્યારેય વાડામાં મીઠો લીમડો લેવા ન આવી. મનજી વાડામાં એકાદ આંટો મારી જતો. પણ એ દેખાતી નહીં.

મનજીને થયું, આજે સવલી જરૂર આવશે. તે ડૂબતા સૂરજની દિશામાં તાકી રહ્યો.

ત્યાં જ મનજીના વાડાની વાડ ઠેકીને બે જમ જેવા માણસો અંદર કૂદી પડ્યા. તેમના હાથમાં કુહાડા હતા.

'ઉલાળી નાખો ઈ મીઠા લીમડાને... આ બધી મોકાણ ઈ મીઠા લીમડામાંથી જ થઈ છે..' નાગજીભાઈનો ક્રૂરતાભર્યો અવાજ મનજીને થથરાવી ગયો.

પેલા બન્ને માણસો મીઠા લીમડાના થડે કુહાડાના ઘા ઝીંકવા લાગ્યા. મનજીને જાણે શરીરે ઘા પડતા હોય તેટલી વેદના થઈ આવી.

મનજી દોડ્યો. લીમડાના થડને બથ ભરીને ઊભો રહી ગયો. પણ પેલા બન્ને માણસોએ મનજીને ઢસડીને થડથી છૂટો પાડ્યો. ને મનજી પર ઢીકાપાટુનો માર પડવા લાગ્યો. મનજી બેવડ વળી ગયો.

થડમાંથી મીઠા લીમડાને કાપીને પેલા માણસો ચાલ્યા

(અનુસંધાન પૃ.૨૫૬)

ઈન્સેટ - ૨-ઈ

પ્રહ્‌લાદ છ. પટેલ

આઝાદી બાદ ભારતે વિજ્ઞાન અને ટેક્નોલોજિના ક્ષેત્રે પ્રશંસનીય પ્રગતિ કરીને આત્મનિર્ભરતા મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. પરમાણુ રિએક્ટર ટેક્નોલોજિ અને અવકાશસંશોધનના ક્ષેત્રે ભારત નિર્વિવાદપણે વિકસિત દેશોની હરોળમાં છે. પોકરણ પરમાણુ પરીક્ષણ-શ્રેણી અને પ્રક્ષેપાસ્ત્રમાં છેલ્લે છેલ્લે અગ્નિ-૨નું સફળ પ્રક્ષેપણ ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાની સાક્ષી પૂરે છે.

ડૉ. હોમી ભાભાના દુર્ભાગ્યપૂર્ણ અકાળ અવસાન બાદ પરમાણુ ઊર્જાપંચના અધ્યક્ષ તરીકે ડૉ. વિક્રમ સારાભાઈને નિયુક્ત કરવામાં આવ્યા. આ નિયુક્તિ પહેલાં તે પરમાણુ-ઊર્જા પંચના સદસ્ય હતા અને અવકાશવિજ્ઞાન-સંશોધનનો વિભાગ સંભાળતા હતા. થોડાક જ સમયમાં તેમણે અવકાશ-વિજ્ઞાનનાં સંશોધન, કાર્યક્રમો અને ઉપયોગોની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી. નક્કર પરિણામ નજર સમક્ષ આવે તે પહેલાં વિક્રમભાઈનું પણ અણધાર્યું અવસાન થયું, તે છતાં અવકાશસંશોધન અને કાર્યક્રમોની રફતાર તેજ ગતિથી આજે પણ ચાલુ છે.

કેન્દ્ર સરકારના ઉપક્રમે અવકાશ વિભાગ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આજ લગી અવકાશવિજ્ઞાનના ક્ષેત્રે જે સિદ્ધિઓ ઉપલબ્ધ થઈ છે તેને કારણે આધુનિક ટેક્નોલૉજિકલ કાર્યક્રમોનાં વિવિધ પાસાંઓ ઉપર વિધાયક અસાધારણ અસરો થઈ છે. તેનાથી કમ્પ્યૂટર સૉફ્ટવેર (કાર્ય કરવા માટે કમ્પ્યૂટરને આપવામાં આવતી સૂચનાઓની માહિતી)ને કાર્યરત કરવા માટેની ક્ષમતાનું સર્જન શક્ય બન્યું છે. રૉકેટ અને ઉપગ્રહોનાં ક્ષેત્રે છેલ્લાં પચીસ વર્ષથી એકધારી પ્રગતિ ચાલુ રહી છે. ભૂસ્થિર પ્રમોચન વાહન (Geo Stationary Launch Vehicles - GSLV) એ અવકાશવિજ્ઞાનની પ્રગતિનો કીર્તિસ્તંભ છે. વર્તમાન સંદેશાવ્યવહારની ક્ષમતા વધતી જાય છે. મોબાઈલ ટેલિફોન અને ઈ-મેઈલ (કમ્પ્યૂટર નેટવર્ક દ્વારા સંદેશા મોકલવાની પ્રણાલી) એ રોજનો ક્રમ છે. ઈન્ટરનેટની સુવિધા ઠેરઠેર મળી રહે છે. આ બધું અવકાશવિજ્ઞાન અને સંશોધનને આભારી છે.

૧૯૬૩થી શરૂ કરેલ અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રે સંશોધનની લાંબી જોખમકારક યાત્રા (Space Odyssey) દરમિયાન બહુ-હેતુ ઈન્સેટ શ્રેણી-૧ અને શ્રેણી-૨, રાષ્ટ્રવ્યાપી સંદેશાવ્યવહાર, મોસમવિજ્ઞાનને લગતી સેવાઓ અવિરતપણે આપે છે, ઉપરાંત ભારત દૂર સંવેદન ઉપગ્રહોની શ્રેણી વડે પ્રાકૃતિક સંસાધનોના પ્રબંધ માટે સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે.

ઈન્સેટ-૧ શ્રેણીનો પ્રારંભ ૧૯૮૧થી શરૂ થયો. તેમાં સંદેશાવ્યવહાર ક્ષેત્રે બહુહેતુ ઈન્સેટ-૧બીને ભૂસ્થિર કક્ષામાં ગોઠવીને (ભૂસ્થિર કક્ષા ઉપગ્રહ માટેની એવી કક્ષા છે જેમાં ભ્રમણ કરતો ઉપગ્રહ પૃથ્વી ઉપર ઊભેલ વ્યક્તિને સ્થિર દેખાય છે.) કીર્તિસ્તંભ તૈયાર કર્યો હતો. અવકાશવિજ્ઞાન દ્વારા મળતી સેવાઓનું તે સીમાચિહ્ન છે. ત્યાર બાદ સંપૂર્ણપણે સ્વદેશી સાધનો અને ભારતીય વિજ્ઞાનીઓ અને ઇજનેરોએ તૈયાર કરેલી ઈન્સેટ-૨ શ્રેણી ખૂબ જ વ્યવહારદક્ષ પુરવાર થતી જાય છે. બીજી શ્રેણીના અંતિમ સભ્ય ઈન્સેટ - ૨-ઈનું તાજેતરમાં સફળ પ્રક્ષેપણ કરવામાં આવ્યું છે. બંને શ્રેણીઓ અને દૂરસંવેદન ઉપગ્રહોની કાલક્રમાનુસાર માહિતી નીચે પ્રમાણે છે :

ઉપગ્રહ	તારીખ	હેતુ	પરિણામ
આર્યભટ્ટ	૧૯-૪-૭૫	વૈજ્ઞાનિક	સફળ
ભાસ્કર-૧	૭-૬-૭૯	ભૂમિનિરીક્ષણ	સફળ
રોહિણી	૧૦-૮-૭૯	ભૂમિનિરીક્ષણ	નિષ્ફળ
રોહિણી	૧૮-૭-૮૦	ભૂમિનિરીક્ષણ	સફળ
રોહિણી	૩૧-૫-૮૧	વૈજ્ઞાનિક	સફળ
એપલ	૧૯-૬-૮૧	દૂરસંચાર	સફળ
ભાસ્કર-૨	૨૦-૧૧-૮૧	ભૂમિનિરીક્ષણ	સફળ
ઈન્સેટ-૧એ	૧૦-૪-૮૨	બહુહેતુ	નિષ્ફળ
રોહિણી	૧૭-૪-૮૩	વૈજ્ઞાનિક	સફળ
ઈન્સેટ-૧બી	૩૦-૮-૮૩	બહુહેતુ	સફળ
શ્રોસ-૧	૨૪-૩-૮૭	ટેક્નોલૉજિ	નિષ્ફળ
આઈ.આર. એસ.-૧એ	૧૭-૩-૮૮	દૂરસંવેદન (રિમોટ સેન્સિંગ)	સફળ
શ્રોસ-૨	૧૩-૭-૮૮	ટેક્નોલૉજિ	નિષ્ફળ
ઈન્સેટ-૧સી	૨૧-૭-૮૮	બહુહેતુ	નિષ્ફળ
ઈન્સેટ-૧ડી	૧૨-૬-૯૦	બહુહેતુ	સફળ
આઈ.આર. એસ.-૧બી	૨૯-૮-૯૧	રિમોટ સેન્સિંગ	સફળ
શ્રોસ-૩	૨૦-૫-૯૨	વૈજ્ઞાનિક	સફળ
ઈન્સેટ-૨એ	૧૭-૭-૯૨	બહુહેતુ	સફળ
ઈન્સેટ-૨બી	૨૩-૭-૯૩	બહુહેતુ	સફળ
આઈ.આર. એસ.-૧ઈ	૨૦-૯-૯૩	રિમોટ સેન્સિંગ	નિષ્ફળ
શ્રોસ-૪	૪-૫-૯૪	વૈજ્ઞાનિક	સફળ
આઈ.આર. એસ.-પીર	૧૫-૧૦-૯૪	રિમોટ સેન્સિંગ	સફળ
ઈન્સેટ-૨સી	૭-૧૨-૯૫	ટેલિકોમ.	સફળ
આઈ.આર. એસ.-૧સી	૨૮-૧૨-૯૫	રિમોટ સેન્સિંગ	સફળ
આઈ.આર. એસ.-પીૅ૩	૨૧-૩-૯૬	રિમોટ સેન્સિંગ	સફળ
ઈન્સેટ-૨ડી	૪-૬-૯૭	ટેલિકોમ	નિષ્ફળ
આઈ.આર. એસ.-૧ડી	૨૯-૯-૯૭	રિમોટ સેન્સિંગ	સફળ
ઈન્સેટ-૨ઈ	૩-૪-૯૯	બહુહેતુ	સફળ

ઉપર્યુક્ત માહિતીને આધારે લગભગ ૮૦% પ્રક્ષેપણોમાં સફળતા મળી છે. આ સફળતા ઘણી નોંધપાત્ર છે. અમેરિકા અને રશિયા જેવા દેશોને પણ નિષ્ફળતાઓ મળેલી છે. ભારતને મળેલી ૮૦% સફળતા તેની સ્વનિર્ભરતા, ક્ષમતા અને વૈજ્ઞાનિક આવડતની પ્રતીતિ કરાવે છે.

ઇન્સેટ-૨ શ્રેણીના છેલ્લા સભ્ય એવા ઈન્સેટ-૨-ઈનું ફ્રેન્ચ ગુયાનાના કુરુઉડ્ડયન મથકેથી ભારતે સફળ પ્રક્ષેપણ કરી ભારતના અવકાશ-વિજ્ઞાનના ઇતિહાસમાં એક પીછું ઉમેર્યું છે. ઈન્સેટ-૨-ઈને તૈયાર કરવામાં રૂ.૨૨૦ કરોડનો ખર્ચ થયો છે. આ ઉપગ્રહ સંપૂર્ણપણે સ્વદેશી બનાવટનો છે. અને તે ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન(ઈસરો)ના વિજ્ઞાનીઓ-ઇજનેરોએ તૈયાર કર્યો છે. યુરોપના એરિયાન રોકેટે ૩-૪-૯૯ના રોજ અંતરિક્ષમાં આ ઉપગ્રહને તરતો મૂક્યો. આ રોકેટ બે ઘન નોદક અભિવર્ધક (સૉલિડ પ્રોપેલન્ટ બૂસ્ટર) ધરાવતું મહાકાય તંત્ર છે. પ્રમોચનની સાથે જ તેણે પૂર્વનિર્ધારિત માર્ગ તરફ ગતિ ચાલુ કરી હતી. ત્યાર બાદ એટલાન્ટાથી આફ્રિકાના કેન્યા તરફ વળાંક લીધો. દશ્ય ઉડ્ડયન બાદ બરાબર ૨૧ મિનિટ પછી ઇન્સેટ-૨-ઈ રૉકેટમાંથી છૂટો પડ્યો.

આ ઉપગ્રહ વિવિધ હેતુઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે. તેનું આયુષ્ય ૧૨ વર્ષનું છે. તેનો વ્યાપારી ધોરણે પણ ઉપયોગ થનાર છે. તાજેતરમાં જ ઈન્સેટ-૨-ઈની ૮૦% ક્ષમતાનું તો વૉશિંગ્ટન ખાતે સ્થિત એવા ૮૪ દેશોના કૉન્સોર્ટિયમ ઇન્ટેલસેટ (International Telecommunication Satellite Consortium)ને ૧૦ કરોડ અમેરિકન ડૉલરમાં વેચાણ થયું છે. ઇન્ટેલસેટ એ દુનિયાવ્યાપી સંગઠન છે જે ઉપગ્રહ દ્વારા થતા સંચારણનું નિયંત્રણ કરે છે.

આપણા ઉપગ્રહ માટે પહેલી વાર આ વિદેશી ગ્રાહક છે. ઇન્ટેલસેટ એશિયાપ્રશાંતના વિસ્તારમાંથી તેની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઇન્સેટ-૨-ઈના ૧૭ પૈકી ૧૧ ટ્રાન્સપોન્ડરનો [ટ્રાન્સપોન્ડર એ સંદેશો (સંકેત) ગ્રહણ કરનાર અને મોકલનાર (ગ્રાહી અને પ્રેષક) સંયુક્ત પ્રણાલી છે.] ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.વિદેશી ગ્રાહકોને ઈન્સેટ-૨-ઈ પટા (લીઝ) પર આપવાની સાથેસાથે ઈસરો ઉપગ્રહ ઉત્પાદક તથા વૈશ્વિક ટેલિકૉમ વેપારમાં પોતાના પ્રવેશનો અણસાર આપે છે. તે રીતે ભારતે ઈસરો દ્વારા અવકાશવિજ્ઞાનના ઇતિહાસમાં નવા પ્રકરણનો ઉમેરો કર્યો છે. થોડાક જ દિવસોમાં તે વેપારી ધોરણે કામગીરી શરૂ કરશે.

ઇન્સેટ-૨-ઈની ભ્રમણકક્ષા નીચે એશિયા અને ઑસ્ટ્રેલિયાના બધા દેશોનો સમાવેશ થાય છે. તેની ભ્રમણકક્ષા અંડાકારની છે. ભ્રમણ કરતાં કરતાં તે પૃથ્વીથી નજીકમાં નજીક ૨૫૦ કિલોમીટર અને દૂરમાં દૂર ૩૬૧૫૫ કિલોમીટર રહેશે. ઉપગ્રહને ક્રમશઃ વિષુવવૃત્તથી ૩૫૭૯૦ કિલોમીટરના અંતરે આવેલી ભૂસ્થિર કક્ષામાં સફળતાપૂર્વક મૂકવામાં આવ્યો છે. ભૂસ્થિર ભ્રમણકક્ષામાં મૂકવા માટે તેની મોટરનો ચાર તબક્કામાં વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. આમ, આ મોટરે સક્ષમ કામગીરી બજાવી છે.

ઇન્સેટ-૨-ઈ હાલમાં ૭૮° પૂર્વ રેખાંશે ગોઠવાયેલો છે અને ૮૩° પૂર્વ રેખાંશના તેના અંતિમ નિર્ધારિત સ્થાન તરફ ધીમે ધીમે આગળ ધપી રહ્યો છે. આ રીતે ઉપગ્રહ એપ્રિલ (૧૯૯૯)ના અંત સુધીમાં નિર્ધારિત સ્થાને ગોઠવાઈ જશે.

હસન (કર્ણાટક) ખાતેનું માસ્ટર કંટ્રોલ ફેસિલિટી મથક ઇન્સેટ-૨-ઈ ઉપર રેડિયો તરંગો દ્વારા નિરંતર ધ્યાન રાખે છે.

ઇન્સેટ-૨-ઈની સફળ કામગીરી બાદ ઈસરોએ ઇન્સેટ-૩ની શ્રેણીનું આયોજન કરી દીધું છે. ટેલિફોન અને ડેટા-ટ્રાફિકને પહોંચી વળવા માટે ક્ષમતા વધારવા આ શ્રેણી દ્વારા વધુ પાંચ ટેલિકૉમ ઉપગ્રહો છોડવામાં આવશે. ઇન્સેટ-૩-એ બહુહેતુ હશે. આ ઉપગ્રહ દૂરસંચાર, તપાસ અને બચાવની કામગીરી સાથેસાથે હવામાનને લગતી માહિતી આપશે. ઈન્સેટ-૩-સી દૂરસંચાર સેવાઓને સમર્પિત હશે. □

અનુસંધાન] નવા અંકુર [પૃ.૨૫૪થી

ગયાં. મીઠા લીમડાની ડાળિયો ફસડાઈને જમીન પર ઢગલો થઈને પડી હતી.

ખેતરમાં મજૂરીકામે ગયેલી મનજીની મા આવી. મનજી વાડામાં પડ્યો પડ્યો કણસતો હતો. મીઠો લીમડો કપાઈને ઢગલો થઈને પડ્યો હતો.

'દીકરા...મના...' માના અંતરમાંથી ચિત્કાર ઊઠ્યો. 'આ...આ...લીમડો કોણ્યે કાપ્યો? અને તારી આ હાલત...' માની આંખો રડી ઊઠી.

'નાગજીભાઈ,... સરપંચે...' કણસતો કણસતો મનજી બેઠો થયો. 'પણ...મા...મારો મીઠો...લીમડો...'

માએ મનજીનું લોહીનીતરતું કપાળ સાડલાના છેડાથી લૂછ્યું. હાથનો ટેકો આપીને મનજીને ઊભો કર્યો. મનજી મીઠા લીમડાના ઢગલાને તાકી રહ્યો. તેના હૈયામાં અપાર વેદના થઈ આવી. 'મા, મારો મીઠો લીમડો...'

'આટલું નાનું સુખ... મોટાની આંખમાં ખટકતું હતું એટલે ઝૂંટવી લીધું. પણ દીકરા... તેને પાણી પાજે. હજી તેનાં મૂળ રહી ગયાં છે... હજી કોળશે... નવા અંકુર ફૂટશે...' માએ મનજીની પીઠે હાથ ફેરવ્યો.

મનજીએ વાડની પેલી તરફ નજર નાખી. સવિતા વાડની પેલી તરફ ઊભી ઊભી આંસુ સારતી હતી. મનજીની હાલત જોઈને તે ત્યાં વધુ ન રોકાઈ શકી. ઓઢણીના છેડાથી આંસુ લૂછીને એ ચાલી ગઈ.

મનજીનો હાથ પકડીને તેની મા તેને ઘરમાં દોરી ગઈ... 'નવા અંકુર લાગશે.. દીકરા.. તું પાણી પાજે...' □

તિબેટ-પ્રવાસની નવી લેખમાળા

સંમુખ સાગરમઠ

— પ્રીતિ સેનગુપ્તા —



અનિકટનાં વિચરણ

ઈ.૧૨૫૦ના વર્ષમાં નિકોલો અને માફેઓ નામના બે પ્રતિષ્ઠિત તથા સુશિક્ષિત ભાઈઓ પોતાના એક વહાણમાં અનેક જાતની આકર્ષક ચીજ-વસ્તુઓ ભરી વેનિસથી નીકળી પડ્યા. કોન્સ્ટેન્ટિનોપલ પહોંચી એ બધું વેચ્યું, એ પૈસામાંથી મોંઘાં રત્નો ને આભૂષણો ખરીદ્યાં, અને બૉસ્ફરસમાં થઈ 'બ્લૅક સી' કહેવાતા દરિયામાં પ્રવેશ્યા. એને સામે કિનારેથી ઘોડાઓ પર સામાન લાદી ઘણા દિવસો પછી અસિરિયાના પ્રદેશોમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજવીનું આતિથ્ય માણતા એ બંને ભાઈઓ ત્યાં એક વર્ષ રહ્યા. એ રાજવીએ એમને પેલાં રત્નાભૂષણોના બમણા પૈસા આપ્યા, એટલું જ નહીં, પણ કીંમતી ઘણી ભેટો પણ બંનેને આપી.


ઘેર પાછા ફરવાની ઇચ્છા ભાઈઓને થવા માંડેલી, પણ એ રાજવી અને બીજા નજીકના પ્રદેશના તાર્તાર આગેવાન સાથે યુદ્ધ ફાટી નીકળ્યું. જે રસ્તે આવ્યા હતા તે રસ્તે નિકોલો અને માફેઓ પાછા જઈ શકે તેમ ન હતા, તેથી ઘણું ફરી ફરીને - પર્વતો, નદીઓ, રણ વળોટીને, સમરકંદ અને બુખારા જેવાં શહેરોમાં થતા થતા - એમને જવું પડ્યું. આવાં ઘણાં સ્થાને એ લોકો લાંબું રહેતા પણ ગયા, અને તાર્તાર ભાષા પણ બરાબર શીખી ગયા. છેક ઈટલીથી આવતા હોઈ એ બંનેમાં ત્યાંનાં લોકોને ખૂબ રસ પડતો હતો. આ જ કારણે, મહાસમ્રાટ જેવા મોન્ગોલ વીર કુબ્લાઈ ખાન પણ એમને મળીને, એમની સાથે વાતચીત કરીને ખૂબ ખુશ થયા હતા, અને રોમન સામ્રાજ્યના રાજા-મહારાજાઓ વિષે જાણવા પામ્યા હતા. ખ્રિસ્તી ધર્મ તથા નામદાર પોપના ધાર્મિક નિયમન અંગેની કુબ્લાઈ ખાનની ઘણી પૃચ્છાઓના ઉત્તર પણ એ ભાઈઓએ સંતોષકારક રીતે આપ્યા. અંતે જ્યારે ઘર તરફ-સ્વદેશ તરફ જવા બંને ઉદ્યત થયા ત્યારે માર્ગમાં એમને અનેક કઠિનાઈઓનો સામનો કરવો પડ્યો, અને બીજાં ત્રણ વર્ષ નીકળી ગયાં.

આમ કરતાં કરતાં છેવટે બંને પાછા વેનિસ પહોંચ્યા. એ દરમિયાન કેટલાયે વર્ષો નીકળી ગયેલાં, ને કેટલાયે ફેરફાર થઈ ગયેલા. નિકોલોની પત્ની મૃત્યુ પામેલી. એ બેજીવી હતી ત્યારે નિકોલો એ સાહસી સફરે નીકળી પડેલો. પોતાના એકના એક પુત્ર સાથે નિકોલોનું પ્રથમ મિલન થયું ત્યારે પુત્ર ઓગણીસ વર્ષનો થઈ ચૂક્યો હતો. એ પુત્રનું નામ હતું માર્કો. પિતાની અટક સાથે એનું પૂરું નામ માર્કો પોલો થતું હતું.


સાહસી સફરો કરનાર તરીકે, અને વિગતપૂર્ણ સફરનામાના લખનાર તરીકે માર્કો પોલો, તેરમી સદીથી સર્વદાને માટે, વિશ્વમાં સર્વત્ર અમર અને નામચીન બનીને રહ્યા છે. સાહસ માટેનું મનોબળ અને સફરનો શોખ માર્કો પોલોને પહેલેથી વારસામાં મળ્યાં હશે, પણ એની સફરનુમા જિંદગીની શરૂઆત પિતા અને કાકા સાથે વીસ-એકવીસ વર્ષની વયે થઈ. પછી તો માર્કો પોલો ક્યાંના ક્યાં ના ગયા - આજનાં યુરોપ, પર્શિયા, ભારત, ચીન, તિબેટ, એશિયા, રશિયા, તુર્કસ્તાન અને મડાગાસ્કાર, ઝાંઝીબાર વગેરે અનેક સ્થાનોમાં એ ફર્યા, અને રાજાઓ, અમલદારો, વિદ્વાનોને મળતા ગયા. સ્વભાવની સારપ અને સહજ બાહોશીને કારણે સર્વત્ર એ આદર તથા આવકાર પામતા રહ્યા.

તેરમી સદીનો કાળ. મુશ્કેલીઓ અને અગવડોનો તો પાર નહીં, પણ માર્કો, એના પિતા અને એના કાકા ક્યારેય જોખમથી ગભરાયા નહીં કે તકલીફોથી નાસિપાસ થયા નહીં. અત્યંત ક્રૂર યોદ્ધા ગણાતા કુબ્લાઈ ખાનના દરબારમાં એ ત્રણેય અનોખું સ્થાન પામ્યા હતા, અને ખાનની મંજૂરી તેમજ સહાય સાથે ત્રીસ ત્રીસ વર્ષ સળંગ દુનિયા આખીમાં ફરતા રહ્યા હતા.

જ્યારે ભારતના પર્વતો પ્રગાઢ જંગલોથી છવાયેલા હતા



તિબેટની ત્સાંગ્પો નદીમાં જતી એક નૌકા..૧૧મી સદીનું રેખાંકન



કમ્મરે તલવારે બાંધીને જતા તિબેટી ઘોડેસવારો... ૧૧મી સદીનું રેખાંકન

અને એમાં કેડીઓ પણ ભાગ્યે જ પડેલી હશે એવા કાળમાં મારાં માતાપિતા અને મોટાં બહેન-ભાઈઓ, પણ હિમાલયમાં તીર્થયાત્રાએ નીકળેલાં. સાથે નોકર-ચાકરોનો રસાલો રાખેલો, ને એ રીતે અનેક અગવડોની વચ્ચે થોડી સગવડો એમને મળતી રહી હશે ને છતાં, એમનું આ પ્રયાણ અગ્રગામી અને અતિવિશિષ્ટ હતું તેમાં શંકા ના હોઈ શકે. પ્રયાણનો પરમ પ્રેમ મને વારસામાં મળ્યો છે, તે પણ એટલું જ નિઃશંક છે. એ કેવળ શોખ નથી, ને સાહસની ગાંડી ઘેલછા પણ એ નથી જ. ધીરે ધીરે કરતાં મારી પ્રવાસ-પ્રવૃત્તિ કશો સ્પષ્ટ આકાર અને ઊંડો અર્થ પામતી આવી છે. ઉપરાંત અનેકવિધ સગવડોના આ જમાનામાં પણ મારું મન થોડી અગવડો પામવા તરફ ખેંચાયા કરતું હોય છે. મને જરૂરી હોય તે રીતે નહીં, પણ સ્થાન જે આપી શકે તે રીતે ભ્રમણ કરવાથી જ હું એનો સાક્ષાત્કાર પામી શકું છું.

અગવડો હશે, સાહસ હશે, વિશ્વમાં પરિભ્રમણ પણ હશે, પરન્તુ સુવિખ્યાત, સુવિદિત આદ્ય-પ્રવાસી માર્કો પોલો જેવું સૌભાગ્ય તો મારું નથી જ નથી ! સાતસો વર્ષ પહેલાંના વિચરણનાં વર્ણન વાંચીને આજે પણ વિસ્મયવિભોર થવું સાવ સહેલું લાગે છે. જમાનો આખો બદલાઈ ગયો, સર્વ જગ્યાઓ અને અગણ્ય નામો પણ બદલાઈ ગયાં, પણ માર્કો પોલોના સફરનામાની અગત્ય તથા એનું આકર્ષણ એનાં એ જ રહ્યાં છે.

મને થાય કે મારી બધી મહત્ત્વની યાત્રાઓ વિષે લખવાની શરૂઆત એક એક મહાપ્રવાસીના નામોચ્ચારણથી કરું, ને તેથી જ મેં અહીં ઉદ્‌ઘોષિત કર્યું માર્કો પોલોનું નામ. જ્યાં જવાની મારી મહેચ્છા યત્કિંચિત અંશે સંતોષાવાની હતી તે દુર્ગમ્ય પ્રદેશ તે તિબેટ. અનેક દેશો-પ્રદેશોમાં થતા, વસતા, પસાર થતા માર્કો પોલો જ્યારે 'નિર્જન, વેરાન દેશ તેબેથ'માં પહોંચે છે ત્યારે મૉંગોલ સૈન્યોથી એ તારાજ અને ઉજ્જડ થઈ ગયેલો છે. એ લખે છે, 'એવા એક વેરાન પ્રદેશમાં થઈને તમે વીસ દિવસ મુસાફરી કરો છો. નથી મળતી ત્યાં ધર્મશાળા કે નથી મળતાં સીધું-સામાન. ત્રણ કે ચાર દિવસને અંતરે જો એવું કશું કદાચ દેખાઈ જાય તો તમે જરૂરી ચીજ-વસ્તુઓ પાછી ભરી લઈ શકો. આટલા વખત પછી તમને પર્વતનાં શિખરો પર કે પથરાળ ઊંચાઈ પર બાંધેલાં ગામો ને કિલ્લાઓ નજરે ચડવા માંડે છે, ને છેવટે તમે એક વસ્તીવાળા અને વિકસેલા વિભાગમાં પ્રવેશો છો જ્યાં હવે જંગલી પ્રાણીઓની વિપદ નથી.'

નિયમો ને વર્તાવ, ધાર્મિક આચાર, પહેરવેશ, આહાર, ભાષા ઇત્યાદિ; અને આગળ લખે છે, 'આ પ્રજા સિક્કાનો વપરાશ કરતી નથી, મહાન ખાનના કાગળ-નાણાનો પણ નથી કરતી, પણ એ માટે પરવાળાંના ટુકડા અને મણકા વાપરે છે. પહેલાંના જમાનામાં આ દેશ એવો સામર્થ્યવાન હતો કે એમાં જુદાં જુદાં આઠ રાજ્યો હતાં, ને એ દરેકમાં ઘણાં શહેર અને મહેલ-કિલ્લા બનાવાયેલા હતા. એનાં નદી, તળાવો અને પર્વતો અગણ્ય છે. એની નદીઓ સુવર્ણ-રજથી ભરપૂર જોવા મળે છે. અને પરવાળાં, આગળ જણાવ્યા પ્રમાણે, ફક્ત નાણાં તરીકે જ નહીં, પણ સ્ત્રીઓનાં તથા દેવોનાં આભૂષણ તરીકે પણ વપરાતાં દેખાય છે.' તેબેથના

(અનુસંધાન પૃ.૨૭૪)



મધ્ય તિબેટમાંથી મળેલું, ૧૩મી સદીનું, એક ધર્મગુરુનું ચિત્ર

સંગીતશાસ્ત્ર - ૨૫

ડૉ. હસુ યાજ્ઞિક

ગાયકના દોષ

ગાયકના ગુણની જેમ સંગીતશાસ્ત્રે ગાયકના વિવિધ પ્રકારના દોષોની પણ ચર્ચા કરી છે. ગુણ એ કેળવવાની, પ્રાપ્ત કરવાની અને સ્વાધ્યાયે આત્મસાત્ કરવાની પ્રવૃત્તિ છે, તો દોષ સાધક માટે સાવધાન રહેવાની બાબત છે. કલાની સાધનાનું પરિણામ મેળવવામાં સ્થૂલસૂક્ષ્મ અનેક બાબતો સંકળાયેલી હોય છે અને એના પર સતત જાગૃત દૃષ્ટિ રાખીને જ કલાકાર ધાર્યું પરિણામ મેળવી શકે છે. જો સાધક આરંભથી જ આવા દોષોના સંભવથી પરિચિત ન હોય, તો સાધનાના તબક્કે જ એનામાં આવા કેટલાક દોષ એટલા તો દૃઢમૂળ બને છે કે પછી તેનાથી મુક્ત થવું મુશ્કેલ બને છે. આથી સંગીતકલાના ગાયક કે વાદકે જેમ ગુણથી પરિચિત થવું જરૂરી છે, તેમ દોષ વિશે પણ જાણી લઈને સાવધ બનવું જરૂરી છે. આ ગુણ અને દોષની ચર્ચા ગાયકને જ દૃષ્ટિમાં રાખીને કરવામાં આવી છે, પરંતુ તે કેવળ ગાયક પૂરતી મર્યાદિત નથી. સંગીતના વાદક કલાકારને પણ તે કેટલેક અંશે લાગુ પડે છે.

સંગીત મોહિનીરૂપ છે અને એનું એ રૂપ અદોષ હોય તો જ પૂરું સામર્થ્યથી પ્રકટે છે. 'લક્ષ્યસંગીતશાસ્ત્ર'નું વિધાન છે :

સંગીતં મોહિનીરૂપમિત્યાહુઃ સત્યમેવ તત્
યોગ્યરસભાવભાષારાગપ્રભૃતિસાધનૈઃ
ગાયકઃ શ્રોતૃમનસિ નિયતં જનયેત્ ફલમ્

સંગીત મોહિનીરૂપ છે એમ કહેવાય છે, તે સાચું છે. યોગ્ય રસ, ભાવ, ભાષા, રાગ વગેરે સાધન દ્વારા ગાયક શ્રોતાના મનમાં આ સૌન્દર્યયુક્ત મોહિનીરૂપને જન્મ આપે છે. આ 'યોગ્ય' વિશેષણમાં જ તેનું અદોષ, શુદ્ધ અને પ્રમાણસર એવું સ્વરૂપ અને તત્ત્વસંયોજન નિહિત છે. એનું જો સ્વરૂપ ન જળવાય તો પણ એ મોહિનીરૂપ ન બને અને એમાં પ્રમાણભાન જો ન જળવાય તો પણ એ ધાર્યું પરિણામ ન આપે. આથી ઔચિત્ય જ સર્વકલાનો પ્રાણ છે. એ જો ન જળવાય તો ધાર્યો રસ તો ન જન્મે, પરંતુ હાસ્યરસ જરૂર પૂરો પાડે.

'લક્ષ્યસંગીતશાસ્ત્ર'માં આથી જ કહેવાયું છે :

ભાષાઅવ્યક્તા હાવભાવાઃ પ્રતીયન્તે વિસંગતાઃ
વ્યસ્તાશ્ચેષ્ટાસ્તથાઅક્રોશાઃ કેવલમ્ કર્કશા મતાઃ
એતાદગ્ગાયાનાન્નસ્યાત્ પરિણામો હ્યભીપ્સિતઃ
તતો હાસ્યરસસ્યૈવ કેવલમ્ સ્યાત્ સમુદ્ભવઃ

ભાષા અવ્યક્ત અને હાવભાવ વિસંગત હોય તો સંગીત રજૂ કરવાની ચેષ્ટા વ્યસ્ત આક્રોશ અને કર્કશતામાં જ પરિણમે છે. આવા પ્રકારના ગાયનથી ઇચ્છેલું સૌન્દર્યનિર્માણનું, રસાનુભવનું પરિણામ તો બાજુએ રહ્યું, કેવળ હાસ્યરસ જ જન્મે છે. અર્થાત્ આવી ચેષ્ટા રસરૂપ બનવાને બદલે હાસ્યાસ્પદ બનાવે છે.

આવી બાબતો કેટલી છે અને કઈ કઈ છે તેનો સ્પષ્ટ નિર્દેશ 'સંગીતરત્નાકર' આપે છે :

સંદષ્ટોદ્‌ધૃષ્ટસૂત્કારિભીત શંકિતકમ્પિતાઃ,
કરાલી વિકલઃ કાકી વિતાલકરભોદ્વડાઃ.
ઝોંબકસ્તુંબકી વક્રી પ્રસારી વિનિમીલકઃ,
વિરસાયસ્વરાવ્યક્તસ્થાનભ્રષ્ટા વ્યવસ્થિતાઃ.
મિશ્રકોઅનવધાનશ્ચ તથા અન્યઃ સાનુનાસિકઃ,
પંચવિંશતિરિત્યેતે ગાયકા નિંદિતા મતાઃ.

સંદષ્ટ, ઉદ્‌ઘૃષ્ટ, સૂત્કારી, ભીત, શંકિત, કમ્પિત, કરાલી, વિકલ, કાકી, વિતાલ, કરભ, ઉવ્દડ, ઝોંબક, તુંબકી, વક્રી, પ્રસારી, નિમલીક, વિરસ, અપસ્વર, અવ્યક્ત, સ્થાનભ્રષ્ટ, અવ્યવસ્થિત, મિશ્રક, અનવધાન અને સાનુનાસિક એ પચ્ચીસ પ્રકારના અવગુણ ગાયક માટે નિંદાપાત્ર છે.

અહીં મુખ્યત્વે (૧) શારીરિક ચેષ્ટા, (૨) વોઇસકલ્ચર, (૩) રાગસ્વરૂપ અને સ્વરશ્રુતિ તથા તાલજ્ઞાન, એની (૪) રજૂઆત, (૫) ઉચ્ચાર અને (૬) માનસિક પરિસ્થિતિ કે મનોદશાને દૃષ્ટિમાં રાખીને આ ૨૫ અવગુણો દર્શાવ્યા છે.

૧. સંદષ્ટ એટલે દાંત ભીંસીને ગાનારો. આ દોષ શારીરિક ચેષ્ટા પરત્વે છે. દાંત ભીંસીને ગાવું અદર્શનીય તો છે જ તે સાથે જ ઉચ્ચાર અને મોડ્યૂલેશન વગેરે પર એની અસર પડે છે અને એ રીતે વોઇસકલ્ચરની દૃષ્ટિએ પણ આ બચવા જેવું ભયસ્થાન છે.

૨. ઉદ્‌ઘૃષ્ટ એટલે રસવિહીન અને ચિત્કારપૂર્ણ ગાન. આનો સંબંધ પણ વોઇસકલ્ચર સાથે છે. ટોનોલૉજિ કે ટોનકન્ટ્રોલના અભાવથી આ દોષ જન્મે છે. ભાવાનુરૂપ અવાજનું વૉલ્યૂમ વધેઘટે, એ ક્યારેક સિંહની ગર્જનાનો આધાર લે તો ક્યારેક ક્યારેક કાનમાં કહેવાતી મીઠી છૂપી વાતનું હળવું ગુંજન કે મંદમંદ આક્રંદનું સ્વરૂપ લે. આ બન્ને પ્રકારો ગાયક તેના ભાવને વ્યક્ત કરવા માટે યથાનુરૂપ હોય તે જાણી ઔચિત્યથી પ્રયોજે છે. અકારણ જ જો ગળામાં, સ્વરમાં કેટલી તાકાત છે તેના પ્રદર્શન માટે ગાયક સિંહગર્જના કરે તો મૂળ ભાવને જ હાનિ પહોંચે છે. આમ, કયો ભાવ કઈ રીતે પુરસ્કૃત અને મુખરિત કરવાનો છે, એના વિવેક વગર જ

જો ગાયક કે વાદક એનો અવાજ અકારણ નાનો કે મોટો કરે તો તે ઉદ્ઘૃષ્ટથી દૂષિત બને છે. અહીં વૉઈસકલ્ચર સાથે સંકળાયેલ ટોનાલિટીનું જ ધોરણ જોઈ શકાય છે.

૩. સૂત્કાર એટલે સિસકારા સાથેનું ગાન. શ્વાસ પર જો લેવા-મૂકવાનો કાબૂ ન હોય તો એના સિત્કાર શ્રુતિમાં ભળે અને કર્કશ બને. જે જમાનામાં માઈકનો ઉપયોગ ન હતો એ જમાનામાં પણ અનિયંત્રિત શ્વસનક્રિયા અને ઉચ્ચારણ સંગીતમાં આવા-આટલા જરૂરી મનાયાં હોય તો આજના જમાનામાં, જ્યારે ધીમામાં ધીમો શ્વાસ પણ સેન્સિટિવ માઈક્રોફોન છટકવા ન દેતું હોય ત્યારે, આ દોષથી બચવાનું ગાયક અને વાદક માટે કેટલું અગત્યનું છે, એ સહેજે સમજી શકાશે. આ અવગુણ ગાયકનો સિત્કાર પરત્વે છે તેટલો વાદકનો ગજ કે મિજરાબના અનૈચ્છિક ઘર્ષણ પરત્વે છે. ગજ, મિજરાબ કે અંગુલિચાલનનું મહત્ત્વ પણ વાદક માટે તો ગાયકની શ્વસનક્રિયા જેટલું જ છે. ગજ, મિજરાબ કે આંગળીનો દબાવ, હેમરિંગ વગેરેમાં જો વાદક પૂરું નિયંત્રણ કરી ન શકે તો એનું વાદન પણ અણગમતી શ્રુતિઓને સંગીતમાં સામેલ કરીને દોષરૂપ બને છે.

૪. ભીય એટલે ભયભીતપણું, આત્મવિશ્વાસનો અભાવ. આ મનઃસ્થિતિ સાથે સંકળાયેલો ગાયકવાદકનો દોષ છે. સંગીતકારે રમતવીરની જેમ જ પૂરા આત્મવિશ્વાસ અને સામર્થ્યથી પોતાની ક્રિયા કરવાની હોય છે. ક્યાંક ખૂલીને, મુખરિત બનીને એને ગાવા-વગાડવાનું છે, ક્યાંક અત્યંત મૃદુ અને સૂક્ષ્મરીતનું ભરતકામ કરવાનું છે. એમાં સ્વરની ક્રિયા હોય, લય અને તાલની ક્રિયા હોય. જો કલાકારમાં પૂરો આત્મવિશ્વાસ ન હોય, પૂરી હિંમત ન હોય તો એ ભયભીત મનોદશામાં પોતાની કલાને ખીલવી નથી શકતો. આવી ભયભીત મનોદશાથી જ કલાકાર ધાર્યું સાહસ કરી શકતો નથી અને પૂરેપૂરો ખૂલીને અને ખીલીને પોતાની કલાના સાધનનો સામર્થ્યપૂર્ણ ઉપયોગ કરી શક્તો નથી. ગાયનવાદન કંઈ દબાતા,ગભરાતા, ખોડંગાતા કરવાની પ્રવૃત્તિની નથી, પરંતુ આત્મવિશ્વાસપૂર્વક જ દાવ ખેલી લેવાની ભૂમિ છે.

૫. શંકિત એટલે પોતાની જ શક્તિ વિશે, ધાર્યું પરિણામ મેળવી શકવાના સામર્થ્ય વિશે અશ્રદ્ધા. આ પણ ગાયક-વાદકની મનોદશા સાથે જ સંકલાયેલો દોષ છે. ભીતિ અને શંકા એ રીતે એક જ સિક્કાની બે બાજુ છે. પોતાની શક્તિ વિશેની શંકાથી જ ભીતિ રહે છે અને કૌવત પ્રકટ થતું નથી. રિયાઝ પર ભાર મૂકવાનું કારણ પણ આવી શંકા અને ભીતિને નિર્મૂળ કરવામાં છે. એથી તો કહેવાય છે એક તપ એટલે બાર વર્ષ શીખવું, એક તપ રિયાઝ કરવો અને પછી કોઈને સંભળાવવા પ્રવૃત્ત થવું. આમ પૂરા અભ્યાસ-શિક્ષણ-રિયાઝ પછી કલાકાર જો શંકા અને ભીતિથી મુક્ત થાય તો જ એની કલાને પ્રકટ કરી શકે.

૬. કંપિત એટલે ધ્રૂજતા અવાજવાળો. આનો સંબંધ વૉઈસકલ્ચર અને સ્વર તથા શ્રુતિ સાથે છે. ગાયન અને વાદન બન્નેને એ લાગુ પડે છે. સ્વર એક નિશ્ચિત લગાવરૂપે કંપે તે જુદી વસ્તુ છે. અહીં નિર્દેશ છે તે અકારણ કંપિતપણું. મુખ્યત્વે ગાયનને એ લાગુ પડે, પરંતુ વાદન પણ આ દોષથી સર્વથા મુક્ત નથી હોતું. સ્વરને એનાં અનેક સ્વરૂપ છે, ખડા, પ્રવાહી અને કંપિત કે લગાવયુક્ત. એની શ્રુતિએ શ્રુતિની શુદ્ધિ જળવાય ત્યારે જ રક્તિગુણ ખીલે છે. ક્યારેક ગાયક કે વાદકની કુદરતી જ કાયમી ક્ષતિ રહે અને અવાજ અકારણ ધ્રૂજતો રહે. એનું નિયંત્રણ ન થાય તો દોષરૂપ બને છે. તલત મહમ્મુદના સ્વરમાં ધ્રૂજારો છે, પરંતુ એનું નિયંત્રણ થતાં તે દોષરૂપ નથી લાગતો. આમ છતાં બધાં જ પ્રકારનાં ગીતમાં એ સ્વર પૂરો સાધક નથી બની શકતો, એ મર્યાદા પણ લક્ષમાં લેવા જેવી છે. વાદનમાં પણ જોઈતો bold સ્વર ન વાગે, અનિયંત્રિત કંપિત સ્વર વાગે તો ધાર્યું પરિણામ ન સિદ્ધ કરે.

૭. કરાલી એટલે મોઢું ફાડીને ગાનારો. આ રજૂઆત અને ચેષ્ટાની દૃષ્ટિએ દોષ છે, તે રીતે અવાજની ક્વૉલિટી પર પણ એની અવળી અસર પડે છે. કાયમ પહોળું રહેતું મોઢું દરેક શ્રુતિને પકડી ન શકે. કેટલેક અંશે તો મુખ તુંબડાનું પણ ભૌતિક કામ, એના અંદરના પોલાણની વધઘટથી કરે છે.

૮. વિકલ એટલે શ્રુતિનો ભેદ. આ અવગુણ સ્વરસાધનાની ઊણપ છે તેમ વૉઈસકલ્ચરની દૃષ્ટિએ પણ મૂળભૂત કોઈ ક્ષતિ છે. જે સ્વરમાં જે શ્રુતિએ બરાબર પહોંચવાનું અને સ્થિર થવાનું હોય ત્યાં જો અવાજ પહોંચીને સ્થિર થઈ ન શકે તો એ વિકલ અવગુણ કહેવાય. એક જ સ્વર અને નિશ્ચિત શ્રુતિ પર લાંબા સમય સુધી કોઈનો સ્વર સ્થિર અને નિશ્ચિત રહેતો હોય તો ઉસ્તાદ અમીરખાન સાહેબનો. આ દૃષ્ટિએ એમની આલાપચારીની ક્રિયાનો અભ્યાસ કરવા જેવો છે.

૯. કાકી એટલે કાગડા જેવો કર્કશ અવાજ. આનો સંબંધ પણ વૉઈસકલ્ચર સાથે છે. કુદરતી જ કોઈ ખાંમી હોય, ઉચ્ચાર કે અન્ય કોઈ ખોટી પદ્ધતિથી રિયાઝ થયો હોય તો પણ આ દોષ જન્મે છે. જો વાદક પણ એના નિશ્ચિત સ્કેલના નિશ્ચિત સ્વરની શ્રુતિઓ ઓળખી ન શકે તો એના સ્વરમાં પણ કર્કશતા દોષરૂપ બને છે.

૧૦. વિતાલ એટલે તાલભ્રષ્ટ. લય અને તાલમાં ચૂક પડતાં આ દોષ થાય છે. રાગ અને તાલની તૈયારીની અધૂરપ, ઓછો રિયાઝ વગેરેને કારણે આ દોષ થાય.

૧૧. કરભ એટલે માથું ઊંચું રાખીને ગાનારો. રજૂઆતની કલાની દૃષ્ટિએ આ દોષ છે તેમ એક જ પ્રકારની સ્થિતિ અને મેનરિઝમ સ્વરને લચકીલું સ્વરૂપ આપવામાં પણ બાધક બને છે.

૧૨. ઉદ્દડ એટલે મેંઢાની જેમ મોઢું ફાડીને ગાનારો.

આથી પણ કરભની જેમ સ્વરમાં લચકીલાપણું નથી આવતું.

૧૩. ઝોમ્બ એટલે ગળાની નસો ફુલાવીને ગાનારો. ક્રમાંક ૧,૬,૧૧,૧૨,૧૩,૧૪,૧૫,૧૬ અને ૧૭ એ નણે અવગુણો શારીરિક ચેષ્ટાગત છે અને એથી રજૂઆતની કલા તરીકે ગાયકવાદક અશોભનીય કે અનાકર્ષક લાગે છે તે સાથે જ આવી મર્યાદાઓ કલામાં બાધક બને છે. તુંબકી, વક્રી, પ્રસારી અને વિનિમીલક અવગુણો પણ ગાનશૈલીના વિકૃત મેનરિઝમને લક્ષમાં લે છે. તુંબકી એટલે તુંબડા જેવું મોં પહોળું કરીને ગાનાર. વક્રી એટલે માથું વાંકું રાખીને ગાનાર. પ્રસારી એટલે હાથપગ પસારી ચેનચાળા કરનાર. વિનિમીલક એટલે આંખો મીંચી ગાનાર.

૧૮. વિરસ અને રસ વગર ગાનાર. જો ગાયક પોતે જ કોઈ વિશિષ્ટ ભાવથી અભિભૂત ન હોય અને ભાવ વગર જ એ ગાય કે વગાડે તો એવા વિરસ ગાયન-વાદનથી શું વળે? આ મૂળભૂત દોષ ગણાય.

૧૯. અપસ્વર એટલે રાગના સ્વરૂપને પૂરું જાણ્યા વગર એ રાગમાં બાધક હોય એવા સ્વરને સમાવનાર. રાગસંગીતમાં વિવાદી સ્વર લઈ શકાય પરંતુ એના નિયમો છે. રાગનું સ્વરૂપ ન બગડે અને વિવાદી લેવા છતાં પણ એનું માધુર્ય નીખરે તો એ ગુણ છે. પરંતુ આવા કશા હેતુ વગર કેવળ અજ્ઞાનવશ જ જો વિવાદી સ્વર લેવાય તો તે દોષરૂપ છે.

૨૦. અવ્યક્ત એટલે સ્વર અને શબ્દમાં, એના નાદ અને ઉચ્ચારણમાં અસ્પષ્ટતા. જો આ દોષ હોય તો રસાનુભવ ન થાય. સંગીતકલા સ્વર અને શબ્દની કલા છે. એમાં બન્નેનું મહત્ત્વ પરસ્પર પૂરક-ઉપકારક છે. એથી જો ઉચ્ચારણમાં ક્ષતિ રહે તો દોષરૂપ બને.

૨૧. સ્થાનભ્રષ્ટ એટલે સ્વર અને સમકના સ્થાનમાં ચૂક. આમ થતાં તાલભંગ, લયભંગ જેમ જ સંગીતની ઈમારત ખંડિત થાય છે. અલ્પ તૈયારી કે રિયાઝના અભાવે કે પ્રમાદથી આ અવગુણ પ્રવેશે.

૨૨. મિશ્રક એટલે રાગના સ્વરૂપને હાનિ થાય એવા સ્વરોનું કે અન્ય રાગરૂપનું મિશ્રણ. કેટલાક રાગ મિશ્ર ગવાય છે. એક રાગમાં અન્ય રાગનું અંગ લેવાય છે. પરંતુ તે મૂળ ભાવને પોષક બને તે રીતે. જો ઔચિત્ય વગર જ મિશ્રણ થાય તો તે દોષરૂપ બને છે.

૨૩. અવ્યવસ્થિત એટલે વ્યવસ્થાનો અભાવ. રાગસંગીત એટલે ભાવવિશ્વની ઈમારતનું ચણતર. એ માટે પાયો, તળ, માળ, કાંગરા જેવી જ નિશ્ચિત પરિપાટી હોય છે અને રાગાલાપ, સ્વરૂપાલાપ, સ્થાયી, સંચારી, અભોગી, અંતરા, તાનાદિ એના વિભાગો અને અવયવો છે. સ્વરો પર પહોંચવાના પણ નિયમો છે, નિશ્ચિત વ્યવસ્થા છે. આનું જ્ઞાન ન હોય અને

(અનુસંધાન પૃ.૨૯૯)

જ્ઞાનકથા

પડદો

બહાદુરભાઈ જ. વાંક

ટ્રસ્ટની એક ધાર્મિક જગ્યામાં ગરીબ દર્દીઓના લાભાર્થે ફિલ્મનો એક ચેરિટિ શો યોજવામાં આવેલો. ફિલ્મ હતી - 'સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર'. ગુરુ બજુવા અને તેમના ત્રણ શિષ્યોને આ ફિલ્મ જોવા માટે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવેલું. નિમંત્રણને માન આપી ગુરુ બજુવા તેમના શિષ્યો સાથે આ ફિલ્મ જોવા ગયા.

ફિલ્મ જોઈને જ્યારે બધા થીએટરમાંથી બહાર આવ્યા ત્યારે બજુવાએ શિષ્યોના ચહેરા ઉપર નજર કરી તો ત્રણેય શિષ્યોના ચહેરા એકદમ ગમગીન બની ગયા હતા.

બજુવાએ ત્રણેને પૂછ્યું : 'તમે લોકો આજ આટલા બધા ગમગીન અને વ્યગ્ર કેમ જણાઓ છો?'

એક શિષ્ય બોલ્યો : 'આ ફિલ્મની મારા ઉપર એટલી બધી અસર થઈ છે કે....' ને તે વાક્ય પણ પૂરું ના કરી શક્યા.

પછી બીજા શિષ્યે રાજા હરિશ્ચંદ્ર, તારામતી અને રોહિત ઉપર પડેલાં દુઃખોની - તેમણે ભોગવેલી યાતનાઓની - તેમના ઉપરના શનિના કોપની વાત પૂરી કરતાં કહ્યું : 'આવું અતિ કરુણ ચિત્ર તો મેં મારી જિંદગીમાં જોયું નથી. ફિલ્મ જોઈને હું તો સાવ ભાંગી પડ્યો છું.'

તો વળી ત્રીજા શિષ્યે કહ્યું : 'સાચા માણસો ઉપર પણ આટલું બધું દુઃખ પડી શકે છે, એની તો મેં કલ્પના પણ કરી નહોતી.'

બજુવા બોલ્યા :'તમે રાજા હરિશ્ચંદ્રનાં દુઃખો કરતાં તમારાં તાદાત્મ્યનો - તમારા લાગણીવેડાનો જ ભોગ બની ગયા છો. પ્રત્યક્ષ જે જોવાનું હતું એ તો તમે જોઈ શક્યા નહીં.'

એક શિષ્યે પૂછ્યું : 'પ્રત્યક્ષ વળી શું જોવા જેવું હતું?

'થીએટરનો પડદો!' બજુવા બોલ્યા.

શિષ્યો બધી વાત સમજી ગયા. છતાંય પોતાનો બચાવ કરતા બોલ્યા : 'હા, પડદો પણ અમે જોયો હતો.'

'ચાલો માની લઉં છું કે તમે પડદો જોયો હશે, પણ તમારામાંથી જે દ્રષ્ટા પડદો જોતો હતો એણે જોયો હતો ખરો?' બજુવાએ વેધક પ્રશ્ન પૂછ્યો.

હવે શિષ્યો ખરેખર મૂંઝાઈ ગયા. બજુવાને શું જવાબ આપવો એ જ કંઈ એમને સમજાયું નહીં.

એક શિષ્યે હિંમત કરીને બજુવાને પૂછ્યું : 'અમે અમારામાંના દ્રષ્ટાને જોઈ શક્યા હોત તો શું ફેર પડત?'

ને બજુવા બોલ્યા : 'તો સ્વયં પડદો જ સજીવન થઈને તમારા ત્રણેના કાનમાં કહી દેત, જીવનનું જો કોઈ મોટામાં મોટું અસત્ય હોય તો તે છે પડદો!!'

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૧૦

પ્રા. પ્રવીણ ન. શેઠ

સ્વાધ્યાય - ભારતીય ઓળખનો અસરકારક નકશો

ભારતીયોના કોઈ ઘરમાં પ્રમુખસ્વામી, તો કોઈના ઘરે પાંડુરંગ શાસ્ત્રી(દાદા), મોરારીબાપુ, સચ્ચિદાનંદજી, સાંઈબાબા, પંડિત રામશર્માજી, ચિન્મયાનંદજીના ફોટાઓ જોવા મળે છે. આમાં સચ્ચિદાનંદજી જેવા અપવાદ સામે મોટા ભાગના સંતો ખાદીધારી છે. આ સૌના ઉપદેશ અને અનુરોધને કારણે પશ્ચિમની સભ્યતાના મધ્યબિંદુ જેવા અમેરિકામાં સંપન્ન ભારતીયો બહુધા વ્યસનમુક્ત રહ્યા છે. હિન્દુઓ અને જૈનોમાં તો માંસાહારની ફેશન હતી. પણ પ્રમાણમાં આવા પુરુષોના પ્રભાવને કારણે આ ધર્મોના પરિવારો કેફી વ્યસન અને માંસાહારથી ઠીક પ્રમાણમાં મુક્ત રહ્યા છે. રામચરિત કે કૃષ્ણકથા સાંભળતા કે ગીતાની મીમાંસા સાંભળતા તેઓ માતૃભૂમિની તળપદી મહેકનો અનુભવ કરે છે. લોસ એન્જેલસ મહાનગરમાં પરમહંસ યોગાનંદનો પર્યાવરણીય હરિયાળી વચ્ચે ટેકરિયાળા પ્રદેશમાં સુંદર આશ્રમ રેનેસાં સેન્ટર છે. ત્યાં શાંતિ અને એકાગ્ર મનોવસ્થાની અનુભૂતિ થાય છે. તેવું જ ફ્લોરિડામાં ઓરલાન્ડોમાં ચિન્મયનંદજીના સંસ્કારકેન્દ્ર વિશે કહી શકાય.

પશ્ચિમમાં ભૌતિકવાદ અને ટેક્નોલોજિ તથા તેના પર લગભગ શ્રદ્ધા કહી શકાય તેવી વિચારસરણી એ એમના વિકાસનાં ચાલક બળો છે. તેના પ્રતિવિચાર (કાઉન્ટરપોઈન્ટ) કે વિકલ્પી વિચારસરણી તેમજ જીવનશૈલીનાં મોડેલો ખાસ જોવા મળતાં નથી. તેમાંય ભારતીય યુવા પેઢી માટે કોઈ સારો 'રોલ મોડેલ' નથી. તેથી પહેલાં હિપ્પીઓ રીટા હેવર્થ અને લિઝ ટેલર તથા સાંપ્રત કલામાં માઈકલ જેકસનથી માંડીને મેડોના ઘણા યુવાનોનાં 'રોલ મોડેલ' બની રહ્યાં છે. તરુણ-તરુણીઓના પોતાના રૂમમાં તેમનાં મોટાં પોસ્ટર કે ફોટા જોવા મળશે. પહેલી પેઢીના ભારતીયો માટે તો પોતે 'હિન્દુ' છે, એ જન્મજાત અનુબંધને કારણે ગૃહીત આત્મઓળખ બને છે. પણ બીજી પેઢીને કોઈ સારો, પ્રેરક કે ધ્યેયલક્ષી રોલ મોડેલ સુલભ નથી બનતો. તે ૧૨મા ધોરણ પછી ભણવા માટે ઘર બહાર કે દૂર છાત્રાલયમાં રહેવા જાય છે, ત્યારે સહવાસીઓ તરીકે ગોરાઓ વધુ અને ભારતીયો ઓછા કે ભાગ્યે જ જોવા મળે. તેમાંય સ્વાધ્યાયીઓ તો ભાગ્યે જ જોવા મળે. અઢારેક વર્ષના થાય ત્યારે ભારતીય માબાપનાં યુવક-યુવતીઓની ભારતીય અસ્મિતા તો લગભગ ધોવાઈ જ જાય. સમવયસ્ક ગોરાઓની સંગત અને અસર, પ્રેમ કરવો, ડેટિંગ કરવું - આ બધું વધતું જાય. લગભગ અમેરિકનાટિઝ્ડ થવા માંડે છે.



આ સંદર્ભમાં કેટલાંક માબાપને લાગ્યું કે પોતાની યુવાન બનતી સંતતિને આ જોરદાર પશ્ચિમી મધ્યપ્રવાહ-માં તણાઈ જાય તે પહેલાં તેમને કેવી રીતે બચાવી લેવી? નવાઈ લાગે તેવી વાત એ છે કે આ મુદ્દે ચિંતિત પહેલી પેઢીનાં માબાપોએ ૧૯૭૮માં પાંડુરંગ શાસ્ત્રીને વિનંતી કરી કે 'અમારા (બીજી પેઢીના) છોકરાઓનું કંઈ કરો.' અમેરિકામાં રહી-પ્રેક્ટિસ કરી, ત્યાં એક દસકો સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે સંકળાઈને પછી ભારતમાં રહેવા પાછા ફરેલ મનોચિકિત્સક ડૉ. રાજેશ પરીખે ત્યાં વિકાસ પામેલ સ્વાધ્યાય પ્રવાહનું સુરેખ દર્શન કર્યું છે.

દાદાએ ભારતમાં, ખાસ કરીને નબળા વર્ગોમાં, આત્મગૌરવની ભાવના કેળવીને જે અભિયાન શરૂ કર્યાં હતાં, તે સાથે મધ્યમવર્ગનાં શિક્ષિત લોકોને પણ તેમનાં વિચારો અને પ્રબોધન માટે ભારતીય પ્રજા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૯૮૮માં તેમણે યુવકો માટે સ્વાધ્યાય કેન્દ્રો શરૂ કર્યાં. પછી તો બાળકો માટે પણ શરૂ થયાં. યુવાનો માટેના કેમ્પનો (શિબિર) પ્રયોગ બાળકો સુધી વિસ્તર્યો. મહિલા અને વાનપ્રસ્થો પણ આવી પ્રવૃત્તિમાં આવરી લેવાયાં છે. ૧૯૮૮થી ૧૯૯૫ દરમિયાન ૧૦ થી ૧૮ વર્ષના તરુણ અને યુવા વર્ગ માટેનાં કેન્દ્રો ચલાવવા અને સ્વાધ્યાય પ્રવૃત્તિઓ કરવા આવશ્યક એવું માનવધન (એમના વિચારસંસ્કારમાં કેળવાયેલા હોય તેવા) પણ તૈયાર થવા માંડ્યું. અમેરિકાને નવ ઝોનમાં વિભાગીને દરેક વિભાગમાં વર્ષમાં એક વાર ચાર દિવસનો કેમ્પ થાય. ત્યાં સૌ એકમેકનો પરિચય કેળવે, એકમેકના અનુભવોની આપલે કરે. યુવા કાર્યકરોને કેળવે તથા સ્વાધ્યાય પ્રવૃત્તિની સમીક્ષા કરીને તે કેમ વધુ હેતુલક્ષી બની શકે તે વિચારવામાં આવતું ને આવે છે. દરેક ઝોનના સંચાલક 'મોટાભાઈ' તરીકે ઓળખાય છે.

છેલ્લાં ચાર-પાંચ વર્ષથી ગણેશોત્સવ, હોળી, જન્માષ્ટમી જેવા તહેવારો એક ઉત્સવરૂપે વ્યવસ્થિત રીતે ઉજવાય છે. આનું આકર્ષણ એવું હોય છે કે કેલિફોર્નિયાના બે એરીઆના

અશોક પટેલ એમનાં પત્ની અને બાળકો સાથે પોતાના ફ્રિમોન્ટસ્થિત મિત્રપુત્રની બર્થ-ડે પાર્ટીમાં ગયાં હોય પણ મોડે બપોર પછી બીજા શહેરમાં જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયો છે એટલે વચ્ચેથી પાર્ટી છોડીને સ્વાધ્યાયી તરીકે સહકુટુંબ સ્વાધ્યાયોત્સવમાં ભાગ લેવા જતાં રહ્યાં હોય.

૧૯૯૫થી તો ત્રણ અઠવાડિયાં જેટલો લાંબા ગાળાનો કેમ્પ પણ યોજાય છે. ૧૯૯૮માં આવો કેમ્પ વર્જિનિયામાં યોજાયો. દેવલ પરીખ અને તેનાં પત્ની ધાત્રી પરીખ જેવાં યુવાદંપતીએ તેમાં આગળ પડતો ભાગ લીધો હતો. દેવલ વડોદરામાં રહેતો હતો ત્યારે તેના પર સ્વાધ્યાયી માતપિતાના સંસ્કાર પડ્યા હતા. ધાત્રી તેને પરણીને અમેરિકા આવી પછી પોતાના પતિના સંગે સ્વાધ્યાયથી સંસ્કારાઈ છે. મહારાષ્ટ્રના થાણેમાં ચાર માસની ખાસ તાલીમ શિબિરો દ્વારા દાદાએ ભારતીય સંસ્કૃતિથી રસાયેલા હોય ને સાથોસાથ આધુનિક યુગસંદર્ભ સાથે તાલમેલ રાખી શકે તેવા ૧૧ ચેતનવંતા યુવાનોને રોલ મોડેલ તરીકે તૈયાર કરેલા. તેઓ ભારતમાં અને વિદેશમાં સ્વાધ્યાય આંદોલનના મુખ્ય સંવાહકો બન્યા છે. દાદાએ જાણે સાંસ્કૃતિક કલમો તૈયાર કરી છે અને તે અમેરિકા ને બીજા દેશોમાં ટ્રાન્સપ્લાન્ટ કરી છે!

આ આંદોલનનાં અનેક પાસાં અને કાર્યક્ષેત્રો છે :

- અમેરિકામાં જેઓ શરૂઆતથી સ્વાધ્યાય પ્રવૃત્તિઓમાં કેળવાય છે તેઓમાંથી કેટલાક DBT - ડિવાઈન બ્રેઈન ટ્રસ્ટ જૂથમાં જોડાય છે. સામાન્યતઃ રવિવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ દરમિયાન તેઓ સ્વાધ્યાય કેન્દ્રમાં મળે છે. આ આગળ વધેલા જૂથમાં યુવાનો પોતાના પ્રશ્નોનો ઉકેલ પોતે જ શોધે તેવી રીતે કેળવાયેલા હોય છે. દાદા કહે છે તેમ, 'તમે તમારા પ્રશ્નો લઈને મારી પાસે ન આવશો. તમારા પ્રશ્નો છે, ને તમારે જ તેનો ઉકેલ શોધવાનો છે.'
- દાદાએ જીવનને માત્ર પશ્ચિમની જીવનરીતિ તેમજ મૂલ્યો પર ગોઠવતાં ભારતીય અમેરિકનોને બીજો વિકલ્પ પણ આપ્યો છે. હવે ભારતીય મૂલ્યો અને જીવનશૈલીનો આધાર મળતાં એમના વલણમાં એક બીબાંઢાળ અમેરિકન જીવનને બદલે મોકળાશ અને લવચીકતા આવે છે.
- બાળકોને કોઈ વાર તપોવન અને પ્રભાતફેરી, સંસ્કૃતના શ્લોકોનું ઉચ્ચારણ અને સુભાષિતો દ્વારા પ્રાચીન ભારતીય આશ્રમ શિક્ષણસંસ્કૃતિના માહોલનો પણ અનુભવ થાય છે.
- રવિવારીય સ્વાધ્યાય કેન્દ્રોમાં સ્વાધ્યાયીઓ દાદાનાં પ્રવચનો, વાર્તાલાપ ટેપ દ્વારા સાંભળે છે. તેના પર ચર્ચા થાય છે. ફેનિક્સ (એરિઝોના)માં ૧૪ વર્ષની એક તરુણીએ મને કહ્યું, 'અમને માર્ટિન લ્યુથર કિંગ, વિવેકાનંદ, ગાંધીજી જેવી વિભૂતિઓનો કે ભારતીય તહેવારોનો વિષય આપવામાં આવે છે અને તેમના વિશે અમારે પોતે જ સંદર્ભ શોધીને તેના પર નોંધ-પેપર તૈયાર કરીને રવિવારીય બેઠકમાં રજૂ કરવાનો હોય છે; ત્યારે તેના પર બીજા સ્વાધ્યાયી યુવામિત્રો ચર્ચા કરે છે. તેવું જ ગીતાના કોઈ શ્લોક વિશે કે શ્રીમદ્ ભાગવતના કોઈ પ્રસંગ કે વિચાર વિશે જાતે જ અભ્યાસ કરીને, તેને મનમાં ઉતારવાનો હોય છે. આવો આયામ, સ્વ-અધ્યાય અમને સ્વયં વૈચારિક રીતે ઘડે છે.

સ્વાધ્યાય એ નથી પંથ, નથી સંપ્રદાય કે નથી ધર્મને નામે ચાલતો કોઈ નવો મઠ કે ગાદી. એનો આંદોલન તરીકે ભલે ઉલ્લેખ કરીએ પણ તત્ત્વતઃ તો એ કોઈ પ્રકારનું 'આંદોલન' પણ નથી. સ્વાધ્યાય એ એક નૈતિક-આધ્યાત્મિક પ્રવૃત્તિ છે, માનવી 'સ્વ'ને શોધે, ઓળખે તેને ઊર્ધ્વગામી બનાવે તેવો એવો સતત વહેતો રહેતો નૈતિક સાંસ્કૃતિક પ્રવાહ છે. ભગવાનનું કામ કરવાની પ્રવૃત્તિ, ધર્મનાં પ્રતીકો અને સાંસ્કૃતિક વ્યવહાર દ્વારા માનવતાની સમજ મેળવવાની પ્રવૃત્તિ. કૃષ્ણપ્રેમ, યોગેશ્વરની ભક્તિ એ તેનું માધ્યમ છે.

'સ્વાધ્યાય' એટલે 'સ્વ'નો અભ્યાસ, માંહ્યલાની ખોજ, જાતને પહેચાનવી. અમેરિકાની ઝડપી જીવનતરેહમાં આવી આત્મિક સમજની પ્રક્રિયા ચાલુ રહે, તેવો સમય સામાન્યતઃ મળતો નથી, ત્યારે સ્વાધ્યાયીને માટે આવી પ્રવૃત્તિ ઉપકારક બની રહે છે.

અમેરિકામાં યુવા શિબિરોમાં અંગ્રેજીમાં સ્વાધ્યાય કેન્દ્રો ચાલે છે પ્રેમ, તર્ક/બૌદ્ધિક વિવેક અને કાર્યપ્રવૃત્તિ (લવ, લૉજિક અને વર્ક) એ સાંસ્કૃતિક ત્રિકાલ સંધ્યાનાં ધ્યાનકેન્દ્રો છે. અમેરિકામાં ભારતીય બાળકો માબાપ જે ધર્મ પાળે કે સંતગુરુને માનતા હોય તે સહજ રીતે, વિના પરિપૃચ્છા, સ્વીકારી લેતાં નથી. પણ સમજીવિચારીને પછી સ્વાધ્યાયમાં જોડાયાં હોય, તેવું ઘણાં તરુણ-તરુણીઓની સાથેની ટૂંકી-લાંબી બેઠકોમાં ચર્ચા કરતાં મને જણાયું. આમ, reasoned faith કે rationality in spirituality - એ એમની સ્વાધ્યાય વિશેની પસંદગી-પ્રક્રિયા છે એમ મને જણાયું.

બીજું, ઘણા સ્વાધ્યાયીઓ એવા પણ છે કે તેઓ - અને મોટે ભાગે તેમના વડીલો ભારતમાં સ્વાધ્યાયી હતાં. ગુજરાતમાં મધ્યમવર્ગના ઘણા શિક્ષિતો સ્વાધ્યાયી હતા, તેઓ કે તેમનાં સંતાનો ભણવા કે ગ્રીન કાર્ડ પર અમેરિકામાં આવ્યાં તેઓ અહીં પણ સ્વાધ્યાય પ્રવૃત્તિઓમાં જોડાયાં. આમ, સ્વાધ્યાય એ એમની સાંસ્કૃતિક ઓળખનું સંવર્ધન કરનારું સાતત્ય-પરિબળ બન્યું છે, અને આવા સ્વાધ્યાયીઓ ભારતના સાંસ્કૃતિક એલચી બને, તેવી અપેક્ષા તેના અગ્રેસરો રાખે છે.

અઢીએક દાયકા પહેલાં ઘણી વાર યુવાનો અહીંના અમેરિકન મધ્યપ્રવાહ કે સમાજમાં ઘરમાં પૂજા કરે કે મંદિરે જાય તો તેને અંગે પૃચ્છા કરતાં. ગોરા, યહૂદી કે હિસ્પેનિક મિત્રોને સમજાવી શકતા નહિ. હવે સ્વાધ્યાય પ્રવૃત્તિએ વેગ પકડ્યો

તે પછી ભારતીય સ્વાધ્યાય તે ત્રિકાલ સંધ્યા શા માટે કરે છે, તેનાથી પરોક્ષ રીતે કુટુંબપ્રથા સુદૃઢ બને છે, એકમેકની નોખી દૃષ્ટિ અને જીવન અભિગમ કે અગ્રતાને સમજીને પરસ્પર સહિષ્ણુતાનો ભાવ સુઘટ્ટ બને છે, તેવો અનુભવ સ્વાધ્યાયીઓને થવા માંડ્યો છે. 'હું આ જોરદાર મધ્યપ્રવાહમાં એકલી-એકલો નથી' તેવો વિશ્વાસ પ્રકટે છે. મેસા, એરિઝોનાની હીના શાહની દીકરીઓ કે ફ્રિમોન્ટની અમી બૂચ આ ઘટનાનાં દૃષ્ટાંતો છે.

સ્વાધ્યાયમાં જતાં યુવાનો (શ્રી દયાનંદ સરસ્વતી કેન્દ્ર, ચિન્મયાનંદ કેન્દ્રનાં શિબિરોની જેમ) સ્વાધ્યાય શિબિરોમાં ફરીથી સામે ચાલીને આવે તેવા કાર્યક્રમો, ગોષ્ઠિઓ અને લલિતકલાના કાર્યક્રમો યોજાય છે. શિબિરોમાં ત્યાંનાં તરુણો કે યુવા વર્ગને સમજ પડે ને રસ પડે તેવી ભાષામાં અને સ્વરૂપમાં વાર્તાલાપો યોજાય છે. અમેરિકન સમાજમાં અપરિપક્વ વયે વ્યક્તીકરણની ઘટના જોવા મળે છે. તેથી લગ્નપૂર્વેનો સેક્સ, સહશયન, ડેટિંગ, જ્ઞાતીતર લગ્ન, કુટુંબવિચ્છેદ, કૌમાર્યમાં ગર્ભાવસ્થા, લગ્નવિચ્છેદનું મોટું પ્રમાણ - આ બધું યુવાનના - અરે, તરુણવર્ગની સામાજિક સ્વતંત્રતાને પરિણામે જોવા મળે છે. સ્વાધ્યાયી યુવાવર્ગ આ બધાની ચર્ચા કરે છે, ત્યારે તેને જુદાં જ (ભારતીય) સાંસ્કૃતિક ધોરણો પ્રમાણે પ્રવર્તમાન ભારતીય મોડેલ પણ જોવા મળે છે. અને તેથી તે અમેરિકન મોડેલને સાહજિક રીતે સ્વીકારતો નથી. પણ પોતાના ભારતીય મોડેલની જેમ અમેરિકન મોડેલને પણ આલોચનાત્મક અભિગમથી સવિવેક મૂલવે છે. મોટા ભાગના પ્રથમ પેઢીનાં માબાપો અહીં આવા ભારતીય વિકલ્પને બરાબર સમજાવવા માટે નથી સમય કાઢતાં (કે કાઢી શકતાં) કે નથી સભાનતાપૂર્વક તેમને સમજાવતાં. તેવા સંદર્ભમાં સ્વાધ્યાય પ્રવૃત્તિ એમનાં માબાપ તેમને જે આપવામાં નિષ્ફલ જાય છે, તે ભારતીય વિકલ્પ આપવામાં ઠીક ઠીક સફળ થઈ છે. અમેરિકામાં સ્વાધ્યાયના બે દશકાના અનુભવમાં જુદા જુદા સ્વાધ્યાયી અગ્રણીઓ ભારતીય સ્વાધ્યાય કુટુંબોમાં આવાં પરિવર્તનો નોંધે છે.

• કૌટુંબિક મિલનો વધુ વાર યોજાય છે. તેમાં બે પેઢીઓ ભેગાં મળે છે ને કૌટુંબિક સંબંધની સુવાસ માણે છે ને તે દરમિયાન કુટુંબ-મૂલ્યના ઉપકારક લક્ષણને પ્રમાણે છે.

• લૉસ એન્જલસમાં સ્વાધ્યાયમાં જોડાયેલ એક મહિલાએ ૧૪ વર્ષ પછી ગીતા ઉઘાડી. હવે તે ગીતાપારાયણ નિયમિત કરે છે.

• એક ભાઈએ ૧૮ વર્ષ પછી, સ્વાધ્યાય સંસ્કરણને કારણે, ભારતની મુલાકાત લીધી. હવે ભારતમાં તેનું કોઈ મિત્ર-સગું નથી તો પણ તેની ભારત-મુલાકાત વધી છે.

• પોતે ભારતીય હોવાનો ગૌરવ અનુભવતા હોય, તેવું સ્વાધ્યાયી પરિવારનાં બધાં સભ્યોને લાગે છે.

• 'ડિવાઈન બ્રેઈન ટ્રસ્ટ'નાં યુવક-યુવતીઓ ભારતીય મૂલ્યોને પ્રાધાન્ય આપે છે. તેઓ અહીં કે ભારતમાં વૃત્તપત્રોમાં લગ્નવિષયક જાહેરાત આપે છે. તેમાં કોઈક વાર સૂચવે છે, સ્વાધ્યાયી છોકરીને પસંદગી આપવામાં આવશે.

• ક્લીવલૅન્ડના એક સ્વાધ્યાયી ડૉક્ટરનું ઘર બળતું હતું. પણ સ્વાધ્યાયને કારણે તેમનું મન મજબૂત બન્યું હતું. 'હું મારું ઘર બળતું જોઈ શક્યો હતો ને જરાય વ્યગ્ર બન્યો નહોતો', એમ તેમણે જણાવ્યું.• સ્વાધ્યાયીઓ પાર્ટીઓમાં જાય ત્યારે 'હાર્ડ ડ્રિંક્સ, ઈંડાં અને માંસાહાર ઑફર થાય ત્યારે તેને વિનયપૂર્વકનો થૅંક્સ કહી શકે છે.' ખુદ હોસ્ટેલમાં પણ તેઓ આવો વર્તાવ કરી શકે છે, કૉલેજ કૅમ્પસ પર યુવતીઓ યોગ્ય લાગે ત્યારે 'ના' કહી શકે છે.

• પાર્ટી, દાન અને મંદિરો કરતાં તેઓ પોતાનાં સમય, શક્તિ અને સંપત્તિ ઈશ્વરની સાચી પ્રવૃત્તિઓ માટે ફાળવે છે. શિકાગોના મંદિરમાં કોઈ ને કોઈ હિન્દુ ભાવિક દર મહિને તેની વીજળીનું બિલ ભરવાની બોલી બોલે છે, મંદિરોના એક પગથિયા કે એવા ભાગ પાછળનો ખર્ચ નામની તકતી મેળવીને ઉઠાવે છે. પણ કાળક્રમે આવાં ભવ્ય મંદિર સંકુલોને સાચવવા-ચલાવવાનો ખર્ચ હવે પછીની ભારતીય પેઢીઓ ઉઠાવી શકશે, (ઉઠાવવા તૈયાર થશે) કે કેમ તેનો ગંભીર વિચાર કરવાની જરૂર છે. અહીં જે રીતે ચર્ચ (ખ્રિસ્તી દેવળો) છેલ્લા બે-ત્રણ દસકાઓમાં વેચવા મુકાયાં હતાં, કે વેચાયાં હતાં તે આ સંદર્ભમાં ભૂલવા જેવું નથી.જ્યારે પાંડુરંગ શાસ્ત્રીજી કહે છે, હું અહીં લેવા નથી આવ્યો, પણ યથાશક્તિ આપવા આવ્યો છું. અહીં દોઢ-બે દસકાઓથી ભારતીય સાધુ, મઠાધિપતિઓ, સંતો, કથાકારો ખાસ કરીને ઉનાળામાં ઊતરી આવે છે અને ભારતીયો પાસે દાન કે ફાળારૂપે ઠીક ઠીક નાણાં, ભૌતિક સાધન લઈ ભારત પાછા ફરે છે. જ્યારે સ્વાધ્યાય એક વિરલ એનજીઓ (NGO) છે, જે આવી રીતે નાણાં ભેગાં કરતી નથી. પરન્તુ બિનભૌતિક પણ લાંબા સમય પર્યન્ત ચાલે એવો વિચારવારસો અને સાંસ્કૃતિક ફાળો આપી રહે છે. ૧૯૯૪માં અમેરિકાનાં ૩૭ રાજ્યોમાં સ્વાધ્યાય પ્રવૃત્તિ પ્રસરી હતી. બહારના મંદિરમાં નહિ, પણ હૃદયમંદિરમાં નિજમંદિરમાં તે ઈશ્વરની શોધ કરે છે અને તેની પ્રતિષ્ઠા કરે છે તથા ભારતીય મૂળના નિજત્વને સંકોરે છે.

આવી સ્વાધ્યાય પ્રવૃત્તિ વિશે એક પ્રત્યર્પિત સ્વાધ્યાય ડૉક્ટર કહે છે : 'અમે સ્વાધ્યાયનું અંતિમ વિકાસબિન્દુ શું હશે તે જાણતા નથી. ચાલુ જ રહેશે. સ્વાધ્યાય એ સાંસ્કૃતિક આંદોલન છે, તેમ કહેવા કરતાં તે સતત વહેતો પ્રવાહ છે.' તેમ કહેવું વધુ ઉચિત છે.

તરુણ ભારતીયો પોતાનાં માબાપ સ્વાધ્યાયમાં જોડાયાં છે, કે તેની પ્રવૃત્તિઓમાં નિયમિત ભાગ લે છે તેને સમજ્યા

પછી તેમને અનુસરીને જ અમેરિકામાં પણ સ્વાધ્યાયી બને છે. તેઓ પહેલાં વિચારે છે. કોઈ વાર પ્રશ્ન પણ પૂછે છે. દા.ત. ગણેશ-પાર્વતી-શિવજીવાળી વાતની ચર્ચા પછી શિવજીએ શિરચ્છેદ થયેલા બાળ માટે બહાર જઈને જે પહેલો મળ્યો તે હાથીનું માથું કાપી લઈને ઘેર આવીને તે ગણપતિના ધડ પર જોડી દીધું, ત્યારે અહીંના તરુણે તરત પૂછ્યું કે, 'પણ ગણપતિનું માથું ઘરમાં તો સુલભ હતું. તો તેને જ ઉપાડીને શિવે પછી પોતાની શક્તિથી પુનર્જીવિત કરીને સાંધી કેમ નહિ દીધું? તેઓ સ્વાધ્યાયનું અને ધર્મનું 'લૉજિક' સમજે છે, ને તેથી વધુ શ્રદ્ધા અને વિશ્વાસથી સ્વાધ્યાય વિચારને આગળ વધારે છે.

પણ એક વાર તેમના મનનું બૌદ્ધિક સમાધાન થઈ ગયા પછી તેઓ ઉંમરભર અને પોતાના અભ્યાસ-ટેસ્ટનાં દબાણ અનિવાર્ય હોય તો લગભગ નિયમિત રીતે સ્વાધ્યાયના કાર્યક્રમોમાં ભાગ લેતા હોય છે. પહેલી પેઢીનાં માબાપ પણ આ પ્રવૃત્તિને આવકારે છે. મા કે બાપ નાનાં બાળકો કે કિશોરોને દર રવિવારે સ્વાધ્યાય કેન્દ્રોમાં લઈ જવા-લાવવા માટે સમય ફાળવે છે. જેટલી સભાનતાથી પોતાનાં બાળકોને અંગ્રેજી કે શૈક્ષણિક રીતે આવશ્યક ઇતર પ્રવૃત્તિ માટે શાળેતર વર્ગમાં શનિવારે લઈ જતાં હોય છે, એવી જ સભાનતાથી તેઓ તેને સ્વાધ્યાયમાં લઈ જાય છે. તેમજ ઊલટભેર પોતાનાં સંતાનોને દૂર યોજાતા સ્વાધ્યાય કેમ્પોમાં બે-ત્રણ અઠવાડિયાં પર્યન્ત મોકલે છે. યુવક-યુવતી ૧૨મું ધોરણ પસાર કરીને 'ડોર્ઝ' (છાત્રાલય)માં જાય પછી સમવયસ્ક મિત્રોની સોબતમાં વધુ રહેતાં થાય છે, ત્યારે પોતાના ઘરનો સહવાસ પાંખો બનતો જાય છે. વેકેશનમાં પોતાના મિત્રોની સાથે બહાર ટૂર પર જવાનું તે વધારે છે, અને કુટુંબનું ખેંચાણ જાણે નબળું પડતું જાય છે. પણ સ્વાધ્યાયમાં સંસ્કારાયાં પછી આવાં યુવક-યુવતીઓને પોતાનાં કુટુંબનું આકર્ષણ પાછું બળવત્તર બને છે. માબાપ સ્વાધ્યાયને જશ આપતાં કહે છે : 'હવે અમારાં સંતાનો રજામાં અમને મળવા આવે છે.' સ્વાધ્યાયી યુવક-યુવતીઓ પણ કહે છે : 'અમે લગભગ દરેક વીકમાં અમારાં માબાપને મળવા જવાનું રાખીએ છીએ.' શિકાગો, વૉશિંગ્ટન, વર્જિનીઆ, સીલીકોન વગેરે સ્થાળોએ તેઓ પોતે સ્વયંનિર્ભર પ્રવૃત્તિ કરતાં થયા છે. ખુદ પશ્ચિમની ધરતી પર ભક્તિ એ સામાજિક પરિબળ બની ગઈ છે.

આમ, પોતાનું સંતાન દસેક વર્ષનું થાય ત્યારે તેના પર અમેરિકન મધ્યપ્રવાહનાં ગોરાં બાળકો (સ્કૂલ અને પડોશ વિસ્તારનાં) જેવાં સમવયસ્કની અસર અને સોબતનું પરિમાણ શરૂ થાય તે પહેલાં જ ભારતીય માબાપે તેમને સારા મિત્રો અને સ્વાધ્યાય જેવા તંદુરસ્ત સાંસ્કૃતિક માધ્યમ આપવાં જોઈએ, એમ અમેરિકામાં ૧૦ વર્ષ આ પ્રવૃત્તિ કરનારા અને હવે ભારત પાછા ફરેલ વ્યવસાયીએ અમને જણાવ્યું. કેનેડાના સ્વાધ્યાયી નવીનભાઈ દોશી કહે છે તેમ, બહારની (મધ્યપ્રવાહની) જબરદસ્ત અસર એ તો અમારે (ભારતીયો) માટે ઘરઘરની કહાણી બની ગઈ છે. ડૉ. રાજેશ પરીખ જેવા મનોચિકિત્સક કહે છે તેમ અહીં ભારતીય માબાપો સાથે બાળકોને ગંભીર ઘર્ષણ બે મુદ્દે થાય છે : પોતાની તરુણ પુત્રી યથેચ્છ ડેટિંગ કરવા માગે છે ત્યારે અને પુત્ર બીજી જાતિની યુવતી સાથે લગ્ન કરવાની હઠ પકડે છે ત્યારે. માબાપ લગ્નપૂર્વે સેક્સ તરફ ઘસડી જતી પોતાનાં સંતાનોની હરકતોથી ચિંતામાં પડી જાય છે. પણ સ્વાધ્યાયમાં સંસ્કારાયેલા યુવાનો આવી પશ્ચિમી નીતિરીતિને નિર્વિવેક કે વિના સંકોચ સ્વીકારી લેતા નથી. અનેક રીતે પોતાની વ્યવસાયી પ્રગતિ, ધંધાના વિકાસ કે નોકરી કે કમાણી વધારવામાં ગળાડૂબ માબાપો પોતાનાં સંતાનોને જે અર્થપૂર્ણ સાંસ્કૃતિક ચૅનલમાં પ્રયોજી શકતાં નથી તેમને (સ્વામીનારાયણ કે ચિન્મયાનંદ કેન્દ્રોની જેમ, પણ તેથી જુદી રીતે) સ્વાધ્યાય પ્રવૃત્તિ ભારતીય મૂલ્યો આપે છે.

બૃહદ્ હિન્દુ ધર્મ એ ખ્રિસ્તી કે ઇસ્લામ ધર્મની જેમ વ્યવસ્થાસંપન્ન કે સંગઠિત ધર્મ નથી. પણ સ્વામીનારાયણ અને સ્વાધ્યાય એ સંગઠિત સાંસ્કૃતિક પ્રવૃત્તિ બની શકી છે. ભારતમાં લગભગ અનેક મુખ્ય ભાષાઓમાં સ્વાધ્યાયની પરીક્ષા લેવાય છે, જેમાં લગભગ ૭૦,૦૦૦ યુવક-યુવતીઓ ભાગ લે છે, તો અમેરિકામાં માત્ર અંગ્રેજી ભાષામાં યોજાતી પરીક્ષામાં લગભગ ૧૦,૦૦૦ યુવક-યુવતીઓ ભાગ લે છે. બધાં વયજૂથો માટે તથા વાનપ્રસ્થીઓ અને સ્ત્રીઓ સુધ્ધાં માટે તેમને વિશેષ અનુકૂળ હોય તેવી પ્રવૃત્તિઓ વિચારાઈ છે, અને તે પ્રમાણે યોજાય છે. તેઓ એકબીજાંને મળે ત્યારે કે વિદાય લે ત્યારે 'જેસી કૃષ્ણ' (જયશ્રી કૃષ્ણ) પણ ઉચ્ચારતાં હોય છે. સાહજિક લાગતો આ શિષ્ટાચાર માત્ર પ્રતીકાત્મક નથી. પણ પેલી ભારતીય આત્મઓળખ જેવી ઠોસ સાંસ્કૃતિક અસર જન્માવતી, સંગઠિત પ્રવૃત્તિનું વાચિક પ્રતીક છે. ધૂંવાધાર અમેરિકન સાંસ્કૃતિક પ્રપાત સામે પણ પોતાની નાવડીને વિશ્વાસપૂર્વક ચલાવતા સ્વાધ્યાયીનું ચિત્ર ખડું કરી દે છે. ભારતીયોની - ખાસ કરીને તેની બીજી પેઢીની તાત્ત્વિક ભારતીયતા અને મૂળ ઓળખના સુરક્ષાકવચ તરીકે તેમજ તેના સાતત્ય માટેના સાંસ્કૃતિક જીવનરસાયણ તરીકે સ્વાધ્યાય પ્રતિ આશાભરી મીટ માંડી શકાય તેમ છે. બંને મોજાંની પહેલી પેઢીનાં માબાપ આનું મહત્ત્વ જેટલું જલદી જલદી સમજે, તેટલા પ્રમાણમાં એમની પાછલી કે મોટી વયમાં તેને કૌટુંબિક સાતત્યના સંકટમાંથી બચવાનો 'લાઇફબેલ્ટ' અંકે કરી શકે - ને તે પણ સમયસર!

બુદ્ધનાં શિલ્પસ્થાપત્યો

કાન્તિ કાપડિયા

ઉત્તર ભારતમાં નાલંદા વિદ્યાપીઠે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેવી જ રીતે ઉત્તર-પશ્ચિમે આવેલી તક્ષશિલા વિદ્યાપીઠે પણ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. ઈ.સ. પૂર્વે ૩૨૬માં એલેક્ઝાન્ડરે (સિકંદરે) ભારત પર ચઢાઈ કરી. તેના સરદાર સેલ્યુક્સને ઈ.સ. પૂર્વે ૩૦૫માં ચન્દ્રગુપ્ત મૌર્યે હરાવી મૌર્યવંશની સ્થાપના કરી ત્યાર બાદ ઈ.સ.પૂર્વે ૨૭૩માં અશોક ગાદી પર આવ્યો અને કલિંગના યુદ્ધ પછી ઈ.સ. પૂર્વે ૨૫૯માં અશોકે ભારતની ચારે બાજુ બૌદ્ધધર્મના પ્રચારાર્થે બૌદ્ધ સાધુઓ મોકલ્યા. એ રીતે સમગ્ર એશિયામાં બૌદ્ધધર્મનો પ્રચાર થયો.

અહિંસા-દયા-પ્રેમ-ત્યાગના ભગવાન બુદ્ધના મંત્રથી પ્રભાવિત થયા અને બાજુમાં આવેલ કંદહર (ગાંધાર) પ્રદેશમાં બૌદ્ધધર્મનો ખૂબ પ્રભાવ પડ્યો. તેની સાથે ભગવાન બુદ્ધનાં જીવન અને કાર્યને સાકાર કરતી એક શિલ્પશૈલી વિકાસ પામી જે ગાંધાર શિલ્પશૈલી નામે પ્રચલિત થઈ. પેશાવર મ્યૂઝીઅમમાં ગાંધારશૈલીના પુષ્કળ નમૂનાઓ જોવા મળે છે. ગાંધારશૈલીમાં ગ્રીક કલાની અસર છે, કારણ કે એલેક્ઝાન્ડરે ચઢાઈ કરી ત્યારે કેટલાક ગ્રીક કલાકારો સાથે આવ્યા હતા. પરંતુ મથુરામાં જે પ્રણાલીનાં શિલ્પો થયાં તે કોઈ પણ દેશની કલાની છાયા-વાળાં નથી. ઈ.સ. પૂ.બીજી સદીથી છેક પાંચમી સદી સુધીમાં અનેક શિલ્પાગારો રચાયાં. શિલ્પો શિસી નામે પોચા રાખોડી પથ્થરમાં તેમજ સ્ટકો એટલે કે સીધેસીધા રેતીચૂનાના મિશ્રણમાં ઘડાયાં. બૌદ્ધ શિલ્પોમાં ગાંધાર શૈલીના નમૂનાઓ ખૂબ ઉત્કૃષ્ટ ગણાય છે.

એ પ્રદેશમાં એક મહાવિદ્વાન થઈ ગયો જેની વિદ્વત્તાથી પ્રેરાઈ મધ્યએશિયાના એક રાજવીએ એને પોતાના પ્રદેશમાં બૌદ્ધધર્મના પ્રચાર માટે અને પોતે બૌદ્ધધર્મ અંગીકાર કરવા માટે નિમંત્રણ આપ્યું એટલું જ નહીં, પરંતુ એની રૂપવતી કન્યાને એની સાથે પરણાવી. એ યુગલનું જે સંતાન થયું એનું નામ કુમારજીવ.

આપણે ઈતિહાસમાં ચીનથી આવેલા બૌદ્ધ સાધુઓ ફાહીઆન ઈ.સ. ૪૦૫ અને હ્યુએન-સંગ ઈ.સ. ૬૪૮ વિષે જાણીએ છીએ. પરંતુ કુમારજીવ વિષે કશું જાણતા નથી, એ એક કમનસીબી છે. એ કુમારજીવને એની કીર્તિ સાંભળી ચીનના રાજવીએ બોલાવ્યા અને બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. કુમારજીવ ચીની ભાષા શીખ્યા અને ચીની ભાષામાં બૌદ્ધ ધર્મનાં પુસ્તકોનો અનુવાદ કર્યો ત્યારથી ચીન બૌદ્ધધર્મી બન્યું. એ ચીનમાં પછી બૌદ્ધ ધર્મનાં અનેક મંદિરો અને શિલ્પો રચાયાં. સુંગ ૯૬૦થી ૧૨૭૯ (ઈ.સ.) અને મિંગ - ૧૩૬૮થી ૧૬૪૪ (ઈ.સ.) સમયમાં બૌદ્ધધર્મની ઉત્કૃષ્ટ કલા ખીલી. ત્યાંથી પછી કોરિયા અને જાપાનમાં અસર થઈ. આજે જાપાનમાં જે મૂર્તિઓ છે તે પ્રથમ કાષ્ઠમાં કંડારાયલી અને પછી બ્રોન્ઝ-પંચધાતુમાં છે. વડોદરામાં પણ જૂબિલીબાગમાં ભગવાન બુદ્ધની જે પ્રતિમા છે તે પ્રથમ લાકડામાં કંડારી - પછી ધાતુમાં ઢાળેલી છે.

ભારતમાં બુદ્ધપ્રતિમા મથુરા અને સારનાથમાં જે ઉદ્‌ભવી તે તો ભગવાન બુદ્ધના જન્મ અને નિર્વાણ પછી લગભગ ૫૦૦ વર્ષે અને ત્યાર બાદ સમગ્ર વિશ્વમાં પ્રચલિત થઈ. વિશ્વમાં ફક્ત બે જ વિભૂતિઓનાં શિલ્પો બન્યાં છે. એક ભગવાન બુદ્ધ અને બીજા ભગવાન ઈસુ ખ્રિસ્ત. યુરોપ અને અમેરિકામાં ઠેર ઠેર ભગવાન ઈસુનાં મંદિર અને શિલ્પો વિકાસ પામ્યાં છે. અને સમગ્ર એશિયામાં તથા શ્રીલંકા અને જાવાસુમાત્રામાં ભગવાન બુદ્ધનાં મંદિરો તેમજ

(અનુસંધાન પ. ૨૬૯)



પંચધાતુમાં બનાવેલી ૧૯મી સદીની જાપાની બુદ્ધપ્રતિમા (જૂબિલી બાગ, વડોદરા)



બીજીથી પાંચમી સદી દરમ્યાનના ગાંધાર શૈલીમાં તૈયાર થએલું બોધિસત્ત્વનું મસ્તકશિલ્પ



દસથી તેર સદી દરમ્યાન સુંગવંશની ચીનમાંની બોધિસત્ત્વની કાષ્ઠપ્રતિમા

આવો, શીખીએ અંગ્રેજી (૨૧)

ધનુભાઈ મહેતા

વિશેષણ - Adjective - ઍડ્જિક્ટિવ (૧)

વ્યાકરણ એ ભાષાનું વિજ્ઞાન છે તો સાહિત્યસર્જન તે તેનો કલા-કલાપ છે. કલા અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુઓ છે. એક વિના બીજું હોઈ ન શકે, કહો ને કે અન્યોન્ય એકબીજાના પૂરક છે. તાજમહાલ જેવી બેનમૂન કલાકૃતિ એટલે આરસચોસલાની કલામય સુશ્લિષ્ટ ગોઠવણી, રચના, બાંધણી. ગમે તે ખૂણેથી અને ગમે તેવા પ્રકાશમાં નિહાળો - એ નર્યો કલામંડપ. એ કલામંડપની સ્થાપત્ય - કારીગીરી, તેનો ખૂણેખૂણો, અરે તેનું સમગ્ર પરિમાણ અને તેની પાછળની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગાણિતિક કે વૈજ્ઞાનિક ઝીણવટ અને ચોકસાઈ તે તેનું વિજ્ઞાન. અને તેથી જ તાજમહાલ એટલે કલા અને વિજ્ઞાનનો સુભગ સમન્વય. તેથી જ કોઈ પણ સાહિત્યકૃતિને સાંગોપાંગ સ-રસ અને ઉત્કૃષ્ટ બનાવવા માટેની પાયારૂપ ભાષા અને તેના એકમ રૂપ વાક્યબાંધણીના પ્રત્યેક પદને બરાબર શીખીને સમજવું તે અનિવાર્ય છે. નામ, ક્રિયાપદ, અવ્યય, સર્વનામ, વિશેષણ તથા ક્રિયાવિશેષણ એ બધાં વાક્યરચનાનાં વિવિધ પદો છે. માનવદેહરચનાનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે જેમ દેહછેદન - disection - ડિસેક્શન - અનિવાર્ય છે તેવી જ રીતે વાક્ય- રચનાને સમજવા માટે પદચ્છેદ જાણવું જરૂરી છે. શોચનીય છે કે શાળાકીય સ્તરે વાક્યનાં બે સ્થંભરૂપ અંગો પદચ્છેદ - parsing - પારસિંગ અને પૃથક્કરણ - analysis - એનાલિસીસ - વ્યવસ્થિતપણે શીખવવામાં આવતાં નથી. પણ અફસોસ કરી નિઃસાસા નાખવાને બદલે તે દિશામાં સન્નિષ્ઠ પુરુષાર્થ કરીએ તો જ શુભ પરિણામ પામીએ.

પણ હવે આજના પાઠના મુદ્દા 'વિશેષણ'ની વાત શરૂ કરીએ. વિશેષણ એટલે કોઈ પ્રાણી, પદાર્થ કે સ્થળના નામનો વિશેષ ગુણ દર્શાવતો શબ્દ. ટૂંકમાં, નામને વિશેષ્ય બનાવતું પદ તે વિશેષણ. જે નામની પૂર્વે કે પછી તે આવે તે નામને વિશેષ્ય કહેવાય. વાક્યમાં વિશેષણ બે રીતે વપરાય. એક ગુણવાચક વિશેષણ રૂપે એટલે કે - 'attributive - ઍટ્રિબ્યૂટિવ -' કે 'predicative - પ્રિડિકટિવ' તરીકે. આ ગુણવાચક અને વિધેયવાચક વિશેષણને વાક્યનાં ઉદાહરણ લઈને સમજીએ.

ગુલાબી પતંગ આકાશમાં ચગી રહ્યો છે.

The pink kite is flying in the sky.

કાગડો ચતુર પંખી છે. The crow is a clever bird.

મેં એક સુંદર કન્યા જોઈ. I saw a beautiful girl.

પ્રથમ વાક્યમાં 'kite' કર્તા છે અને 'pink' તેને માટે વપરાયેલું વિશેષણ છે. પછીના વાક્યમાં કર્તા 'crow' છે અને 'bird' એ પદ 'is' ક્રિયાપદનું પૂરક કર્તાવાચક છે અને તેનું પુરોગામી 'clever' એ વિશેષણ છે. ત્રીજા વાક્યમાં 'girl' કર્મપદ છે અને તેની પૂર્વે આવેલ 'beautiful' વિશેષણ છે. આમ, ત્રણે વાક્યમાં અનુક્રમે 'pink', 'clever', અને 'beautiful' વિશેષણો ગુણવાચક છે.

જે વિશેષણ વાક્યના વિધેય પદના ભાગરૂપ હોય તેને વિધેયવાચક વિશેષણ કહેવાય. આ રીતે વપરાયેલ વિશેષણની વિશિષ્ટતા એ છે કે જે નામ માટે તે વપરાયું હોય તે નામ વાક્યમાં કર્તાસ્થાને હોય અને વિશેષણ વિધેયસ્થાને.

ઉપરોક્ત ત્રણે વાક્યોમાંનાં વિશેષણોને વિધેયસ્થાને વાપરીને નીચે પ્રમાણે રજૂ કરી શકાય :

The kite flying in the sky is pink.

The crow is clever.

The girl, I saw, was beautiful.

વિશેષણ વિશેની આટલી પાયાની સમજ મેળવ્યાં પછી વિશેષણના નીચે દર્શાવેલા પ્રકારોને ક્રમશઃ વિગતવાર શીખીએ :

વિશેષણના પ્રકાર

(૧) વ્યક્તિવાચક - Proper- પ્રૉપર (૨) ગુણદર્શક - Descriptive - ડિસ્ક્રિપ્ટિવ (૩) પરિમાણવાચક - Quantitative - ક્વૉન્ટિટેટિવ (૪) સંખ્યાદર્શક - Numeral - ન્યૂમરલ (૫) દર્શક - Demonstrative - ડિમોન્સ્ટ્રટિવ (૬) વિયોજક - Destributive - ડિસ્ટ્રિબ્યૂટિવ (૭) પ્રશ્નાર્થ અને ઉદ્ગાર - Interrogative and Exclamatory - ઇન્ટરૉગેટિવ ઍન્ડ એક્સ્લેમેટરી. (૮) સંબંધક - Possessive - પઝેસિવ (૯) ભારવાચક - Emphatic - ઇમ્ફેટિક

હવે ઉપરના દરેક પ્રકારને ક્રમશઃ શીખીએ :

(૧) વ્યક્તિવાચક વિશેષણને અંગ્રેજીમાં 'The proper adjective - પ્રૉપર ઍડ્જિક્ટિવ - કહેવાય. વિશેષ નામ એટલે કે સંજ્ઞાવાચક કે વ્યક્તિવાચક નામને કોઈ બીજા નામનો ગુણ બતાવવા માટે વપરાય ત્યારે તે વ્યક્તિવાચક વિશેષણ બને. દા.ત. ભારતીય સંસ્કૃતિએ દુનિયાભરની સંસ્કૃતિનાં પારણાં હીંચોળ્યાં છે. The Indian civilization has cradled all the civilizations of the world. (to cradle - ટુ ક્રેડલ - પારણું હીંચોળવું, civilization - સિવિલાઇઝેશન - સંસ્કૃતિ)

અંગ્રેજ લોકો શિષ્ટાચારી હોય છે.

The English people are courteous. (courteous - કર્ટિઅસ - વિનયી, નમ્ર, સભ્ય, શિષ્ટાચારી)

(૨) ગુણદર્શક કે વર્ણનાત્મક વિશેષણ એટલે 'The descriptive adjective - ધ ડિસ્ક્રિપ્ટિવ ઍડ્જિક્ટિવ. આ પ્રકારનું વિશેષણ વસ્તુનો ગુણ કે સ્થિતિ દર્શાવે છે. ઉદ્દેશ્ય તેમજ વિધેય એમ બન્ને સ્થાને આ પ્રકારનું વિશેષણ વપરાય. વળી, તેને તુલનાની ત્રણે કક્ષામાં અભિવ્યક્ત કરી શકાય. 'તુલનાની કક્ષા' વિષે આગળ ઉપર તેને લગતા સ્વતંત્ર પાઠમાં સમજીશું.

ઉદ્દેશ્યના સ્થાને વર્ણનાત્મક વિશેષણને વાક્ય પ્રયોગ દ્વારા સમજીએ :

ઉદ્યમી વિદ્યાર્થી હંમેશા સફળ થાય છે.

The industrious pupil always succeeds. (industrious - ઈન્ડસ્ટ્રીઅસ - ઉદ્યમી, to succeed - ટુ સક્સીડ - સફળ થવું.)

માંદો સિંહ શિકાર કરી શકે નહિ.

The sick lion cannot hunt. (to hunt - ટુ હન્ટ - શિકાર કરવો)

બહુધા આ પ્રકારનું વિશેષણ ઉદ્દેશ્ય સ્થાને વપરાય છે, પણ 'to look', 'to seem', 'to appear' તથા 'to be' - જેવાં ક્રિયાપદો પછી તે વિધેયસ્થાને આવે છે. જેમ કે,

સિંહ ભૂખ્યો છે. The lion is hungry. (to be hungry - ટુ બી હન્ગ્રી - ભૂખ્યા હોવું.)

તમે ઉદાસ દેખાવ છો. You look sad.

તે ચિંતિત જણાય છે. He seems worried. (to seem - ટુ સીમ, જણાવું, લાગવું, દેખાવું. worried - વરીડ - ચિંતિત. to worry - ટુ વરી - ચિંતા કરવીનું ભૂ.કા. તથા ભૂ.કૃ.નું રૂપ)

તે પ્રસન્ન દેખાય છે. She appears cheerful. (to appear - ટુ અપીયર - દેખાવું, જણાવું; cheerful - ચીઅરફુલ - પ્રસન્ન)

ગુણદર્શક વિશેષણની આગળ 'the' આર્ટિકલ આવે અને આ પ્રકારનું વિશેષણ વિશેષ્ય વગર આવ્યું હોય ત્યારે તે સમગ્ર જાતિ સૂચવે છે. દા.ત.

પૈસાદાર માણસો વધુ પૈસાદાર થવા ઝંખે છે.

The rich desires to be richer. (to desire - ડિઝાયર - ઝંખના કરવી)

પૈસાદારે ગરીબને મદદ કરવી જોઈએ.

The rich should help the poor.

મરેલા પૃથ્વી પર પાછા ફરી શકતા નથી.

The dead can not return to the earth.

ક્રિયાપદનાં વર્તમાન તથા ભૂતકૃદંતનાં રૂપ પણ ગુણદર્શક વિશેષણ તરીકે વપરાય છે. જેમ કે,

હસતો ચહેરો સૌને ગમે. All like a smiling face.

ઊગતા સૂર્યને કોણ ન પૂજે ? Who does not worship the rising sun?

તે એક અણધારી ઘટના હતી. It was an unexpected event. (to expect - એક્સ્પેક્ટ - ધારવું, expected - ભૂતકાળ - ભૂ.કૃ.નું રૂપ; તેનું વિરોધી unexpected - અનએક્સ્પેક્ટેડ - અણધાર્યું.)

(૩) પરિમાણવાચક વિશેષણ - 'The quantitative adjective - ક્વૉન્ટિટેટિવ ઍડ્જિક્ટિવ' -

Quantity - ક્વૉન્ટિટિ - જથ્થો (વજન, સંખ્યા, કદ, વિસ્તાર, પરિમાણ, રકમ, રાશિ, માત્રા. નામનો જથ્થો, સંખ્યા, કદ, રાશિ કે માત્રાદર્શક વિશેષણ તે પરિમાણવાચક વિશેષણ. આ વિભાગમાં આવતાં મુખ્ય વિશેષણો છે 'some', 'much', 'any', 'little, a little, the little', 'no', 'all', 'whole' અને 'half'

'Some - સમ - (જથ્થો : કેટલુંક, થોડુંક, (સંખ્યા) કેટલાંક, થોડાંક (માણસો, વસ્તુઓ) કેટલાંક, અમુક - તે હકારાત્મક ભાવ દર્શાવવા માટે, નિમંત્રણ કે તાણ - આગ્રહ કરવા માટે કે પૃચ્છક પ્રત્યુત્તરમાં 'હા'ની જ અપેક્ષા રાખતો હોય ત્યારે તે વપરાય છે. થોડાંક ઉદાહરણો દ્વારા પ્રયોગ સમજીએ :

અમે 'ડેરી'માંથી થોડુંક માખણ ખરીદ્યું.

We bought some butter from the dairy. (to buy - બાય - ખરીદવું. bought તેનું ભૂ.કા. તથા ભૂ.કૃ.નું રૂપ)

થોડોક વધુ આઈસ્ક્રીમ લો.

Have some more ice-cream.

થોડાક દિવસો માટે મને તમારો કેમેરા ઊછીનો આપશો? ('હા' - જવાબની અપેક્ષા)

Will you please lend me your camera for some days? (to lend-લેન્ડ-ઉછીનું આપવું; lent ભૂ.કા. અને ભૂ.કૃ.નું રૂપ)

Much - મચ - ઘણું, પુષ્કળ. વિધાન વાક્યમાં 'હકાર' અને 'નકાર'માં માત્ર ગણી ન શકાય તેવાં અને પ્રવાહીના નામની આગળ વપરાય છે. ઘણુંખરું તે નકારભાવ દર્શાવે છે. જેમ કે -

મારી પાસે હવે ઝાઝો સમય નથી.

I haven't much time now.

વધારે કામ વધારે આનંદ આપે છે. Much work gives much pleasure.

હજી ઘણું કામ કરવાનું બાકી છે.

There is still much work to do.

'Any - એ'નિ - જરા, કંઈક, થોડુંક. 'any' પ્રશ્નાર્થ અને નકાર વાક્યમાં વપરાય છે. દા.ત.

નદીમાં થોડુંય પાણી છે?

Is there any water in the river?

પ્યાલામાં થોડુંય દૂધ નથી.

There isn't any milk in the cup.

Little - લીટલ - લગભગ નહિવત્ (નકારાત્મક) a little - અ લીટલ - થોડુંક તો ખરું જ (હકારાત્મક) the little - ધ લીટલ - જે છે તે આ જરાક જ એવો નકારાત્મક ભાવ. આ ત્રણે વચ્ચેનો સૂક્ષ્મ ભેદ ઉદાહરણ રૂપ વાક્યો દ્વારા શીખીએ :

નદીમાં સાવ થોડુંક જ પાણી છે.

There is little water in the river.

કૂવામાં તળિયે સહેજસાજ પાણી છે.

There is a little water at the bottom of the well.

મારી પાસે જે રહ્યુંસહ્યું પાણી હતું તે મેં તમને આપ્યું.

I gave you the little water, that I had.

'આર્ટિકલ' કેવા કેવા ભાવરંગ બદલે છે! અને એટલે જ અંગ્રેજીમાં 'આર્ટિકલ'નું ભારે માહાત્મ્ય છે ને!

'No - નો - કોઈ નહિ, એકે નહિ

'no' નામ પણ છે અને ત્યારે તેનો અર્થ થાય છે નકાર કે ઇનકાર. તેનું બહુવચન થાય 'noes - નોઝ'. કોઈ ઠરાવ ઇત્યાદિની વિરુદ્ધ મત આપનારાઓ. આ એક વિશિષ્ટ પ્રકારનું વિશેષણ છે. વાક્યમાં તે વિશેષણ તરીકે હકારાત્મક ક્રિયાપદ સાથે વપરાય છે. દા.ત.

તેની પાસે ઘર નથી. He has no house.

તેનામાં રમૂજવૃત્તિ નથી. He has no sense of humour.

તે માનને પાત્ર નથી. He deserves no honour. (to deserve - ટુ ડિઝર્વ - ને પાત્ર હોવું.)

'All' - ઓલ - સઘળું, બધું. બહુવચનમાં વપરાય. જેમ કે- ઊડાઉ દીકરાએ તેના બધા જ પૈસા ખાવાપીવા અને જુગાર પાછળ વેડફી નાખ્યા.

The prodigal son wasted all his money on feasting, drinking and gambling. (prodigal - પ્રૉડિગલ - ઉડાઉ, to feast - મિજબાની કરવી, to drink - દારૂ પીવો, to gamble- ટુ ગૅમ્બલ - જુગાર રમવો.)

'Whole - હોલ - સંપૂર્ણ, આખું, અક્ષત, અખંડ, સાબુત, ઇજા ન પામેલું, સાજું, તંદુરસ્ત. વિશેષણ તરીકે તેના આવા અર્થ થાય છે. કેટલીક વાર 'all' ની જગ્યાએ 'whole' પણ વપરાય છે. વાક્યમાં પ્રયોજીએ :

તે આખો લાડવો ઝાપટી ગયો.

He ate up the whole sweet-ball. (to eat up - ટુ ઇટ અપ - ઝાપટી જવું, a sweet-ball - અ સ્વીટ-બૉલ - લાડુ)

'whole' પરથી 'whole-some' સામાસિક શબ્દ બને છે અને તે ગુણવાચક વિશેષણનું કામ કરે છે. તેનો અર્થ થાય આરોગ્યને પોષક, પથ્યકર, હિતકર. દા.ત.

દૂધ એ પોષક આહાર છે.

Milk is a whole-some food.

એવો બીજો ગુણવાચક વિશેષણ રૂપે વપરાતો સામાસિક શબ્દ છે - whole-hearted - હોલ-હાર્ટેડ - પૂરા ભાવવાળું, અંતઃકરણપૂર્વકનું. દા.ત.

તેણે અમને અંતઃકરણપૂર્વક આવકાર આપ્યો.

He gave us a wholehearted welcome.

'Half - હાફ્ - અર્ધું. તેનો વાક્યપ્રયોગ નીચે મુજબ જાણવો.

ન રોટી કરતાં અર્ધી રોટી વધારે સારી.

Half bread is better than no bread.

'half' નામ તરીકે 'અર્ધો ભાગ' અર્થમાં વપરાય છે. અને તેનું બહુવચન halves - હાલ્વ્ઝ - થાય છે.

વિશેષણ અને તેના પ્રકાર વિષે આ પાઠમાં આટલું શીખ્યા તે બરાબર સમજવા અને તેનો મહાવરો કરવા પ્રયત્ન કરજો. (ક્રમશઃ)

અનુસંધાન] સંગીતશાસ્ત્ર [પૃ.૨૬૧થી

આડેધડ જો આ ચણતર ચાલે તો ઇમારત ન રચાય. આવો ક્રમદોષ તે અવ્યવસ્થિત હોવાનો અવગુણ.

૨૪. અનવધાન એટલે લાપરવાહી. જ્યારે કલાનું મંદિર કે એનો મહાલય સર્જવાનો હોય ત્યારે રાગનું સ્વરૂપ, મુખ્ય ભાવ, એ પુરસ્કૃત-આવિષ્કૃત કરવાની પદ્ધતિ અને પ્રક્રિયા, લય, તાલ, પ્રમાણભાન - બધાં જ અંગો, અવયવો અને ક્રિયાઓ ક્ષણેક્ષણની સાવધાની માગે છે. એ માટે પૂરી નિષ્ઠા, એકાગ્રતા, એકાત્મતા જોઈએ છે. જો ક્ષણેક્ષણના અવધાનની આ સાધનામાં ક્યાંક પણ ચૂક થઈ તો તે દોષરૂપ બને.

એ રીતે ૨૫મો અવગુણ તે સાનુનાસિક ઉચ્ચારણ. સ્વર અને શબ્દ જો યોગ્ય રૂપે ન ઉચ્ચારાય, એ જો ક્યાંક નાકમાંથી ગૂંગણા બોલાય તો એની શ્રુતિને પણ હાનિકર બને છે. સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર અને અવાજ એ સંગીતની અનિવાર્યતા છે. □

અનુસંધાન] બુદ્ધનાં શિલ્પસ્થાપત્યો [પૃ.૨૬૯થી

શિલ્પો જે આવિર્ભૂત થયાં છે તે અજોડ છે. જાવાનું બોરોબુદુરના જેવું મંદિર બીજે ક્યાંય નજરે પડતું નથી. તેવી જ રીતે કમ્બોડિયામાં પણ અંગકોરવટમાં જે મંદિર થયું છે તેનો મુકાબલો કોઈ પણ મંદિર કરી શકે એમ નથી.

બૌદ્ધ ધર્મમાં ભગવાન બુદ્ધની જે પ્રતિમાઓ ઘડાઈ તે બે પ્રકારની છે. એક ખુદ ભગવાન બુદ્ધની અને બીજી બોધિસત્ત્વની. બન્ને પ્રતિમાના મુખારવિંદના ભાવમાં કશો ફેર નથી. ફક્ત બોધિસત્ત્વની પ્રતિમા વધારે ડેકોરેટિવ હોય છે. કપાળ પર ચાંદલા-તિલક અને મસ્તક પર મુકુટ પણ હોય છે. કહેવાય છે કે ભગવાન બુદ્ધ બુદ્ધ થતાં પહેલાં અનેક જન્મોમાં ધીમે ધીમે કરુણા-અહિંસા-પ્રેમ અને ત્યાગની તપશ્ચર્યા કરતા આવેલા, તે બૌદ્ધ જાતકકથાઓ વાંચવાથી માલૂમ પડે છે. અને આખરી બુદ્ધને ઘણી વાર તથાગત Supreme Buddha કહેવાય છે.

જયોતિર્ધર કનૈયાલાલ મુનશી (૨૨)



—જયન્તીલાલ મહેતા

ભારતના નવવિધાન માટે ગાંધીજી અને સરદારને મુનશીને માનભેર પાછા કૉન્ગ્રેસમાં લાવવા હતા. અને કૉન્ગ્રેસે ચળવળનો માર્ગ છોડી માઉન્ટબેટન સાથે વાટાઘાટો આરંભી દીધી હતી. એટલે ગાંધીજીએ મુનશી પર પત્ર લખી તેમને કૉન્ગ્રેસમાં ફરી જોડાવા આમંત્રણ આપ્યું. તે મુનશીએ સહર્ષ સ્વીકારી લીધું. અને પંડિત નેહરુએ પછી બંધારણ સભા કેમ રચવી, તેની શું કાર્યવિધિ રાખવી વગેરે રચનાત્મક કામ માટે જે નિષ્ણાતોની સમિતિ રચી તેમાં મુનશીનો સમાવેશ કર્યો. આમ, મૂળ સ્વભાવથી બંધારણવાદી મુનશીને ભારતની લોકશાહી અને સ્વતંત્રતાના પાયારૂપ બંધારણ ઘડવાની અમૂલ્ય તક સાંપડી.

પરંતુ તે બંધારણ સભા-કૉન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલી-નું રોજરોજનું બંધારણ ઘડવાનું કામ શરૂ થાય તે પહેલાં સ્વતંત્ર ભારતના સમર્થ ઘડવૈયા અને તેમના મુરબ્બી મિત્ર સરદાર પટેલે એક અતિ જટિલ અને સાહસિક કામ મુનશીને સોંપ્યું. ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા પરથી યૂનિયન જૅક ઉતારી ભારતના ત્રિરંગી ઝંડાને પંડિત નેહરુએ પ્રથમ પ્રધાનમંત્રી તરીકે લહેરાવ્યો ત્યાર પછી ભારતના લગભગ ત્રીજા ભાગની ભૂમિ પર રાજ્ય કરતાં આશરે ૬૦૦ નાનાંમોટાં દેશી રજવાડાઓને તેમની પેઢી દર પેઢી પરંપરાઓ ભુલવાડી, નવા ભારતમાં એક અદના નાગરિકો તરીકે જોડાઈ જવા માટે બંદૂકની એક પણ ગોળી ફોડ્યા વગર કે કોઈનેય અન્યાય કે દગો કર્યા વગર મહાન રાજનીતિજ્ઞ સરદાર પટેલે લગભગ છઆઠ મહિનામાં જ એ વિકટ કાર્ય સુપેરે પાર પાડ્યું હતું. જૂનાગઢના કોમવાદી નવાબને બંદૂકનો ડર દેખાડી પાકિસ્તાન ભગાડી મૂકી જૂનાગઢનું 'જય હિન્દ' કરી નાખ્યું હતું અને તેમાં મુનશીએ પડદા પાછળ રહી મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

પરંતુ આ સોનાની થાળીમાં બે લોઢાની મેખો રહી ગઈ હતી. કારણ જવાહરલાલને મુસ્લિમોની તુષ્ટિકરણની નિરર્થક નીતિ છોડવી ન હતી. ૧૯૪૭ના ઑક્ટોબરમાં ઝીણાની ઉશ્કેરણીથી પાકિસ્તાની પઠાણ લૂટારુંઓના ધાડાઓ કાશ્મીરને ધમરોળવા માંડ્યાં ત્યારે નેહરુ માઉન્ટબેટનની સામે થઈ સરદાર પટેલે રાતોપાત હિંદી લશ્કર બારામુલ્લા પેરેશુટથી ઉતારી બે તૃતીયાંશ કાશ્મીર બચાવ્યું હતું. અને બાકીનું એક તૃતીયાંશ કાશ્મીર પાકિસ્તાનના પંજામાંથી પડાવી લેવા ભારતની ફોજ સક્ષમ અને તૈયાર હતી ત્યારે માઉન્ટબેટનની ચડવણીથી અને આંતરરાષ્ટ્રિય નેતા થવાની હાયવોયમાં નેહરુએ યુનોનું સાલ કાશ્મીરમાં ઘુસાડ્યું અને આજે ૫૦ વરસો બાદ પણ ભારતનું એટલું કાશ્મીર હજી પાકિસ્તાનના કબજામાં છે.

આવી જ દુઃખદાયક કહાણી દક્ષિણમાં નીઝામના હૈદરાબાદ રાજ્યમાં થાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. નેહરુ-નીતિની નબળાઈનો પૂરો લાભ ઉઠાવી નિઝામે કાસીમ રઝવી નામના એક મહાગુંડાને હૈદરાબાદ રાજ્યની વસતીના ૮ ટકા હિંદુઓને રંજાડવા છૂટો દોર આપ્યો હતો અને માઉન્ટબેટનની સૂફિયાણી સલાહને અવગણી નિઝામે હૈદરાબદને સ્વતંત્ર રાજ્ય ઘોષિત કરવાની અને તે રીતે ભારતના પેટમાં રોજનું શલ્ય બનવા બધી તૈયારી કરી હતી. તેમાં કેટલાક જૂના બ્રિટિશ સામ્રાજ્યવાદી ઉપરાંત પાકિસ્તાનનો તેને ઉઘાડે છોગે સાથ સહકાર મળતો હતો. નિઝામના અમાત્યો પોતાના લશ્કરને સાબદું કરતા હતા, અને પરદેશમાં સંઘરેલી પોતાની અઢળક સંપત્તિના જોરે પરદેશથી શસ્ત્રો, યુદ્ધવિશારદોની આયાત કરતા હતા. ટૂંકમાં, બીજું કાશ્મીર બનાવી હૈદરાબાદને હંમેશ માટે પાકિસ્તાની થાણું બનાવવાની બધી હિલચાલ ખુલ્લેઆમ થઈ રહી હતી. ત્યારે નેહરુનીતિ વિરુદ્ધ સરદાર પટેલે ગાંધીજીને મનાવી લીધા અને નિઝામને સીધો દોર કરવા સરદાર-ગાંધીજીને મુનશીથી વધુ યોગ્ય માણસ કોઈ જડ્યો નહિ. કારણ વીફરતાં હુલ્લડો વચ્ચે ભીંડીબજારમાં ઉઘાડી મોટરે મુસ્લિમ ગુંડાઓને જેર કરવા નીકળનાર અને તેમને કડક હાથે દાબી દેનાર મર્દ કૉન્ગ્રેસમાં ત્યારે એકમાત્ર કનૈયાલાલ મુનશી હતા.

ડિસેમ્બર ૧૯૪૭માં સરદાર પટેલે એક મિત્રને ઘેર મુનશીને નિમંત્રી હૈદરાબાદમાં ભારત સરકારના એજન્ટ જનરલનો હોદ્દો સ્વીકારવા મનાવ્યા. મુનશીએ બે શરતો મૂકી : 'હું બંધારણ સભાના સભ્ય તરીકે જ જઈશ. મારે મન બંધારણનું ઘડતર પ્રાણપ્યારું છે અને હું એક પણ પાઈ પગારરૂપે નહિ સ્વીકારું.' સરદારે શરતો કબૂલ રાખી. સાંજે મુનશી ગાંધીજીને મળવા ગયા. આશીર્વાદ માંગ્યા. એટલે ગાંધીજી કહે : 'જરૂર હૈદરાબાદ જાવ. આ માત્ર એક અઘરું કામ જ નથી. આ તો તમારો ધર્મ છે. તમારી જેવા માણસો જ આવાં વિકટ કાર્યો પાર પાડી શકે છે. આ તો તમારી દેશસેવાની કસોટી બનશે...' ભારતના તત્કાલીન ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબેટને પણ મુનશીને અભિનંદન આપતાં સફળતા ઇચ્છી. નેહરુ મૂગા રહ્યા. મુનશીને ગાંધીજીએ સલાહ આપી : 'શક્ય હોય ત્યાં સુધી વાટાઘાટોથી પતાવજો'. મુનશીએ કહ્યું, 'વાટાઘાટો ક્યાં સુધી કર્યા કરવી?' ગાંધીજીએ હસતાં ખુલાસો કર્યો : 'ત્રણચાર મહિના સુધી.' મુનશીએ વળી પૂછ્યું : 'અને વાટાઘાટો



સરદા વલ્લભભાઈ પટેલ



શ્રી રાજગોપાલાચારી



નિઝામ મીર ઉસ્માનઅલીખાન



લૉર્ડ માઉન્ટબેટન

નિષ્ફળ જાય તો?' ગાંધીજીએ બંધ વાળ્યો : 'તો વાતનો અંત લાવ્યા સિવાય આપણી પાસે બીજો ઉપાય જ નહી રહે.' એટલે કે ત્રણચાર મહિના પછી પણ નિઝામ આડોડાઈ ન છોડે તો તેને ગાદીએથી ઉઠાડી મૂક્યા સિવાય બીજું શું કરાય?

પાંચમી જાન્યુઆરીએ મુનશીએ હૈદરાબાદમાં પગ મૂક્યો ત્યારે રઝાકારોએ તેમની સામે નારા લગાવ્યા : 'નિઝામ કે કદમોં મેં નેહરુ કો ઝૂકા દેંગે. પટેલ-મુનશી કો કબરો મેં ગાડ દેંગે'. બીજી સવારે મુસ્લિમ અખબારોએ મુનશીને હિંદી લશ્કરના પ્રથમ સૈનિક કહી વગોવ્યા. નિઝામ, તેના મંત્રીઓ, લશ્કરના સેનાપતિ અંગ્રેજ એલ. એડ્રુઝ તે બધા જ મુનશીના આગમનથી ધૂંધવાયા હતા. મુનશીને નિઝામના મુખ્યમંત્રી લાયકઅલીએ એવો બંગલો આપ્યો જ્યાં તેમની ગતિવિધિ ઉપર સીધી જાસૂસી કરી શકાય. મુનશીની નરમ તબિયતની ખબર કાઢવા સરકારી ડૉક્ટર અંગ્રેજ કર્નલ વગરે પોતાની ફરજ સમજીને ગયા તો તેને બરતરફ કરી હૈદરાબાદથી કાઢી મૂક્યા. કોઈ ડૉક્ટર મુનશીની સારવાર કરવા તૈયાર ન થયા. આખરે સરોજિની નાયડુના વૃદ્ધ પતિ નિવૃત્ત ડૉ.નાયડુને તે કામ કરવાનો વારો આવ્યો. કેટલાક સમજદાર મુસ્લિમ અફસરો અને નાગરિકો મુનશી સાથે સંબંધ રાખવા ગયા તો રઝાકારોએ તેમને હેરાન કરવા માંડ્યા. રઝાકારોની આ અને બીજી પ્રવૃત્તિઓ વિશે 'ઇમરોઝ' નામના ઉર્દૂ અખબારના બહાદુર તંત્રી શોહેબુલ્લા ખાને લખ્યું તો રઝાકારે તેમનું ખૂન કર્યું. સારા રાજ્યમાં આતંક અને ભયનું સામ્રાજ્ય ફેલાવી દીધું. અરે! નિઝામના એક વિશ્વાસુ અંતેવાસી નવાબ હોશિયારજંગ પણ મુનશીને ચોરીછૂપીથી મધરાતે મળવા આવવા લાગ્યા! નિઝામને તો તેના મંત્રીમંડળ તથા રઝાકારોએ નજરકેદી બનાવી દીધેલા. અને પરિણામે નિઝામની મુનશી સાથે માત્ર બે જ મુલાકાત થઈ. પહેલી જ્યારે મુનશી એજન્ટ જનરલ થઈને આવ્યા ત્યારે, અને બીજી જ્યારે સપ્ટેમ્બર ૧૯૪૮માં નિઝામે હિંદી ફોજ સમક્ષ શરણાગતિ સ્વીકારી ત્યારે.

અને જાન્યુઆરીથી સપ્ટેમ્બર - પૂરા નવ મહિના નિઝામના પાકિસ્તાની સલાહકારો તથા ભારતદ્વેષી પુરાણા અંગ્રેજ અફસરોએ વાટાઘાટોના ઓઠા હેઠળ નેહરુને બેવકૂફ બનાવ્યા કર્યા. અને તેમાં માઉન્ટબેટનનો સાથ હતો. દરમિયાન રઝાકારઓ હૈદરાબાદ રાજ્યનાં ૨૫૦ ગામડાંની હિંદુ પ્રજાને લૂંટી, મારી, બળાત્કારો કર્યા અને હીઝરત કરાવી. ઝેકોસ્લોવેકિયાથી ગેરકાયદેસર શસ્ત્રો ખરીદી ૧ લાખ રઝાકારોને વહેંચ્યાં. લશ્કરને ભારત સામે લડવા પાકિસ્તાનથી-બ્રિટનથી અફસરો બોલાવી ટ્રેઈનિંગ આપી. આનો કાગળ ઉપર વિરોધ નેહરુ કરતા રહ્યા. પણ માઉન્ટબેટનની દોસ્તી એવી સજ્જડ હતી કે કોઈ કારગત પગલું નેહરુએ લીધું નથી. નિઝામે યુનોમાં ફરિયાદ કરી છતાં નેહરુ મૂગા રહ્યા. મુનશી સરદાર પટેલને વારંવાર દિલ્હી જઈ મળતા રહ્યા. અને સરદાર પટેલ તેમને આશ્વાસન આપતા રહ્યા કે ઓગસ્ટમાં માઉન્ટબેટન ગવર્નર-જનરલશિપ છોડશે પછી જ પોતે કાંઈક કરી શકશે. કારણ નેહરુ ઉપરાંત ભારત સરકારમાં હજુ ઘણા અમલદારો અને નોકરશાહી હિંદુદ્વેષી હતી. મુસ્લિમ નિઝામને ઊની આંચ ન આવવી જોઈએ તેવી પેરવી કર્યા કરતી. થોડાંક વી.પી. મેનન જેવા અપવાદો હતા. પણ તેય પરિસ્થિતિ પારખીને મુનશીને ધૈર્ય ધરવા કહેતા. વચ્ચે નિઝામે સર મીરઝા ઇસ્માઈલ નામના એક ડાહ્યા રાજનીતિજ્ઞની સલાહ માગી. તો તેણે સલાહ આપી કે ભારતમાં ભળી જવામાં જ નિઝામ અને તેની પ્રજાનું ભલું છે. પણ નિઝામે તેમની સલાહ માની નહિ. અને રઝાકારોના હાથમાં રમતો રહ્યો. રઝાકારોએ મદ્રાસ અને મુંબઈ પ્રાંતની સરહદો પર હલ્લા કરી હિંદુઓને રંજાડ્યા. મદ્રાસ-મુંબઈ મેલને હૈદરાબાદની સરહદમાં લૂંટ્યો. બારસી નામનું મુંબઈ પ્રાંતનું ગામ ચોતરફથી હૈદરાબાદ રાજ્યની સરહદોથી ઘેરાયેલું હતું. ત્યાં નિયમ મુજબ ભારતીય લશ્કર અવારનવાર આવ્યા કરતું. તો ભારતીય સૈનિકો પર રઝાકારો એકવાર ત્રાટક્યા અને ૧૨ સૈનિકોને મારી નાખ્યા, બીજાને ઘાયલ કર્યા. છતાં

નેહરુની આંખ ઊઘડી નહિ, પણ સરદાર પોતાની યોજનાઓ ઘડતા રહ્યા. અને ઑગસ્ટ ૧૯૪૮માં માઉન્ટબેટને વિદાય લીધી અને રાજાજી ગવર્નર જનરલ બન્યા કે તરત જ તેમણે સરદાર સાથે મળી વાતનો દોર હાથમાં લીધો. નેહરુને બાજુએ હડસેલી રાજાજીએ નિઝામને અલ્ટિમેટમ આપ્યું. નિઝામે જવાબમાં તોછડાઈભર્યાં જૂઠાણાં ઉચ્ચાર્યાં. પરિણામે સરદાર પટેલની યોજના મુજબ હિંદી લશ્કર ૧૩મી સપ્ટેમ્બર ૧૯૪૮ના શુભ દિને હૈદરાબાદ સર કરવા દાખલ થયું. આગલા દિવસે મુનશીએ ફોન ઉપર સરદાર પટેલને પૂછેલું કે, 'હવે સરદાર સાહેબ ક્યારે અમારો ઉદ્ધાર કરો છો ?' ત્યારે સરદારે તેમની લાક્ષણિક તળપદી ગુજરાતીમાં જવાબ આપેલો, 'નેળનાં ગાડાં નેળમાં રહ્યાં સાંભળ્યાં છે? રેડિયો સાંભળતા રહેજો.'

નિઝામના લશ્કરી અફસરે ચાર મિલિટરી ટ્રકો ભરીને નિઝામના સૈનિકોથી મુનશીના નિવાસને ઘેરો ઘાલ્યો. નજરકેદ કર્યા. તે અગાઉ મુનશીએ પોતાના સ્ટાફમાંથી ઘણા અફસરોને હેમખેમ હૈદરાબાદ બહાર સહકુટુંબ પહોંચાડી દીધેલા. થોડાક મુનશી જેવા બહાદુરોએ રણ છોડવાની ના પાડેલી. મુનશી તો નિત્યનિયમ મુજબ એક સાંજે ફરવા નીકળ્યા. ત્યારે નિઝામના સૈનિકે ઉદ્ધત રીતે તેમને પડકાર્યા. 'અંદર જાવ... અંદર જાવ...' પણ મુનશી અદબ વાળી અડગ ઊભા રહ્યા એટલે પેલો સૈનિક પોતાના તંબુની અંદર ચૂપચાપ ચાલી ગયો. મુનશીએ ઇવનિંગ વૉક પૂરો કર્યો. ૧૪-૧૫ સપ્ટેમ્બરના બે દિવસો મુનશીએ ગીતાપાઠમાં અને ધ્યાનમાં ગાળ્યા. કારણ ટેલિફોન લાઈનો રઝાકારોએ કાપી નાખેલી. હૈદરાબાદ રેડિયો બોલતો હતો, 'અમે હિંદુ ફોજને મારી હઠાવી છે', તો ઑલ ઇન્ડિયા રેડિયો બોલતો હતો, 'ભારતીય ફોજ હવે હૈદરાબાદથી માત્ર ૧૫ માઇલ દૂર છે.'

૧૬મી સપ્ટેમ્બરની મોડી રાતે નિઝામના અંતેવાસી નવાબ દીનયાર જંગ મુનશીને મળવા આવ્યા અને કહ્યું : 'આલા હઝરત નિઝામ આપની સલાહ માગે છે. મુનશીનો દિલ્હી-સંપર્ક તૂટી ગયેલો. એટલે તેમણે જૂની વાત દોહરાવી : 'તેમને કહો ભારત સરકારની શરતો સ્વીકારી લે.' ૧૭મી સપ્ટેમ્બરે જનરલ એડ્રુઝ મુનશીને મળવા આવ્યા ને કહ્યું કે દીનયાર જંગને નિઝામે જ મોકલ્યા હતા, અને કિંગકોઠી ઉપર મુનશીએ નિઝામને સાંજે ચાર વાગે મળવા જવું. પછી નિઝામના મુખ્યમંત્રી લાયકઅલી આવ્યા ને કહ્યું કે પોતે રાજીનામું આપી દીધું છે, અને નિઝામે મુનશીને મળવા આતુરતા દર્શાવી છે. સાંજે ચાર વાગે તાવભરેલા શરીરે નિઝામને મળવા મુનશી ગયા ત્યારે જોયું કે નિઝામ સાવ ભાંગી પડ્યો હતો. તેના મુખ પર કાલિમા છવાઈ હતી. હાથ ધ્રૂજતા હતા. મુનશીએ તેને આશ્વાસન આપતાં કહ્યું કે તમે હૈદરાબાદ રેડિયો પર જઈ જાહેરાત કરો કે તમારા આમંત્રણથી ભારતીય લશ્કર કાયદો ને વ્યવસ્થા જાળવવા આવ્યું છે, અને તમે યુનોમાંથી ભારત સરકાર વિરુદ્ધ ફરિયાદ પાછી ખેંચી લીધી છે. વળી રઝાકારોને હદપાર કરવાનો હુકમ કર્યો છે, અને પ્રજાએ ભારતીય લશ્કર સાથે સુમેળથી વર્તવાનું છે. કોઈએ કશો ભય રાખવાનો નથી. નિઝામના આગ્રહથી મુનશીએ પ્રજાને આશ્વસ્ત કરતાં કહ્યું : 'આપણે સહુ ભારતીય છીએ. સહુએ સાથે મળી સલાહસંપથી રહેવાનું છે...' અને આમ સરદાર પટેલે આદરેલ ભારત એક અને અખંડ રાખવાના યજ્ઞની સરસ પૂર્ણાહુતિ તેમના નાના ભાઈ જેવા જવાંમર્દ મુનશીના હાથે થઈ તેનો આનંદ અને ઉલ્લાસ સમગ્ર ભારતમાં ફેલાઈ ગયો. અમે મુંબઈમાં રેડિયો પર આ સમાચાર સાંભળી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના શુભ દિને અનુભવેલ આનંદ જેવી જ લાગણીઓથી ભીંજાણા અને ફરી એકવાર અમને થયું કે જ્યાં સુધી સરદાર-મુનશી જેવા મહાવીરો ભારતમાં પાકશે ત્યાં સુધી હવે આ ભૂમિને કોઈ આક્રમણખોરો ફરી પદાક્રાન્ત નહિ કરી શકે.

પરંતુ પ્રધાનમંત્રી અને વિદેશખાતું સંભાળતા નેહરુએ મુનશીને અભિનંદન આપવાને બદલે ચીમકી આપતો સંદેશ મોકલ્યો કે તમારે નિઝામ સાથે કોઈ વ્યવહાર કરવાનો નથી. ભારત સરકાર વતી કંઈ બોલવાનું નથી... જ્યારે ગૃહમંત્રી સરદાર પટેલ તથા ગૃહસચિવ વી.પી. મેનને મુનશીની અપૂર્વ કામગીરીની સરાહના કરતા શાબાશીના પત્રો લખ્યા, જે ભારત સરકારના ચોપડામાં આજે પણ મોજૂદ છે તેમ 'હૈદરાબાદ ઇન્ટરલ્યૂડ'નામના પ્રકરણમાં નોંધેલ છે. પુસ્તક છે મુનશીની સિત્તેરમી વર્ષગાંઠની ઉજવણીરૂપે પ્રસિદ્ધ થયેલ : 'મુનશી હિઝ આર્ટ એન્ડ વર્ક'ના વૉલ્યૂમ બીજા 'ફિફ્ટી યર્સ ઑવ્ પૉલિટિક્સ'નાં પૃષ્ઠો ૧૭૮થી ૨૨૦ સુધીમાં. આ લેખ તો અધિકૃત હકીકતોની ટૂંક નોંધમાત્ર છે. પછી મુનશીએ પોતે લખેલ 'મેમ્વાર્સ ઑવ્ હૈદરાબાદ'નામના અંગ્રેજી પુસ્તકનો હિંમતભાઈ મહેતાએ 'હૈદરાબાદનાં સંસ્મરણો' નામે કરેલ મજાના અનુવાદના ૮૦ ઉપરાંત પ્રકરણોમાં આ ઐતિહાસિક વિજયની વીગતવાર ગાથા સહુએ વાંચવા જેવી છે. તે વાંચ્યા બાદ માત્ર એક અફસોસ મનમાં જાગ્યો કે ધારો કે ગાંધીજીની હત્યા ૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ ન થઈ હોત તો આ નિઝામની શરણાગતિનું પ્રકરણ ગાંધીજીના વચન મુજબ સપ્ટેમ્બરને બદલે એપ્રિલ ૧૯૪૮માં લખાઈ ગયું હોત. અને હજારો નિર્દોષ હિંદુઓનાં લોહી પાકિસ્તાની રઝાકારો નિષ્ઠુર-પણે રેડી શક્યા ન હોત. કારણ ગાંધીમાં એવી ઠંડી તાકાત હતી કે તે નેહરુની જેમ માઉન્ટબેટન પાસે નમતું જોખવાને બદલે નિઝામને ઠેકાણે લાવવા માટે નેહરુને હુકમ કરી શકત.

ઢૂંસ

ભગીરથ બ્રહ્મભટ્ટ

દિવસો તો રેલાની જેમ વહી રહ્યા હતા. પણ જીવો ઠાકોર ટાઢોબોળ ઊભો ઊભો આભલાને તાકી રહ્યો હતો. એને થયું હમણાં આષાઢ બેસશે. અને વરસ આવી જશે... માગનારા પઠાણો ઉઘરાણી કરશે. ચંદુ વાણિયો, પશો ઠગ, કેશો ઘાંચી, આ ત્રણ જણા તો પાડા જેવા. એ નહિ છોડે! અને બીજા તો કેટલા બધા!!! ઘરમાંથી કાળી કરાંજી -

'કૌસુ હોંભળો સો? હવે આ ભૂરી આજકાલમાં વિયાશે ઈનં ખોંણમાં ભેળવવા ચ્યોંકથી ઢૂહ લઈ આવો તો?'

જીવા ઠાકોરે માથે ફાળિયું મેલ્યું. ખભે પછેડી નાખી. એ દેવું ભરપાઈ કરવાની વેતરણમાં હતા. એમને હતું કે ભૂરી ભેંસ વેચી દઉં તો બે જણાનું દેવું પતે, પણ કાળી કોઈ વાતે માનતી નહોતી. એ કહેતી'તી -

'છોરીને પણ ખાટલો આબ્બાનો, પેંલ્લાં આંણે તેડી લાબ્બાની. દિવાળી ઉપર ખોળો ભરાસે... કોંય ભોનબોન સં...'

જીવા ઠાકોરની ગણતરી ખોટી પડી એટલે એ ગુસ્સે થઈ ઘરની બહાર નીકળ્યા. સિધ્ધા જોઈતારામને કૂવે...

'અલ્યા જોઈતારોંમ, પોટલો ઢૂંહ લૌં?'

'ભલા મોંણહ, લૈ જા, ઈમાં પૂછવાનું હું? પણ... તમારું ડોબું વેચવાનું હતું ઈમ હાંભળ્યું'તું ને?'

'ભૈ વેચવું'તું પણ...'

'પણ...શું?'

'એ રોંડ ના પાડ્અ છ્અ.'

'શી કિંમત મેલી?'

'વજો દરબાર અઢારસો કેતો'તો.' જીવા ઠાકોરે કહ્યું.

'હારા કેવોય.' જોઈતારામ બોલ્યા.

'ભૈ, એ તો મુય જોણું છું. પણ મૂળે વેચવાની જ ના પાડે છે...'

જીવો ઠાકોર ચિંતા કરતા હતા. દીકરીને પરણાવ્યા પછી એ દેવાદાર થઈ ગયેલા. જમીન ગિરવે મેલાઈ ગઈ હતી. કાળીનો કકળાટ રોજનો. એ કકળાટે તો મા અને બાપ બન્ને ગયાં. બાપા રોજ કે'તા'તા - 'વૌ વંઠેલી મળી ભૈ!' એ ફાવે તેમ બોલતી. જીવા ઠાકોરને થયું બાપાને કંઈ અટેક અમથો આયો હશે?... રાંડની જાત!! જીવો ઠાકોર ઢૂંસનો પોટલો માથે લેતા હતા ત્યાં -

'અલ્યા જીવા ઠાકોર, બોલો. ભેંસ આપવી હોય તો બોલો. આ બાપુપરાનો ઑંજણો લેવા આયો છ.' શિવરામ આંજણા તરફ આંગળી કરતા વજુભા બોલ્યા.

જીવા ઠાકોરને થયું, સારી કિંમત આવે તો આપી દઈએ. પછી થયું, પણ ઘરવાળીને પૂછવું તો પડે કે નહિ!

'જીવા ઠાકોરને નંઈ, કાળી ઠકરોણીને પૂછો' - જોઈતારામે કહ્યું.

'હાચી વાત' જીવા ઠાકોરે કહેતાં તો કહી દીધું પણ એને ના ગમ્યું.

'જીવા ઠાકોર! કેનાર કહી રહ્યા. અઢારસો નૈ પૂરા ઓગણીસો આલીસું. હવે કોંઈ?' - વજુભાએ 'હા' પડાવવા કહ્યું.

'હવે ના બોલશો. હા કહી દ્યો.' શિવરામ બોલ્યા.

'અલ્યા, તમે નકોંમી ભોડાકૂટ કરો છો... એ તો કાળી ઠાકેરી કે' દા'ડો તો દા'ડો ને કે' રાત તો રાત. એટલામાં હમજી જાઓ ન?'

'હેંડો ઘેર'... જીવા ઠાકોરે હિંમતથી કહ્યું.

વજુભા એટલે ભેંસોનો દલાલ. ભેંસોનો દાક્તર. જે ગણો તે. ગામમાં ડોબું લેવા-વેચવામાં એની દલાલી હોય જ. તેમને ત્યાં શિવરામ આંજણો ભેંસ ખરીદવા આવેલો. વજુભાએ જીવા ઠાકોરની ભેંસ બતાવી.

ત્રણેય જણા વાતો કરતાં કરતાં ઘરે આવ્યા. રસ્તામાં નાતના ઢાળા, પટલાઈ, ખેતી, મજૂરી ઊપજ, ફજેતીની કેટકેટલી વાતો કરી હતી?

જીવા ઠાકોરને ઢૂંસ લેવા મોકલેલી કાળી પસા ઠગને ખળે ઉનાળુ બાજરીના પૂળા લણવા ગૈ'તી. વીસ પૂળે એક પૂળો મળતો. એ બે પૂળા લઈ ઘેર આવી તો ઘરના આંગણે બે જણા બેઠેલા જોયા. છેટેથી વરતી ગઈ. એક તો વજો દલાલ... ને બીજો ?

એ એના બાળપણમાં ખોવાઈ. પિયર સાંભર્યું. આંજણાને ત્યાં એના બાપા મજૂરી કરતા... એમનો દીકરો શિવરામ!! ખેતરમાં બંને સાથે ફરતાં. શેઢે આંબા રોપતાં..શિંગો ફોલતાં... પગમાં સૂળો વગાડતાં - સૂળને સૂળથી કાઢતાં...

કેટકેટલું યાદ આવ્યું! એક વાર શિવરામના હોઠમાં ઢૂંસ ભરાઈ ગએલું... હોઠ ફૂલીને ઢોલ... એ ટગર ટગર શિવરામને જોઈ રહી. પૂળા ઓશરીમાં નાખી તરત બોલી -

'ચ્યમ શિવરોંમ તમે? હું કરઅ છઅ લવજીભા? મારા બાપા?'

શિવરામે કહ્યું - 'કાળી, તમે?'

વજુભાએ કહ્યું - 'અલ્યા, આ તો એક ગૉમનાં.'

કાળીએ ચા બનાવી. ચા પીતાં પીતાં વજુભાએ પૂછ્યું - 'શું કહો છો?'

'શાનું?'

'ભૂરી ભેંસનું?'

'વજાભા, મી એક વાર કીધુક નહિ વેચવી -'

'કોંય વાંધો નૈ, ભા. તમારો માલ છ્અ.'

શિવરામ ઓશરીમાંથી ઘરમાં આવ્યો. ગજવામાંથી રૂપિયા દસની નોટ કાઢી કહેવા લાગ્યો -

'લ્યો.'

કાળીની આંખોમાં આંસુ હતાં. એ ડબ ડબ કરતાં ખરી

પડ્યાં. શિવરામને નાનપણની કાળી યાદ આવી. એ બોલ્યા,

'લ્યો ઝાલો, ભેંસ નૈ લૈ જૌ.'

કાળીએ દસની નોટ હાથમાં લેતાં શિવરામના બાવડા સામું જોઈ લીધું. કેવો પાડા જેવો...!! એને થયું, ભગવાને મને કોક આંજણાને ઘેર જલમ આલ્યો હોત તો?

કાળીએ રડતી આંખે શિવરામ સાથે એવી તો કેટલીય વાતો કરી લીધી. જીવો ઠાકોર જોતા જ રહી ગયા.

શિવરામ અને વજુભા ઊભા થઈ મહોલ્લો છોડતા હતા. ત્યાં સુધી કાળી તેમને તાકતી રહી. એટલામાં સમાચાર આવ્યા :

'કંકુનો અખાઢી બીજે ખોળો ભરવાનો...'

કાળીએ કહ્યું - 'ઠાલે હાથે દીકરીને ઘેર જશો? મૈં ચ્યોંકથી...'

જીવો ઠાકોર આખા ગામમાં ફર્યો. કોઈએ કંઈ ના આપ્યું. કાળીએ એના કોટમાંથી ચાંદીનો દોરો અને પગમાંથી કડલાં કાઢી આપ્યાં.

અષાઢ મહિનાની એકમે જીવો ઠાકોર દીકરીને તેડવા ઊપડ્યો.....

અષાઢ મહિનો. એકમની રાત. કાળી એકલી. ભૂરી ભેંસને પૂરા દહાડા થઈ ગયેલા. અડધી રાતે ભેંસ હેરાન થતી હતી. જીભ બહાર કાઢી નાખતી હતી. કાળીએ વજુભાને કહેવડાવ્યું. વજુભાએ આવીને કહ્યું - 'તેલ લાવો.'

કાળીએ વાડકીમાં થોડું તેલ આપ્યું. તેલની વાડકીમાં આંગળાં બોળી જમણા હાથનો પંજો આખોય તેલવાળો કરી, ભેંસનું પૂંછડું એક હાથે ઝાલી અંદર આખો હાથ નાખી દીધો. ભેંસે જીભ કાઢી, કાળીને શિવરામ અને જીવો ઠાકોર બંને એકસાથે યાદ આવ્યા.. કાળી જોઈ રહી.

અંદર હાથ ફેરવી ફેરવીને હળવેથી પાડુ બહાર કાઢ્યું. અંદરનો જીવ મરી ગયો હતો. કાળીએ જોયું તો એ પાછો પાડો હતો.

વજુભા બોલ્યા - 'કાળી વૌ, ચ્યોં જ્યા જીવો ઠાકોર?'

'છોરીને તેડવા.'

'આના કરતાં રૂપિયા ઓગણીહોં લઈ લીધા હોત તો!'

કાળી કંઈ ન બોલી. વજુભા ગયા. કાળીએ ખાણ કાઢી એમાં ઢૂંસ ભેળવી ભેંસને મૂક્યું. ભેંસ મરેલા પાડાને ચાટતી હતી. રેંકતી હતી.

કાળી રાહ જોતી હતી, પણ આભલામાંનાં ઠાલાં વાદળાંની જેમ બીજા દિવસે જીવો ઠાકોર ઠાલેઠાલા પાછા આવ્યા.

કાળીએ પૂછ્યું - 'કંકુ ક્યાં?'

જીવો ઠાકોર કહે - 'હવારે શકન કરવાના ટૈંમે જ ઈને કસર પડી ને કહવાવડ થૈ જૈ...'

આ વરસે અષાઢ વીતવા આવ્યો તો'ય વરસાદનું નામનિશાન નો'તું, એની આંખો ઠાલાં વાદળાંથી ઠસોઠસ ભરેલા આભલાને ફીંદી રહી... જીવો ઠાકોર પણ નિસાસો નાખી બબડ્યા -

'આ ઢૂંહ જેવા જીવતરમાં ચેટચેટલી બળતરાઓ!!' □

અનુસંધાન|સંમુખ સાગરમઠ|પૃષ્ઠ ૨૫૮થી

ઉત્તર ભાગમાંથી અતિકષ્ટે ભેગું કરીને લવાતું લવણ પણ પૈસાની જગ્યાએ વપરાતું હતું, એમ માર્કો પોલોએ નોંધ્યું છે. નવાઈ તો એની છે કે ઉપરના વર્ણનમાંની ઘણી વિગતો આજના તિબેટમાં પણ એ જ રીતે લાગુ પડે છે!

સમકાલીન અભ્યાસીઓનું તારતમ્ય એ રહ્યું છે કે દસમીથી પંદરમી સદી દરમિયાન અતિદૂરના આ દેશ તિબેટ તથા મધ્યયુગીય યુરોપમાં ઘણી બાબતો સમાંતરે થતી આવી હતી. બંને પ્રદેશોમાં ધર્મ બહુ પ્રમાણમાં સુસ્થાપિત થયો ને એ સાથે જ, તાત્ત્વિક વિચારધારા, સાહિત્યિક કથાનક, કળાઓ વગેરે ક્ષેત્રો ઘણાં વિકાસ પામ્યાં. પણ આ કાળને અંતે બંને સંસ્કૃતિઓ ભિન્ન માર્ગે વળતી ગઈ. યુરોપમાં નવ-કલ્પનનો-રેનેસાંનો - યુગ શરૂ થયો. જ્યારે તિબેટની સર્જકતા સ્થગિત થતી ગઈ. અલબત્ત, બૌદ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર એ જરૂર બન્યું, અને એ રીતે એનું વર્ચસ્વ આસપાસના દેશો પર વ્યાપક રીતે રહેવા માંડ્યું.

તિબેટની આદિ પ્રજા બિન-ચીની છે, અને મધ્ય-એશિયામાંથી ઊતરી આવેલી ગણાય છે. પ્રથમથી જ જિપ્સીઓના જેવી ભ્રમણ-પરાયણતાની સ્વાભાવિક ખાસિયત ધરાવતી જાતી આજે પણ આખું વર્ષ એ જ રીતે ભમતી રહે છે, તો તિબેટના ફળદ્રુપ દક્ષિણ ક્ષેત્ર-પ્રદેશમાં વસેલાં સદસ્યોની સ્થાયી જીવનરીતિ બે હજાર વર્ષોથી ભાગ્યે જ કશાં પરિવર્તન પામી છે. તિબેટમાંના પ્રથમ રાજવી આકાશમાંથી ઊતરી આવ્યા હોવાનું મનાય છે. અને એ પ્રજા દ્વારા દેવની જેમ પૂજાતા. દેવોના વંશજ સમા પ્રથમ થોડા રાજવીઓ 'આકાશી રજ્જુ' દ્વારા સ્વર્ગમાં પાછા જઈ શકતા અને પૃથ્વી પર એમનાં કોઈ પાર્થિવ ચિહ્નો રહેતાં નહીં. છઠ્ઠી પેઢીમાં બનવાકાળે એક રાજવી શિશુને ભૂલમાં એક અપશુકનિયાળ નામ અપાઈ ગયું - 'દ્રિ-ગમ' એટલે કે 'જે દુષિત હવામાં હણાવાનો છે તે'. એક યુદ્ધમાં એ જ રીતે એ રાજાનું મૃત્યુ થયું અને ત્યારથી તિબેટના રાજાઓ માનવીય બન્યા.

તિબેટના રાજાઓ વિષેની માહિતી સૌથી પહેલી વાર ચીનને, સાતમી સદીમાં, સુઈ રાજવંશ દરમિયાન મળી અને ત્યારથી ચીન અને તિબેટ વચ્ચે રાજકારણીય યુદ્ધો સતત થવા માંડ્યાં. ત્યારે તો તિબેટ ઘણું વધારે શૌર્ય-સશક્ત હતું અને ચીનના સરહદી વિસ્તારો એણે સર કરી લીધેલા અને ચીનને સાવ થકવી દીધેલું. આથી જ તિબેટનો ભાગ્યપલટો અત્યંત કરુણ અને કષ્ટપ્રદ લાગે છે. (ક્રમશઃ)

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

તિબેટમાં બૌદ્ધધર્મ

રાજકુળમાં જન્મેલા અને સંપત્તિની છોળોમાં ઊછરેલા સિદ્ધાર્થ ૨૯ની યુવાન વયે રથારૂઢ થઈ પ્રાસાદ છોડી દુનિયા જોઈ ત્યારે રોગિષ્ઠ, શબ, વૃદ્ધ અને ભિક્ષુકને જોતાં વિચારમગ્ન બની ગયા. સંસારના આ સંતાપોથી માનવને કઈ રીતે છુટકારો મળે તેના ચિંતનમાં એમનું મન વ્યસ્ત બન્યું અને એક રાતે પત્ની અને પુત્રને છોડી તેમણે ગૃહત્યાગ કર્યો. ઈ.સ. પૂ. ૫૬૩માં જન્મેલા આ ક્ષત્રિય રાજપુત્રને તેમની આ જ્ઞાનપ્રાપ્તિની યાત્રામં બોધ - ગયા પાસે એક ખખડધજ પિપ્પલવૃક્ષ નીચે ધ્યાનસ્થ દશામાં પોતાને મૂંઝવતા પ્રશ્નોનો જ્ઞાનબોધ થયો ત્યારથી તે બુદ્ધ બન્યા. અને આ બુદ્ધે મુખ્યત્વે કરુણા અને અહિંસા, નિર્વાણપથ અને મધ્યમમાર્ગનો બોધ ઈ.સ.પૂ.૪૮૩માં ૮૦ વર્ષની વયે તેમનું દેહાવસાન થતાં સુધી પ્રબોધ્યો તે બૌદ્ધધર્મ. આજે આ બૌદ્ધધર્મના અનુયાયીઓની સંખ્યા ૧૮૦,૦૦૦,૦૦૦થી પણ વધારે થવા જાય છે. તે મૂળ ભારતસપૂત બુદ્ધે પ્રબોધેલો ધર્મ તેની તળભોમમાંથી ઈસુની ૧૨મી સદીના ઉત્તરાર્ધમાં નામશેષ બન્યો. કર્મકાણ્ડ અને જડ ધર્મઝનૂની બ્રાહ્મણોની તત્કાલીન તત્પરક વિચારણા સામે તર્કપૂત વિરોધવંટોળ જગવનાર અને માનવ-આત્માની સનાતન શાંતિના ઉપાયો આંતિરક સ્તરે દર્શાવનાર આ સાચા બળવાખોર ક્ષત્રિય સપૂતનાં પછીથી ભારત બહાર સ્વીકાર-સન્માન થયાં. આ ભૂમિમાં પ્રકટેલી વિચારક્રાન્તિની મશાલનાં અજવાળાં દૂરદૂર દેશાવરે પહોંચી ગયાં. તિબેટ આમાંનું એક.

તિબેટમાં બૌદ્ધધર્મ પ્રવેશ્યો તે પૂર્વે ત્યાંની પ્રજા પાસે કશું લિખિત સાહિત્ય નહોતું. એમને મન તો જે નરી આંખે દેખાતું અને મન જેવું વિચારતું-વિચરતું તે જ જગત! આથી પર્વતમાળાનાં ઊંચાં શિખરો અને ઊંડી ખીણોમાં વસતા શક્તિશાળી ભૂતપ્રેતાત્માઓ ધરતીકંપ, હિમપ્રપાત, દુષ્કાળ અને રોગચાળો સર્જે છે, એમ તેઓ માનતા. ત્યાંના આદિવાસીઓ આ પ્રકોપોની સામે જાદુટોણાં અને જીવબલિદાનથી શાતા અને મુક્તિ મેળવવાના પ્રાકૃત આચારોમાં રાચતાં હતાં ત્યારે ત્યાં બૌદ્ધના પ્રકાશપુંજના રક્તિમ કિરણથી વિકસિત પદ્મદલમાંથી જે તારણહારનો સંભવ થયો તે 'પદ્મસંભવ' કહેવાયા. આ પદ્મસંભવે દૈત્યોને નાથ્યા અને વજ્રપાત સમી વીજળીના કડાકા સામે અવિચલ રહી આગળ વધ્યા. ચિતા સાથે તેમને બાંધવામાં આવ્યા છતાં તેમણે તે જ્વાળાઓને શીતળ જળના ફુવારામાં ફેરવી નાખી. અને આમ જાણે એ બુદ્ધના અવતારી-અનુયાયીએ સહુ દૈત્યોને મહાત કરી ત્યાંની ભયપીડિત આદિવાસી માનવજાતને આત્મ- નિર્ભરતા અને આત્મશાન્તિના માર્ગે વાળી. તળ ભૂમિની શ્રદ્ધા અને માન્યતાઓની સાથે બૌદ્ધધર્મના તાંત્રિક સંપ્રદાયના સમન્વયથી



રુદ્રરૂપ મુખવટા અને જમણા હાથમાં ખંજર ધારણ કરેલા તિબેટના લામા ત્યાંના આદિવાસીઓને સતાવતા અસુરોને આ રીતે ડારી રહ્યા છે.

ત્યાં આ નૂતન ધર્મવ્યવસ્થાનો પાયો નખાયો. આ પૂર્વેની ત્યાંની પહાડી લડાયક અને વહેમી આદિવાસી પ્રજા હવે ધર્મસંઘો, ધર્મપુરુષો અને ધર્મસ્થાનો તરફ શાન્તિ અર્થે વળી.

બૌદ્ધ લામાઓથી અને તેમના અનુયાયીઓથી આખો દેશ ઉભરાવા લાગ્યો. ૧૫મી સદીમાં લામાઓ પુનર્જીવિત થાય છે તે માન્યતાના સ્વીકાર સાથે પીત શિરબંધી (Yellow Hat)ઓનો સુધારક સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો. આ સંપ્રદાય એમ માને છે કે જયારે લામા મૃત્યુ પામે છે ત્યારે તત્કાલ નવજાત શિશુમાં તેનો આત્મા પ્રવેશે છે. અને તે પૂર્વોક્ત લામાનો અનુગામી બને છે. આમ, દલાઈ લામા ત્યાં દેવતુલ્ય રાજવી મનાય છે. તિબેટની ભાષામાં 'દલાઈ'નો અર્થ થાય છે સાગર. અને આ સાગર એટલે લાક્ષણિક અર્થમાં જ્ઞાનસાગર. દલાઈ લામાનો જે અવતારી શિશુ ગણાય છે તેના કાન વિશિષ્ટ સુદીર્ઘ હોય છે અને તેનો સ્કંધપ્રદેશ દેવપુરુષના બાહુની ઝાંખી કરાવે છે. તેનામાં પૂર્વજન્મની જાણકારીના અણસાર પ્રાપ્ત થતા હોય છે. આ લામા સંપ્રદાયીઓ એમ માને છે કે પૂર્ણ શાન્તિ પ્રાપ્ત કરવા અનેક જન્મોમાંથી પસાર થવું પડે છે. - ધીરુ પરીખ

'હું ખેડું છું, વાવું છું અને મારો નિર્વાહ ચલાવું છું'

ડૉ. આર.ટી. સાવલિયા

બૌદ્ધધર્મમાં ત્રિપિટકોનું મહત્ત્વ ઘણું જ છે. બૌદ્ધ પાલી ત્રિપિટકોના ત્રણ મુખ્ય વિભાગ છે : (૧) સુત્તપિટક, (૨) વિનયપિટક અને (૩) અભિધમ્મપિટક. સુત્તપિટકના પણ પાંચ પેટા વિભાગ છે. દીઘનિકાય, મજ્ઝિમનિકાય, સંયુત્તનિકાય, અંગુત્તરનિકાય અને ખુદ્દકનિકાય.

ખુદ્દકનિકાયમાં ૧૫ પ્રકરણો છે, જેમાંનું સુત્તનિપાત એ પાંચમું પ્રકરણ છે. સુત્તનિપાતમાં ચાર આર્યસત્યોનો નિર્દેશ શરૂઆતમાં જ કરવામાં આવ્યો છે. મૌર્યસમ્રાટ અશોકના ભાબ્રુ શિલાલેખમાંના સાત ધર્મપર્યાયો પૈકી મુનિસુત્ત, નાળકસુત્ત અને સારિપુત્ત સુત્ત એ સુત્તનિપાતનાં સુત્તો છે. આ સુત્તનું ત્રિપિટકમાં બહુ ભારે મહત્ત્વ છે.

આ સુત્તનિપાતના પ્રથમ વિભાગ 'ઉરગવગ્ગ'માં કસિભારદ્વાજ સુત્ત આવેલું છે, જેમાં કૃષિભારદ્વાજની ગાથા છે : એક વાર ભગવાન બુદ્ધ દક્ષિણગિરિ પ્રાંતમાં એકનાળા નામના બ્રાહ્મણગ્રામમાં રહેતા હતા. તે વખતે કૃષિભારદ્વાજ બ્રાહ્મણના ખેતરમાં વાવણી થઈ રહી હતી. તે સમયે પાંચસો હળ વાવણી કરી રહ્યાં હતાં. ત્યારે પ્રભાતમાં ભગવાન ચીવર પરિધાન કરીને અને પાત્રચીવર લઈને કૃષિભારદ્વાજ બ્રાહ્મણને ખેતરે ગયા. ત્યાં કૃષિભારદ્વાજનો ભોજનસમારંભ ચાલતો હતો. ત્યાં જઈને ભગવાન એક બાજુએ ઊભા રહ્યા. કૃષિભારદ્વાજ બ્રાહ્મણે ભિક્ષા માટે ઊભા રહેલા ભગવાનને જોયા. તે ભગવાન પાસે આવ્યો અને બોલ્યો, 'હે શ્રમણ, હું ખેડું છું અને વાવું છું, ખેડીને અને વાવીને મારો નિર્વાહ ચલાવું છું. તું પણ, ખેડીને અને વાવીને તારો નિર્વાહ ચલાવ.'

ભગવાને જવાબ આપ્યો, 'હે બ્રાહ્મણ, હું પણ ખેડીને અને વાવીને મારો નિર્વાહ ચલાવું છું. પણ ભગવાન ગૌતમના ધૂંસરી, હળ, ફળું, ચાબૂક અને બળદ અમે ક્યાંય જોઈ શકતા નથી, છતાં ભગવાન કહે છે કે, હું પણ ખેડું છું અને વાવું છું. ખેડીને અને વાવીને તેઓ નિર્વાહ ચલાવે છે. ત્યારે કૃષિભારદ્વાજે ભગવાનને કહ્યું : 'તું તારી જાતને ખેડૂત કહેવરાવે છે, પરંતુ તારી ખેતી અમે જોઈ શકતા નથી. તારી ખેતી કઈ એ તું અમને સમજાવીને કહે.' ત્યારે ભગવાને કહ્યું : 'શ્રદ્ધા એ મારું બીજ છે, તપશ્ચર્યા એ વૃષ્ટિ છે, પ્રજ્ઞા એ ધૂંસરી અને હળ છે, પાયલજ્જા એ હળનું લાંબું લાકડું છે, ચિત્ત દોરી છે અને સ્મૃતિ(જાગૃતિ) એ ફળું તથા ચાબૂક છે. કાયાનું અને વાચાનું હું રક્ષણ કરું છું. ઉદરનિર્વાહના આહારમાં હું સંયમિત રહું છું. સત્ય મારો ખરપિયો છે અને સંતોષ એ મારી રજા છે. ધૂસરીને ધારણ કરનારો (બળદ) મારો ઉત્સાહ છે. તે યોગક્ષેમાભિમુખ (નિર્વાહાભિમુખ) જાય છે, જ્યાં જવાથી શોકરહિત થાય છે. આ રીતે ખેતી કરવાથી તે અમૃતફલદાયક થાય છે, આવી ખેતી કરીને (માણસ) બધાં દુઃખમાંથી મુક્ત થાય છે.

ત્યારે કૃષિભારદ્વાજ બ્રાહ્મણે મોટા કાંસાના થાળમાં પાયસ પીરસીને તે થાળ ભગવાન ગૌતમ, ખેડૂત ભગવાન સ્વીકાર કરે, કારણ કે તેઓ અમૃતફળદાયક ખેતી કરે છે' એમ કહીને ભગવાનની આગળ ધર્યો.

ભગવાન બોલ્યા, 'આ અન્ન સંબંધમાં હું ગાથા બોલ્યો. માટે આ અન્ન હું સ્વીકારી શકતો નથી. હે બ્રાહ્મણ, તેનો સ્વીકાર કરવો એ સમજુનો ધર્મ નથી. જે અન્ન સંબંધે ગાથા બોલાઈ તે અન્ન બુદ્ધ સ્વીકારતા નથી. હે બ્રાહ્મણ, સદાચારને માટે આ રિવાજ ઉત્તમ છે. કૈવલ્ય જેણે પ્રાપ્ત કર્યું છે એવા, ક્ષીણપાપ, અને શંકા જેની શાંત થઈ છે એવા મહર્ષિની તું અન્ય અન્નપાનથી સેવા કર; કારણ કે પુણ્યેચ્છુને તે પુણ્યક્ષેત્ર જેવો છે.

'હે ગૌતમ, એમ જો હોય તો આ પાયસ હું બીજા કોને આપુ?'

'હે બ્રાહ્મણ, તથાગત સિવાય અથવા તથાગત શ્રાવક સિવાય આ સદેવક, સમારક, સબ્રહ્મક લોકમાં, શ્રમણબ્રાહ્મણમાં, દેવમનુષ્યોમાં એવા કોઈને હું જોઈ શકતો નથી કે જે આ પાયસ ખાય તો તેને પચે. માટે હે બ્રાહ્મણ, તું આ પાયસ ખડ ન હોય એવી જગ્યાએ નાખી દે, અથવા પ્રાણી વગરના પાણીમાં તે પાયસ નાખી દે.'

ત્યારે કૃષિભારદ્વાજ બ્રાહ્મણે પ્રાણી વગરના પાણીમાં તે પાયસ નાખી દીધો. તે પાયસને પાણીમાં નાખતાં ચિટી ચિટી એવો અવાજ કરવા લાગ્યો અને વરાળ નીકળવા માંડી. જેમ આખો દિવસ તપ્ત થયેલ હળનું ફળું પાણીમાં બોળીએ તો ચિટી ચિટી શબ્દ થાય છે અને વરાળ નીકળવા માંડે છે તેમ તે પાયસ ચિટી ચિટી શબ્દ કરવા લાગ્યો અને વરાળ છોડવા લાગ્યો. એથી કૃષિભારદ્વાજને સંવેગ થયો, રોમહર્ષ થયો અને ભગવાન પાસે આવીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

કૃષિભારદ્વાજે ભગવાનને કહ્યું, 'ધન્ય, ધન્ય, હે ગૌતમ, જેમ ઊંધું વાળેલું વાસણ સવળું કરવામાં આવે, અથવા ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરવામાં આવે, માર્ગ ભૂલેલાને માર્ગ બતાવવામાં આવે અથવા તો દેખતા માણસને પદાર્થો દેખાય એ માટે મશાલ સળગાવવામાં આવે તે રીતે ભગવાન ગૌતમે અનેક પર્યાયથી ધર્મ પ્રકાશિત કર્યો છે. તે આ હું ભગવાન ગૌતમને શરણે જાઉં છું, ધર્મને શરણે જાઉં છું, સંઘને શરણે જાઉં છું. ભગવાન મને પ્રવ્રજ્યા અને ઉપસંપદા આપો.' આ રીતે કૃષિભારદ્વાજને ભગવાન પાસેથી પ્રવ્રજ્યા અને ઉપસંપદા મળી. પછી ભારદ્વાજ એકાકી, એકાન્તવાસી, અપ્રમાદી, ઉત્સાહી અને પ્રહિતાત્મા થઈને રહેતો હતો. જન્મ ક્ષીણ થયો, બ્રહ્મચર્યનું આચરણ કર્યું, કર્તવ્ય બજાવ્યું અને હવે પુનર્જન્મ રહ્યો નથી એ એણે જાણ્યું, અને આયુષ્યમાન ભારદ્વાજ અરહન્તોમાંનો એક થયો. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

કેન્દ્રમાં અસ્થિર સરકાર

તા. ૨-૧૨-૯૦. ૫૨૨ની કુલ સભ્ય-સંખ્યા ધરાવતી લોકસભામાં ૬૧ સભ્યો ધરાવતા પક્ષનું પ્રધાનમંડળ રચાયું છે. ચંદ્રશેખરના વડપણ નીચે એ ૬૧માંથી ૩૨ જણ તો પ્રધાન થઈ ગયા છે એટલે આ સંઘ કેમ કાશીએ પહોંચશે તેની તો કોઈને ખબર નથી. પણ આ વિચિત્ર પરિસ્થિતિનું એક સુખદ પરિણામ તો દેખાઈ રહ્યું છે.

કેન્દ્રમાં સ્પષ્ટ (વધુ પડતી) બહુમતીવાળી સરકારની દાદાગીરી વધી જાય છે. અને રાજ્યોની સરકારને દબાવી રાખે છે. ખાસ તો ઇન્દિરા અને રાજીવ ગાંધીના વખતમાં ચપટી વગાડીને રાજ્યોના મુખ્ય પ્રધાનોને બદલી નખાતા. ગુજરાતના મુખ્ય પ્રધાને તો રાજીવજીને મળવા માટે દસ દિવસ રાહ જોઈ ત્યારે માંડ પાંચ મિનિટ મુલાકાત થઈ. સમવાયતંત્ર માટે આ ઘાતક પરિસ્થિતિ છે. વી.પી. સિંહે આમાં બહુ ફેર ન કર્યો. ઉત્તર પ્રદેશમાં અયોધ્યાના રામ-મંદિર-મસ્જિદ ઝગડા માટે નિર્ણયો લેતી વખતે ઉ.પ્ર.ના મુખ્ય પ્રધાનને પૂછ્યું જ નહિ.

પણ ૫૨૨માંથી ૬૧ સભ્ય ધરાવતા પક્ષની સરકાર આવી અને સ્થિતિ બદલાઈ ગઈ. મંદિર-મસ્જિદના ઉકેલ માટેની વાટાઘાટોમાં ભારત સરકાર વતી ત્રણ મુખ્ય પ્રધાનો - ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના - વાટાઘાટો કરે છે. ભારતના પ્રશ્નોમાં ફક્ત દિલ્હી જ નહીં, પણ રાજ્યો પણ રસ લે તે એક શુભ પરિણામ છે.

તા. ૨૨-૧-૯૧. આવતે મહિને મારી આંખે મોતિયાનું ઑપરેશન થવાનું છે. અત્યારે મોતિયાના ઑપરેશનની અદ્યતન ટેકનિક અમદવાદમાં પ્રચલિત છે એટલે એ બાબતમાં ચિંતા કરવા જેવું નથી.

અત્યારે ચિન્તા તો આ સદ્દામ હુસેન અને બુશ-હુસેન (ઇરાક અને અમેરિકા)ના ઝગડામાંથી ઊભી થઈ છે. અહીં ચીજ-વસ્તુના ભાવ વધતા જ જાય છે. એરોપ્લેન અને પેસેન્જર ટ્રેનસર્વિસમાં ૨૫ ટકા કાપ આવ્યો છે. પણ આ અખાતી યુદ્ધના બે આડકતરા લાભ પણ થયા છે. અમદાવાદમાં (અને દેશમાં અન્ય સ્થળોએ પણ) હિન્દુ-મુસ્લિમ હુલ્લડો શાંત થઈ ગયાં છે. મક્કા, મદીના અને કરબલા પર ભય તોળાઈ રહ્યો હોય ત્યારે અયોધ્યાના ખંડિયેર મસ્જિદ-મંદિરની કોણ ચિંતા કરે!

બીજો ફાયદો એ થયો કે ચંદ્રશેખરની ડગુમગુ સરકારને જીવતદાન મળી ગયું. મોંઘવારીમાં ભીંસાતી સરકારને ચૂંટણીનું ખર્ચ ક્યાંથી પરવડે?

તા. ૨૭-૧-૯૧. યુનાઇટેડ નેશન્સ (UN)માં ભારતના પ્રતિનિધિ ચિન્મય ઘારેખાન ગુજરાતી છે. અમદાવાદમાં એક વિશ્વગુર્જરી નામે સંસ્થા છે. તે દર વર્ષે ત્રણ વિશ્વગુર્જરી એવૉર્ડ આપે છે. ૧૯૯૦નો આવો એક એવૉર્ડ આ ઘારેખાન (આ ખાન મુસલમાન નથી પણ નાગર છે!) ને આપ્યો. તેની દૂરદર્શન મુલાકાતમાં તેને પ્રશ્ન પૂછ્યો કે ભારતની વિદેશ નીતિની યુદ્ધ અને શાન્તિના પ્રશ્ને શી અસર પડશે ત્યારે તેણે બહુ સૂચક જવાબ આપ્યો - જે દેશની સરકાર આન્તરિક વ્યવહારમાં સ્થિર તેમજ મજબૂત હોય તેની જ વિદેશ નીતિની યુદ્ધ કે શાન્તિ જેવા પ્રશ્નો પર અસર પડે છે. બસ, આથી આગળ તેણે કાંઈ કહ્યું નહિ. પણ સમજુને વિશેષ કહેવાની જરૂર ન હોય. દેશમાં કોમી હુલ્લડો રોકી શકાતાં નથી. આજે સવારે રેડિયો-પર સાંભળ્યું કે દિલ્હી નજીક ગાઝીઆબાદમાં હુલ્લડને કારણે અનિશ્ચિત કાળનો કર્ફ્યૂ લદાયો છે.

અમારો વિદેશ પ્રધાન વિદ્યાચરણ શુક્લ શાન્તિની ખોજમાં વિદેશપ્રવાસો કરે છે. બેલ્ગ્રેડ જઈ આવ્યો. આજકાલ તહેરાન ગયો છે. પણ આ વિદેશપ્રધાન પક્ષ-પલટાના કાયદા નીચે પાર્લમેન્ટના સભ્યપદેથી બરતરફ થયેલો છે, કાયદાની છટકબારીથી ૬ મહિના સુધી પ્રધાન રહી શકાય એટલે ચાલુ રહ્યો છે. સરકારની અસ્થિરતાની આથી વધુ સચોટ સાબિતી શી હોઈ શકે!

ઘારેખાનના સૂચક જવાબ પછી વધુ ટીપ્પણીની કાંઈ જરૂર ખરી? તા. ૧૦-૩-૯૧ - અમારું રાજકારણ અસ્થિર તો હતું જ. પણ આજકાલ અસ્થિરતાની પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. નવેમ્બર ૧૯૯૦માં ચંદ્રશેખરને ટેકો આપી રાજીવ ગાંધીએ તેને વડો પ્રધાન બનાવ્યો. પાર્લમેન્ટમાં હાલ ચંદ્રશેખરના ૫૪ સભ્યો છે. રાજીવની કૉંગ્રેસના ૧૯૨ સભ્યો છે. આ બેનો સરવાળો બહુમતી માટે પૂરો ન થાય પણ AIADMK-ના ૧૧ અને કાશ્મીરના ૪ સભ્યો કૉંગ્રેસ સાથે છે અને ૩૬ બેઠકો ખાલી છે એટલે ગાડું ગબડતું રહે છે.

કૉંગ્રેસની સભ્ય-સંખ્યાને કારણે ચંદ્રશેખરની સરકાર ઉપર તેની દાદાગીરી સતત ચાલતી રહે. તામિલનાડુમાં DMK સરકાર હતી ને કૉંગ્રેસના મિત્ર AIADMK ને ન ફાવે એટલે રાજીવજીની દાદાગીરીથી ચંદ્રશેખરે તામિલનાડુની ચૂંટાયેલી સરકારને બરતરફ કરી રાષ્ટ્રપતિનું શાસન લાદ્યું. એ જ રીતે બિહારના ગવર્નરને પણ બરતરફ કરાવ્યો.

આ રીતે 'લોહી ચાખી ગયેલ' કૉંગ્રેસે એક વધુ છોકરમત જેવી માગણી કરી. થયું એવું કે હરિયાણા રાજ્યના બે પોલીસ કોન્સ્ટેબલો રાજીવ ગાંધીના ઘર ઉપર જાસૂસી નજર રાખતા પકડાયા અને રાજીવે હરિયાણા સરકારની બરતરફીની માગણી કરી. ચંદ્રશેખરે, પાર્લમેન્ટની સમિતિ નીમીને તપાસ કરી દોષીને સજા કરવાનું સૂચવ્યું. પણ રાજીવ ન માન્યો તથા કૉંગ્રેસ પક્ષે પાર્લમેન્ટનો બહિષ્કાર કર્યો. બજેટ અધિવેશન

ચાલતું હોય અને કૉંગ્રેસના ૧૯૨ સભ્યો ગેરહાજર રહે એટલે ચંદ્રશેખરની સરકાર હારી જાય અને તેથી ચંદ્રશેખર વાંકો વળીને શરણે આવશે એમ રાજીવે માનેલું. પણ આવા મતદાનનો પ્રસંગ આવે તે પહેલાં જ ચંદ્રશેખરની સરકારે રાજીનામું આપી દીધું!

ધોતી-ચોટી-ગણિત

તા. ૯-૧૨-૯૦. જાણીતા ગણિતજ્ઞ પ્રોફેસર એમ. વેંકટરામન્ ગુજરી ગયા. માથે મૂંડો, મૂંડા વચ્ચે વાળની ધારી અને ધારી વચ્ચે ચોટલીવાળા એ મદ્રાસી પ્રોફેસર મારે ઘેર આવ્યા હતા. ત્યારે ગણિત ભણતી મારી દીકરીઓ સાથે ખૂબ ચર્ચા કરી હતી. મદુરાઈ યુનિવર્સિટીના પ્રોફેસર પણ તામિલનાડુમાં દ્ર.મુ.ક. (D.M.K.)ની સરકાર આવી અને બ્રાહ્મણોને મુશ્કેલી ઊભી થઈ. વેંકટરામન્ મદુરાઈ છોડીને હૈદરાબાદ યુનિવર્સિટીમાં જોડાયા. પણ કાગડા બધે કાળા. ત્યાં રેડ્ડીઓને આ મદ્રાસી ન ફાવે એટલે ત્યાંથી વહેલા રિટાયર થઈ આ અરવિંદ-ભક્ત પ્રોફેસર પોંડિચેરી આશ્રમમાં જઈ વસ્યા અને ત્યાં જ તેમનું અવસાન થયું.

૧૯૬૯ની સાલમાં અમેરિકન નાણાંની મદદથી શાળા-કૉલેજના ગણિત-શિક્ષકોના ગ્રીષ્મવર્ગો યોજાતા હતા તેની સંકલન સમિતિની અમેરિકન સંસ્થા USAIDમાં એક મીટિંગ હતી. તેનો એક મોટો ફોટોગ્રાફ મારે ઘેર છે. વેંકટરામનના મૃત્યુના સમાચાર મેં આપ્યા કે મારાં પત્નીને આ ફોટો યાદ આવ્યો અને તેમણે તે શોધી કાઢ્યો. ફોટામાં ચોટલીવાળા વેંકટરામન્ તરત જ ધ્યાન ખેંચે છે.

એ વેંકટરામનના એક વિદ્યાર્થી કાનન હૈદરાબાદ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તે પણ માથે ધારી વચ્ચે ચોટલી રાખે છે. પણ ગુરુ કરતાં શિષ્ય સવાયો એ ન્યાયે તે ગણિતમાં તો વેંકટરામનથી આગળ વધ્યો પણ બ્રાહ્મણત્વમાં પણ આગળ વધ્યો. તે કૂવાનું જ પાણી પીએ છે અને જાતે જ રસોઈ બનાવીને જમે છે. તે અમદાવાદ આવ્યા ત્યારે ખાસ તપાસ કરીને કૂવાવાળી જગ્યા તેને માટે શોધવી પડી. ગુજરાત વિદ્યાપીઠમાં કૂવો છે અને સારું ગેસ્ટહાઉસ પણ છે.

દેશના ગણિતજ્ઞોમાં કોટપાટલૂનવાળા તો ઘણા છે, કફની-લેંઘો-ધોળી ટોપીવાળા ય છે, પણ ચોટલી સાથે ઉઘાડે માથે ખમીસ-ધોતીઆંવાળા પણ છે!

આઝાદીનાં ૪૪ વર્ષ

તા. ૧૫-૮-૯૧. આજે ૧૫મી ઑગસ્ટ. દેશને આઝાદ થયે ૪૪ વર્ષ થયાં. ઘણાં લોકો એવો સવાલ કરે છે કે આ ૪૪ વર્ષમાં દેશે કેટલી પ્રગતિ કરી? સવાલ જરા વિચિત્ર છે. એનો એવો જ વિચિત્ર જવાબ છે : 'તમે જેટલી પ્રગતિ કરવા દીધી એટલી પ્રગતિ દેશે કરી.'

અમારી પાસે તો આ સવાલ-જવાબ સમજવાનો એક સરળ રસ્તો છે. જેટલાં આઝાદીનાં વર્ષ એટલાં અમારી પુત્રી સ્મિતાનાં વર્ષ. અને આ ૪૪ વર્ષમાં સ્મિતાએ કેટલી બધી પ્રગતિ કરી છે તે તો અમે જાણીએ છીએ. અને સ્મિતાની એટલે કે મારી-તમારી પ્રગતિમાં દેશની આઝાદી પછીના વાતાવરણનો ભાગ તો સ્પષ્ટ છે. આમ, વ્યક્તિઓની પ્રગતિમાં દેશ સ્પષ્ટ ભાગ ભજવે છે. આઝાદી પછી દેશે આપણને પ્રગતિ કરવા દીધી છે. આપણી - એટલે કે પેલો સવાલ પૂછનાર લોકોની - દેશ પ્રત્યે કાંઈ ફરજ ખરી? આ જ વાત કેનેડીના પ્રખ્યાત વાક્યમાં આવે છે : 'Do not ask, what the country can do for you; say what you can do for the country.' તેથી જ તો હું કહું છું કે 'તમે જેટલી પ્રગતિ કરવા દેશો તેટલી પ્રગતિ દેશ કરશે.'

શિક્ષક તરીકે આજ ૫૧ વર્ષથી કામ કર્યું છે તેની કેટલીક લાંબા ગાળાની અસર મારાં સમગ્ર ચિન્તન ઉપર પડી છે. મારાં પત્ની તો કહે છે કે તમને છોકરાંનો વાંક વસતો જ નથી. તેમની વાત સાચી છે. બાળક કે વિદ્યાર્થી ભૂલ કરે તેમાં મને તેનો દોષ દેખાતો નથી, પણ મારો દોષ દેખાય છે. અને તે ફરી વાર આવી ભૂલ ન કરે તેવું મારું શિક્ષણ-વલણ ગોઠવું છું.

આને કારણે એવી વિચારધારા ઘડાઈ છે કે હું સમાજનો કે દેશનો દોષ જોતો નથી. દેશ વ્યક્તિઓનો બનેલો છે. એટલે દોષ 'મારો' એટલે કે વ્યક્તિઓનો છે. તેથી જ પેલા સવાલનો મારો જવાબ, 'તમે જેટલી પ્રગતિ કરવા દીધી એટલી પ્રગતિ દેશે કરી.' □

ટુચકો

વૃત્તિ

અશોક જોષી

ભગલા ભિખારીએ ટાઢા ટુકડા ભીખી ભીખીને ઉછેરેલો ભીખો મિલમાં મજૂરીએ જવા લાગ્યો હતો. નસીબજોગે પછી એક જાણીતા જોડે ભાગીદારીમાં, ને પછી 'લૉન' લઈને સ્વતંત્ર લઘુઉદ્યોગ ચલાવીને સારું કમાવા લાગ્યો, 'એપાર્ટમેન્ટ'માં રહેવા લાગ્યો. તો પણ તેનો બાપ ભગલો જૂનું ઝૂંપડું છોડવા ઉત્સાહી ન થયો.

પછી થોડા દિવસ હરવાફરવા માટે ભીખો ભગલાને પોતાને ત્યાં તેડી ગયો. બજારમાં ફરવા નીકળેલો બાપ જમવા ટાણેય ઘેર ન આવતાં ભીખાલાલને ચિંતા થઈ. છેક બપોર પછી મોડો મોડો ભગલો આવ્યો. તેના હાથમાં નવું કપડું ને પડીકું ભાળતાં ભીખાલાલે પૂછ્યું, 'શું લાવ્યા, બાપા?'

'કાંઈ નઈ, ઈ તો એક શેઠને ત્યાં સંતો-ભગતોને જમાડતા'તા. નવું ધોતિયુંય દાનમાં દેતા'તા, તે હુંય જરા...' ખસિયાણું ખડ્ ખડ્ હસતાં ભગલે કહ્યું ને ઉમેર્યું, 'લે, મોઢું મીઠું કર, થોડુંક ભેગું બાંધતોય આવ્યો છું....' □

ગુજરાત રાજ્યની સ્થાપનાની ચાળીસમી વર્ષગાંઠ નિમિત્તે ચાર દાયકા પૂરા થવામાં છે ત્યારે રાજ્યના બંધારણીય વડાની સંક્ષિપ્ત તવારીખ રજૂ કરતો લેખ

ગુજરાતનાં ગવર્નરો

—— ભરતકુમાર પ્રા. ઠાકર • સંજય પી. ઠાકર ——

પ્રાસ્તાવિક : ગુજરાતના પૂર્વ રાજ્યપાલ અંશુમાનસિંહજીની રાજસ્થાનના રાજ્યપાલ તરીકે નિમણૂક થયા બાદ તેમના સ્થાને નવા રાજ્યપાલ તરીકે ૧૮મી માર્ચ, ૧૯૯૯ અને ગુરુવારે બિહારથી આવેલા સુંદરસિંહ ભંડારીની શપથવિધિ થઈ તે સાથે તેઓએ રાજ્યના ૧૪મા ગવર્નર તરીકેનું સ્થાન ગ્રહણ કર્યું છે.

નવનિયુક્ત ગવર્નર રાજ્યના બંધારણીય વડા તરીકે પદારૂઢ થયા છે તે પ્રસંગે અહીં ગુજરાતના અત્યાર સુધીનાં રાજ્યપાલોની રસપ્રદ તવારીખ 'કુમાર'નાં વાચકો માટે આલેખી છે.

ગવર્નર : રાજ્યના બંધારણીય વડા

આપણે ત્યાં બ્રિટિશ શાસન તો ગયું, પરંતુ તેની જે કેટલીક પ્રણાલિકાઓ કે રીતરસમો ચાલુ રહી છે તેમાં એક મોભારૂપ 'ગવર્નરપદ' પણ છે. તેઓ 'રાજ્યના પ્રથમ નાગરિક' ગણાય છે. દેશના રાષ્ટ્રપતિની જેમ તેઓ રાજ્યના બંધારણીય વડા તરીકે સ્વીકૃત ખરા, પણ સત્તા નહિ. સામાન્ય સમયમાં, આમ, ગવર્નરોને ભલે સત્તા નથી, પણ તેમને માહિતી મેળવવાનો, મંત્રીમંડળને સલાહ આપવાનો અને તેમને ચેતવણી દેવાનો અધિકાર બંધારણ કે પ્રણાલીથી મળેલો છે.

રાજ્યમાં ચૂંટાયેલી સરકાર સત્તામાં હોય ત્યારે રાજ્યપાલ શોભાના હોય, પરંતુ મંત્રીમંડળ ન હોય એટલે કે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લદાયું હોય ત્યારે રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે ગવર્નર જ રાજ્યની વહીવટી સત્તા ચલાવે છે. હોદ્દાની રુએ તેઓ રાજ્યની યુનિવર્સિટીના ચાન્સેલર (કુલાધિપતિ)નું પદ પણ ધારણ કરે છે.

વિધાનસભામાં દરેક વર્ષના પ્રારંભિક સત્રના પ્રથમ દિવસે અને દરેક ચૂંટણી પછીના સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલ ગૃહને સંબોધન કરવા આવે છે ત્યારે તેમના આવકાર માટે લાલ જાજમ પાથરવામાં આવે છે. એક ગવર્નર નિવૃત્ત થાય અને બીજાને આવતા થોડા દિવસો લાગે તો સામાન્યતઃ રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ 'કાર્યકારી રાજ્યપાલ' તરીકે નિમાય છે. ગુજરાતમાં ૧૯૬૭ અને ૧૯૭૩માં પી.એન. ભગવતી તથા ૧૯૯૯માં કે.જી. બાલકૃષ્ણન્ 'કાર્યકારી રાજ્યપાલ' તરીકે રહી ચૂક્યા છે.

૧૯૯૭માં પાંચમા વેતન પંચની ભલામણો રજૂ થયાના પગલે ૧૯૯૮થી ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યોનાં રાજ્યપાલોનાં પગારોમાં ૩.૩. ગણો વધારો કરવામાં આવ્યો છે. નવા પગારમાળખા અનુસાર રાજ્યપાલને છેલ્લે મળતા રૂ.૧૧,૦૦૦ના સ્થાને હવે રૂ. ૩૬,૦૦૦ જેટલો પગાર મળે છે.


બંધારણમાં લખેલ ન હોવા છતાં ભારતમાં એ તંદુરસ્ત પ્રણાલી રહી છે કે કોઈ પણ વ્યક્તિને તેના વતનના રાજ્યમાં રાજ્યપાલ તરીકે નિમણૂક અપાતી નથી. આ બાબતે પ્રાયઃ એક પણ અપવાદ નોંધાયો નથી. રાજ્યોમાં રાજ્યપાલના બદલે 'લોક આયુક્ત'નો હોદ્દો ઊભો કરવાનો વિષય પણ ઘણા સમયથી રાજકીય ચર્ચાની એરણે ચડેલો છે.

મહેંદી નવાઝ જંગ


રવિશંકર મહારાજના આશીર્વાદ સાથે ૧લી મે, ૧૯૬૦ના રોજ અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે પ્રથમ મુખ્યપ્રધાન ડૉ. જીવરાજ મહેતાની સાથે નવરચિત રાજ્યના પ્રથમ રાજ્યપાલ થવાનું બહુમાન પીઢ રાજનીતિજ્ઞ અને કુશળ વહીવટકર્તા મહેંદી નવાઝ જંગને મળ્યું હતું.

૧૯૫૨-૬૦ દરમિયાન આંધ્રપ્રદેશમાં પ્રધાનપદે રહી ચૂકેલા નવાઝ જંગ ૬૬મા વર્ષે નૂતન ગુજરાતના પહેલા રાજ્યપાલ બન્યા હતા. ગવર્નરપદ ગ્રહણ કર્યાની સાથે જ તેમણે ગુજરાતની પ્રજા સાથે પોતાની જાતને તાણાવાણાની જેમ ગૂંથી દીધી હતી. પરિણામે પ્રજાનો પ્રેમ પણ સંપાદન કર્યો.


ગુજરાત વિધાનસભાના માજી અધ્યક્ષ (અને કચ્છના જાહેર




મહેંદી નવાઝ જંગ



શ્રીમન્ નારાયણ



કે.કે. વિશ્વનાથન્



શ્રીમતી શારદા મુખરજી

જીવનના અગ્રણી) કુંદનલાલભાઈ જ. ધોળકિયાએ પોતાનાં રાજકીય સંસ્મરણો આલેખતા પુસ્તક 'સમયને સથવારે - ગુજરાત' (૧૯૯૧)માં મહેંદી નવાઝ જંગને 'સ્નેહનો મોરલો' અને 'અલ્લાહના ઓલિયા' તરીકે બિરદાવ્યા છે.

નવાબી રાજ્યપાલ : નિઝામના હૈદરાબાદમાં જન્મેલા મહેંદી નવાઝ પોશાક અને પહેરવેશ, વાણી અને વર્તન, દિલ અને દીદારમાં 'નવાબી વ્યક્તિત્વ' ધરાવતા હતા! તેમની ઉર્દૂમિશ્રિત મીઠી જબાન લોકહૃદયને સ્પર્શી જતી. તેઓ દરિયાવદિલના રાજ્યપાલ હતા.

રાજ્યપાલપદના પહેલા જ વર્ષે તેઓ ૨જી જાન્યુઆરી, ૧૯૬૧ના રોજ કચ્છની મુલાકાતે આવ્યા અને આદિપુરથી માંડવી સુધીનો પ્રવાસ ખેડ્યો હતો. અમદાવાદમાં રેડક્રોસ સોસાયટી, કેન્સર હોસ્પિટલ, અંધજન મંડળ, સમાજ સુરક્ષા પરિષદ જેવી ઘણી સામાજિક સંસ્થાઓના સર્જન અને સંવર્ધનમાં તેમનું પ્રદાન રહેલું છે.

પૂરા સવા પાંચ વર્ષ રાજ્યપાલપદે રહી ૧૯૬૫માં નિવૃત્ત થનાર અને એ જ વર્ષમાં 'પદ્મવિભૂષણ'ના ખિતાબથી અલંકૃત થનાર ગુજરાતના આ 'નવાબી' રાજ્યપાલનું ૧૯૬૭ના જૂનની ૨૯મીએ અવસાન થયું હતું. આજે પણ અમદાવાદમાં પાલડી ખાતે 'મહેંદી નવાઝ જંગ હૉલ' એમની ચિરસ્મૃતિ જાળવી રહ્યો છે.

નિત્યાનન્દ કાનુનગો

૧૯૬૫માં નવાઝ જંગના અનુગામી બન્યા નિત્યાનન્દ કાનુનગો. નામે નિત્યાનંદ અને ગુણે નિજાનંદ એવા કાનુનગો



ઓરિસ્સાના વતની હતા. ગુજરાતના દ્વિતીય રાજ્યપાલ તરીકે નિમાયા પૂર્વે તેઓ ઓરિસ્સા મંત્રીમંડળમાં અને બાદમાં ૧૯૫૪-૬૫ દરમિયાન પંડિત નેહરુના કેન્દ્રીય પ્રધાનમંડળમાં વેપાર અને ઉદ્યોગ ખાતાના રાજ્ય અને નાયબ કક્ષાના પ્રધાન તરીકે રહી ચૂક્યા હતા.

૧૯૬૫-૬૭ દરમિયાન ગવર્નર તરીકેના એમના સવા બે વર્ષના સમયગાળામાં ખાસ કોઈ ઉલ્લેખનીય પ્રસંગ કે વિશિષ્ટ બનાવ નોંધાયો નથી. સજ્જન વ્યક્તિની છાપ અને અંતરંગી જીવન ધરાવતા શ્રી કાનુનગોનું ૨જી ઑગસ્ટ, ૧૯૮૮ના રોજ નિધન થયેલું.

શ્રીમન્ નારાયણ

ચમકતાં ચશ્માં, લાંબો કોટ, ગાંધી ટોપી, મુખ પર ગાંભીર્ય છતાં આછા સ્મિતની લાક્ષણિકતા અને પારદર્શી વ્યક્તિત્વ ધરાવતા શ્રીમન્ નારાયણ ૧૯૬૭માં ગુજરાતના ત્રીજા રાજ્યપાલ તરીકે આરૂઢ થયા હતા. તેઓ મહારાષ્ટ્રમાંથી આવતા હતા.

તે પૂર્વે કૉલેજના પ્રિન્સિપાલ, કૉંગ્રેસના મહામંત્રી, 'ઇકોનોમિક રિવ્યૂ'ના તંત્રી, આયોજન પંચના સભ્ય, નેપાળના એલચી, નઈ તાલીમ, ગાંધી મેમોરિયલ ટ્રસ્ટના કર્તાહર્તા વગેરે જેવાં વિવિધ ક્ષેત્રોમાં દીર્ઘ અને બહુમુખી રાજકીય અનુભવોની પ્રદક્ષિણા કરીને આવનાર શ્રીમન્નારાયણ પ્રખર અર્થશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને સાહિત્યપ્રેમી પણ હતા.

૧૯૬૯માં રાષ્ટ્રિય સ્તરે કૉંગ્રેસનું વિભાજન થયું ત્યારે એમની સહાનુભૂતિ જૂની સંસ્થા કૉંગ્રેસ પ્રત્યે હતી; છતાં સ્વચ્છ રાજકીય પ્રતિભાને કારણે ઇન્દિરા ગાંધીએ એમને રાજ્યપાલ તરીકે ચાલુ રાખ્યા હતા.

શ્રીમન્જીની અભ્યાસી પ્રકૃતિના કારણે પ્રચાર માધ્યમો સાથે એમનો જીવંત સંપર્ક રહ્યો હતો. ગુજરાતના ગવર્નર તરીકે અખબારો-સામયિકોમાં વધુમાં વધુ પ્રસિદ્ધિ મેળવવાનું માન માત્ર શ્રીમન્જીને મળ્યું છે.

ગાંધીના ગુજરાતમાં ગાંધીવાદી ગવર્નર : ગાંધીના ગુજરાતમાં ગાંધી ઘરાણાના એક વિચારક, લેખક અને સાધક એવા શ્રીમન્જીની પસંદગી સર્વથા સુયોગ્ય હતી. ગાંધીસ્મૃતિ સાથે સંકળાયેલી અનેકવિધ સંસ્થાઓ સાથે એમનો જીવંત સંપર્ક રહ્યો હતો.

સામાન્ય રીતે મુખ્યપ્રધાનની સલાહ ગવર્નરને સ્વીકાર્ય હોય છે. પરંતુ ૧૯૭૧માં રાજ્ય સરકારનું પતન થતાં હિતેન્દ્ર દેસાઈએ વિધાનસભાની ચૂંટણી યોજવાની આપેલી સલાહ શ્રીમન્નારાયણે ન સ્વીકારતાં ગુજરાતની શાસન તવારીખમાં ૧૩મી મે, ૧૯૭૧થી ૧૭મી માર્ચ, ૧૯૭૨ લગી દસ મહિનાનું 'પ્રથમ રાષ્ટ્રપતિ શાસન' દાખલ થયું.

રાષ્ટ્રપતિ શાસનનો સમય રાજ્યપાલના વહીવટી શાસનની કસોટીરૂપ હોય છે. અને તેમાં તેઓએ કાબેલ વહીવટ સંભાળ્યો. એટલું જ નહિ, દેસાઈ સરકારે લીધેલા કેટલાક અયોગ્ય રાજકીય નિર્ણયોનો અમલ પણ અટકાવ્યો હતો.

'ધોઝ ટેન મંથ્સ ઑવ્ પ્રેસિડેન્ટ્સ રુલ ઇન ગુજરાત' તેમજ 'પ્રોસ્પેક્ટિવ પ્લાન ફૉર ગુજરાત' નામનાં એમનાં બે અભ્યાસપૂર્ણ પુસ્તકો આજે પણ જે તે ક્ષેત્રોમાં સંદર્ભગ્રંથોની ગરજ સારે છે. ગુજરાતનું સવા પાંચ વર્ષ જેટલો સમય ગવર્નર-પદ સંભાળીને ૧૯૭૩માં નિવૃત્ત થનાર શ્રીમન્ નારાયણ ૩જી જાન્યુઆરી, ૧૯૭૮ના રોજ ચિરનિદ્રામાં પોઢી ગયા.

કે. કે. વિશ્વનાથન્

સાદા, સરળ અને સહૃદયી સજ્જનની છાપ ધરાવતા મિતભાષી કે.કે. વિશ્વનાથન્ કેરાલાના વતની હતા તથા ૧૯૭૩માં ગુજરાતના ચોથા રાજ્યપાલ બન્યા અગાઉ તેઓ

વિધાનસભાના સભ્ય અને કેરાલા પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ હતા. ઈન્દિરા ગાંધી પ્રત્યે વફાદારીના વારસામાં એમને ગુજરાતનું ગવર્નરપદ પ્રાપ્ત થયું હતું.

ગુજરાતના રાજ્યપાલોની તવારીખમાં વિશ્વનાથન્ સૌથા લાંબો સમય રાજ્યપાલ પદે રહેવાનો વિક્રમ ધરાવે છે! (તેમનો સમયગાળો ૫ વર્ષ, ૪ માસ, ૧૦ દિવસનો રહ્યો હતો). તો, વિશ્વનાથન્ એકમાત્ર એવા રાજ્યપાલ પણ છે જેમણે પોતાના સમય દરમિયાન રાજ્યમાં કુલ ૨૫ મહિનાના ગાળાનાં બે રાષ્ટ્રપતિ શાસનો સંભાળ્યાં હતાં !

તેમના સમયમાં નવનિર્માણ આંદોલન અને દેશમાં કટોકટી જેવા રાજકીય બનાવો બન્યા. તો, મોરારજીભાઈના ઉપવાસ, વિધાનસભાનું વિસર્જન અને જયપ્રકાશજીનો જુવાળ વગેરે પ્રજાકીય પગલાંના પણ તેઓ સાક્ષી બન્યા. ગરીબો-દલિતો પ્રત્યે સહાનુભૂતિના કારણે તેમણે રોસ્ટર અનામત પ્રથામાં વધુ રસ દાખવેલો.

કપરી કસોટીનો કાળ : ૧૯૭૩માં ગુજરાતમાં 'નવનિર્માણ આંદોલન' છેડાતાં ચીમનભાઈ પટેલને રાજીનામું આપવું પડેલું. તેના પગલે ૯મી ફેબ્રુઆરી, ૧૯૭૪થી ૧૮મી જૂન, ૧૯૭૫ લગી સોળ માસની મુદતનું 'બીજું રાષ્ટ્રપતિ શાસન' લદાયું, જે ગુજરાતની અત્યાર સુધીની શાસન તવારીખમાં સૌથી દીર્ઘજીવી (૧ વર્ષ, ૪ માસ, ૧૦ દિવસીય) રાષ્ટ્રપતિ શાસન રહ્યું છે.

ત્યાર બાદ યોજાયેલી ચૂંટણીઓ પછી કિમલોપના ટેકાથી રચાયેલી જનતા મોરચાની બાબુભાઈ પટેલની સરકારનું પણ અકાળે પતન થતાં રાજ્યમાં ૧૨મી માર્ચથી ૨૪મી ડિસેમ્બર, ૧૯૭૬ સુધી નવ માસની મુદતનું 'ત્રીજું રાષ્ટ્રપતિ શાસન' આવ્યું હતું.

કટોકટી અને રાષ્ટ્રપતિ શાસનનો સમય શ્રી વિશ્વનાથન્‌ની કપરી કસોટીનો કાળ હતો, પરંતુ રાજકીય દબાણો વચ્ચે પણ સંયમ દાખવી તેમણે ન્યાયપૂર્ણ અને તટસ્થ વલણ અપનાવ્યું હતું તથા એક માનવીય વહીવટદાર તરીકેની પ્રતિભા ઉપસાવી હતી. રવિશંકર મહારાજ જેવા સાધુચરિત રાજપુરુષને તેમણે જેલમાં ધકેલવાનો ઈન્કાર કર્યો હતો.

શ્રીમતી શારદા મુખરજી

નૈસર્ગિક આભા, શોભા અને મોભાદાર વ્યક્તિત્વ ધરાવતાં શારદાબહેન મૂળ મહારાષ્ટ્રનાં વતની હતાં. આકસ્મિક અવસાન પામેલા ઍરમાર્શલ સુબ્રત મુખરજીનાં વિધવા પત્નીના નાતે તેઓ સંસદમાં સ્થાન પામ્યાં હતાં અને પછીથી આંધ્રપ્રદેશનાં ગવર્નર પણ બનેલાં. કૉંગ્રેસના ભાગલા બાદ સંસ્થા કૉંગ્રેસની વફાદારીની ફલશ્રુતિમાં એમને ૧૯૭૮માં મોરારજીભાઈના વખતમાં ગુજરાતનું ગવર્નરપદ પ્રાપ્ત થયું હતું.

ગુજરાતના રાજ્યપાલને રહેવા માટેનું સત્તાવાર નિવાસસ્થાન અગાઉ અમદાવાદના શાહીબાગમાં હતું તે મુખ્યમંત્રી બાબુભાઈ પટેલના સમયમાં ૧૯૭૮થી નવા પાટનગર ગાંધીનગર ખાતે ખસેડાયું અને તેમાં નિવાસ કરનારપહેલાં રાજ્યપાલ શ્રીમતી શારદાબહેન મુખરજી હતા.


પ્રો. કે. એમ. ચાંડી


બી.કે. નેહરુ.

૧૯૮૦ની મધ્યસત્રી ચૂંટણીઓમાં કૉંગ્રેસના વિજય પછી ગુજરાત વિધાનસભાનું વિસર્જન કરાતાં એમના રાજ્યપાલ કાળ દરમિયાન ૧૭મી ફેબ્રુઆરીથી ૬ઠ્ઠી જૂન, ૧૯૮૦ સુધી રાજ્યમાં 'ચોથું રાષ્ટ્રપતિ શાસન' લાગુ થયું હતું, જે સાડાત્રણ માસની મુદતનું રહ્યું હતું.

પ્રથમ મહિલા રાજ્યપાલ : ગુજરાતને હજુ સુધી 'મહિલા મુખ્યપ્રધાન' ભલે નથી સાંપડ્યાં, પરંતુ ગુજરાતનાં રાજ્યપાલોની પરંપરામાં પાંચમા ક્રમે બિરાજેલાં શ્રીમતી શારદા મુખરજી ગુજરાત રાજ્યની સ્થાપનાનાં લગભગ ૪૦ વર્ષના ગાળામાં પ્રથમ અને એકમાત્ર 'મહિલા રાજ્યપાલ' બનવાનું ગૌરવ ધરાવે છે.

૧૯૮૦માં પોતાના પુનરાગમન પછી ઈન્દિરા ગાંધીએ ઘણા ગવર્નરોને નિવૃત્ત કર્યા, બદલાવ્યા કે રાજીનામાં માગ્યાં, પરંતુ ગુજરાતમાં શ્રીમતી મુખરજીને ચાલુ રાખ્યાં હતાં. અને તેઓ છેક ૧૯૮૩ સુધી આ પદે રહ્યાં.

૧૯૭૯માં સી.આર.પી. આંદોલન અને ૧૯૮૦માં રાષ્ટ્રપતિ શાસન દરમિયાન તેમણે ગુજરાતમાં ધીરજ તથા કુનેહથી કામ લઈ સ્વસ્થતાથી વહીવટ ચલાવ્યો અને પૂરાં પાંચ વર્ષ રાજ્યપાલપદ્ ભોગવ્યું હતું.

પ્રો. કે. એમ. ચાંડી

શારદાબહેનના સ્થાને ગુજરાતના છઠ્ઠા રાજ્યપાલ તરીકે ૧૯૮૩-૮૪ દરમિયાન કેરાલાના વતની કે.એમ. ચાંડી આવ્યા હતા. કેરાલાની કોલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે રહી ચૂકેલા ચાંડી સાહેબ ગવર્નર જેવા વરિષ્ઠ સ્થાને આવ્યા પછી પણ નામની આગળ પ્રો. લખવાનું ન ચૂકતા.

માત્ર સાડા આઠ મહિના ગુજરાતના રાજ્યપાલપદે રહેલા ચાંડીના કાર્યકાળ દરમિયાન ખાસ કોઈ નોંધપાત્ર બનાવ તેમના નામે ચડેલ નથી. પાછળથી તેઓ મધ્યપ્રદેશના રાજ્યપાલ અને પોંડિચેરીના ઉપરાજ્યપાલ પણ બન્યા હતા. ૭૭ વર્ષની વયે તેમનું ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના રોજ કોચી (કેરાલા) ખાતે અવસાન થયું હતું.

બી.કે. નેહરુ

નેહરુ કુટુંબમાંથી આવતા આઈ. સી. એસ. અધિકારી બી.કે. નેહરુ ૧૯૮૪માં ગુજરાતના સાતમા રાજ્યપાલ તરીકે પ્રો. ચાંડીના અનુગામી બન્યા હતા. પ્રદેશ કૉન્ગ્રેસની આંતરિક

(અનુસંધાન પૃ.૨૮૨)

પ્રસંગપરાગ

સ્વ. કવિ કાન્તની સમયક્ દૃષ્ટિ

ધનુભાઈ મહેતા

સ્વ. નાનાભાઈ ભટ્ટ એક પ્રખર શિક્ષણશાસ્ત્રી હતા. તેઓ એમ.એ. થયા પછી તરત જ ભાવનગરની શામળદાસ કોલેજમાં અધ્યાપક તરીકે નિમાયા. તેમનો વિચાર ભાવનગરમાં એક વિદ્યાર્થી ભવન સ્થાપવાનો હતો. વીસમી સદીના પ્રારંભ કાળમાં કાઠિયાવાડમાં મહારાજ શ્રીમન્નથુરામ શર્માનું નામ ગાજતું. નાનાભાઈ પણ તેમના પ્રભાવ નીચે આવેલા. તેમના 'ઘડતર અને ચણતર'માં નોંધે છે તેમ ૧૯૦૪થી ૧૯૨૦ સુધી લગાતાર સોળ વરસ તેઓ તેમના શિષ્ય થઈ રહેલા. વિદ્યાર્થી ભવન શરૂ કરતાં પહેલાં સંસ્થાનું નામ શું રાખવું તે વિષે તેમના મિત્રવર્તુળ સાથે ચર્ચા કરતાં તેમના એક મિત્ર સ્વ. ઓધવજી બધેકાએ 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' નામ સૂચવ્યું. કારણ કે તેઓ પણ નથુરામ શર્માના શિષ્યોમાંના એક હતા અને નથુરામ શર્માના ઇષ્ટદેવ હતા દક્ષિણામૂર્તિ ભગવાન. પણ તેમના એક સાથીદાર સ્વ. ગણપતરામભાઈએ આ સૂચનનો વિરોધ કરતાં કહ્યું કે, એકલું 'વિદ્યાર્થીભવન' નામ બસ છે. અને દલીલ કરતાં કહ્યું કે આવી એક વિદ્યાર્થીની સંસ્થા સાથે કોઈ પંથ કે સંપ્રદાયનું નામ જોડવું તે બરાબર નથી. નાનાભાઈએ તોડ કાઢતાં કહ્યું કે : દક્ષિણામૂર્તિ ભગવાન મહાત્માશ્રીના ઇષ્ટદેવ એટલે આપણા પણ ઇષ્ટદેવ. વળી, 'દક્ષિણામૂર્તિ સ્તોત્ર'માં આ પ્રકારની પ્રવૃત્તિ સાથે સુમેળ સાધતો એક શ્લોક છે : 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્, શિષ્યાસ્તુ છિન્ન સંશયઃ' ગુરુ પ્રવચનથી શીખવે તેના કરતાં તેના આચરણથી જ શિષ્યની શંકાનું સમાધાન કરે એનું શિક્ષણની દૃષ્ટિએ ઘણું મૂલ્ય છે. નાનાભાઈની આ વાત બધાએ માન્ય રાખી અને એમ 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' નામાભિધાન નક્કી થયું. ઈ.સ. ૧૯૧૦ના ડિસેમ્બરની ૨૮મી તારીખે ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની સ્થાપના થઈ, ભાવનગરના સ્ટેશન નજીક આવેલી એક ધર્મશાળાના બિસ્માર મકાનમાં. પછી તો નાનાભાઈએ સારા પગારની નોકરી છોડીને, જૂજ પગારથી 'દક્ષિણામૂર્તિ'માં જ શિક્ષક તરીકે ધૂણી ધખાવી.

શ્રીમન્ નથુરામ શર્માનો જન્મ આસો સુદ ચોથનો. આ દિવસ મહાત્માશ્રીના બીલખા આશ્રમમાં તેમની જન્મજયંતી તરીકે ઊજવાતો અને આશ્રમવાસીઓ તથા અન્ય ભાવુકો નથુરામનું વિધિવત્ પૂજન કરતા. નાનાભાઈ પણ આ પૂજનમાં સામેલ થતા. દક્ષિણામૂર્તિની સ્થાપના થયા પછી શર્માજીની જન્મજયંતી તથા તેમનો પૂજનવિધિ દક્ષિણામૂર્તિમાં ઊજવવાની પ્રથા નાનાભાઈએ શરૂ કરી. ભારે આડંબર સાથે મહારાજશ્રીની, વ્યક્તિની, પૂજા થતી અને વિદ્યાર્થીઓને પણ તેમાં જોતરવામાં આવતા. બીલખા આનંદાશ્રમ તરફથી તે દિવસે વિદ્યાર્થીઓને મિષ્ટાન્ન પિરસાતું.

એક વખત આ જયંતી નિમિત્તે મહારાજશ્રીનો પૂજનવિધિ ચાલતો હતો ત્યારે ઓચિંતાના જ સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ (સ્વ.કાન્ત) ત્યાં આવી ચઢ્યા. તેઓ નાનાભાઈને તેમના લઘુબંધુ સમજતા અને દક્ષિણામૂર્તિની સ્થાપનાથી અને તેની કાર્યવાહીથી પ્રસન્ન હતા, અને સંસ્થામાં ખૂબ રસ પણ લેતા. નાનાભાઈ વગેરે પૂજન વિધિ કરતા હતા તે બાજુ આંટો મારી બધાં પર એક નજર ફેરવી તેઓ તો બાજુમાં જ નાનાભાઈનું રહેણાક હતું ત્યાં ખાટ પર જઈ બેઠા. પૂજામાંથી પરવારી નાનાભાઈ ઘેર આવ્યા એટલે સ્વ. કાન્તે તો તેમને ઉધડા જ લીધા અને કહ્યું કે, બીજા કોઈ પણ દેશમાં તું આવું પૂજન કરાવે તો તારું માથું ધડ પર સલામત ન રહે. આ પ્રમાણે ઉગ્રતાપૂર્વક બે વાર બોલી ખૂણામાં મૂકેલો દંડૂકો હાથમાં લેતાકને તેને ઉછાળતા ત્યાંથી ચાલતી જ પકડી. થોડાક દિવસ પછી તેમણે નાનાભાઈને પોતાના ઘેર બોલાવી શિખામણ આપતા કહ્યું : 'ભલા માણસ! તું મહારાજશ્રીનો ભક્ત હો, તો તું ભલે તેમનું પૂજન કર, પણ આ બધા વિદ્યાર્થીઓને તેમાં શા માટે જોતરે છે? તારો મહારાજ તારા મનથી ગમે તેટલો મોટો હોય તો પણ દેશમાં તેની શી કિંમત? તેમનું સ્થાન શું? વળી, તારા જેવો તેમનો શિષ્ય હોય એ વાત જ મને તો ખટકે છે. એક વ્યક્તિની આટલી આડંબરભરી પૂજા? સાચો ગુરુ કે શિક્ષક પોતાના શિષ્ય પાસે આવી પૂજા કરાવે જ નહિ. સ્વીકારે જ નહિ.'

નાનાભાઈ નોંધે છે કે સ્વ. કાન્તની આ વાત મને બિલકુલ વાહિયાત ન લાગી, બલકે મને વિચાર કરતો કરી મૂક્યો. આવી હતી સ્વ. કવિ કાન્તની સમ્યક્ દૃષ્ટિ. ◻

અનુસંધાન] ગવર્નરો [પૃ.૨૮૧થી

જૂથબંધીના કારણે રાજ્યના ગવર્નર તરીકે કોઈ રાજકારણીને મૂકવાને બદલે પ્રથમ વાર એક નિવૃત્ત સનદી અધિકારીની પસંદગી થઈ હતી.

રાજ્યપાલ તરીકેની નિયુક્તિ પૂર્વે કેન્દ્રીય સચિવ, અમેરિકી એલચી અને બ્રિટિશ હાઈ કમિશનરપદે રહી ચૂકેલા બી.કે. નેહરુ એક બાહોશ વહીવટકર્તા અને અર્થશાસ્ત્રના જ્ઞાતા ઉપરાંત સ્પષ્ટ વક્તવ્ય અને વલણ માટે જાણીતા હતા. પોતાનાં પ્રવચનોમાં રાજકીય ટીકા-ટિપ્પણીના પરિણામે તેઓ થોડા વિવાદી પણ રહ્યા હતા.

૧૯૮૫માં અનામત આંદોલન પ્રસરતાં ગુજરાતમાં વ્યાપેલી અશાંત રાજકીય પરિસ્થિતિના પગલે રાજ્યના મુખ્યમંત્રી બદલાયા તે પાછળનાં અનેક પરિબળોમાં કેન્દ્રને મળેલો રાજ્યપાલનો અહેવાલ પણ કારણભૂત મનાયો હતો.

૧૯૮૪-૮૬ દરમિયાન શ્રી નેહરુનો પોણા બે વર્ષનો સમયગાળો ટૂંકો પણ યાદગાર રહ્યો છે. અનામત આંદોલન, માધવસિંહનું રાજીનામું, અમરસિંહનું આગમન ઉપરાંત ધારાસભ્ય પેન્શન બિલ તેમની સહીથી અમલમાં આવ્યું હતું. (આવતા અંકે પૂરું)

[illegible]

અશોક હર્ષ

આ દેશને હવે વધુ વખત કબજે નહિ રાખી શકાય એવી પ્રતીતિ એના પરના અંગ્રેજ શાસકોને થઈ ચૂકતાં તેમણે અહીંથી વિદાય લેતાં પોતાની કૂટનીતિનો એવો પરચો બતાવતાં ગયા કે આ દેશ આજ સુધી તેનાં કડવાં ફળ ભોગવતો રહ્યો છે. દેશનું વિભાજન કરી તેમણે પાકિસ્તાનની સ્થાપના કરી, સાથોસાથ બંને દેશો વચ્ચે કુસંપનાં એવાં બી વાવતા ગયા કે બંનેના એકબીજા પ્રત્યેના અવિશ્વાસનો હજી પણ અંત આવવા નથી પામ્યો.

દેશને બે ભાગમાં ખંડિત કરવા સાથે તેઓ અહીંનાં દેશી રાજ્યોને તેમની પોતાની મુનસફી પર છોડતા ગયા કે જેમને પાકિસ્તાન સાથે જોડાવું હોય તે તેની સાથે જોડાઈ જાય, ન જોડાવું હોય તે સ્વતંત્ર રહે. આ વિકલ્પ પરથી જૂનાગઢના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડવાની જાહેરાત કરીને ભારતભરમાં ખળભળાટ મચાવી દીધો. ચારે બાજુ ભારતથી ઘેરાયેલી એ મુસ્લિમ રિયાસતની ૮ ટકા વસતી હિન્દુ હોવા ઉપરાંત શૈવ, વૈષ્ણવ, જૈનોનાં અનેક પવિત્ર સ્થાનો ધરાવતી એ રિયાસતના નવાબને એની કાંઈ પડી નહોતી. એને રસ હતો માત્ર બે જ બાબતોમાં - બેગમોમાં અને કૂતરાકૂતરીઓમાં. એ સિવાયની તમામ બાબતો નવાબે તેના દીવાન સર શાહનવાજ ભુટ્ટોને સોંપી દીધેલી. ભુટ્ટો મસ્લિમ લીગનો જાસૂસ અને પાકો પાકિસ્તાની હતો. જૂનાગઢને ક્યાં જોડાવું એ છેવટ સુધી અનિશ્ચિત રાખ્યા બાદ તા. ૧૫મી ઑગસ્ટની સાંજે તેણે જૂનાગઢનો પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય જાહેર કર્યો. પાકિસ્તાન તરફથી હજુ એવી કશી જાહેરાત થયેલી ન હોઈને ભારતના ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે ભારતનો સંદેશો મોકલી આપ્યો કે આ જોડાણનું પરિણામ સારું નહિ આવે; પરંતુ આનો કશો જ જવાબ વાળવામાં ન આવતાં સરદારે ત્યારે કરાચી જઈ રહેલા લોર્ડ માઉન્ટબેટનના એક સાથી લૉર્ડ ઈસ્મે સાથે ફરી સંદેશો મોકલતાં પાકિસ્તાનના વડા જનાબ ઝીણાએ એ સંદેશાની ઉપેક્ષા કરી તેનું એવું કારણ દર્શાવ્યું કે તે પર માત્ર પટેલની જ સહી હતી, નેહરુની નહોતી, સાથે એ પણ જાહેરાત કરી કે જૂનાગઢ પાકિસ્તાન સાથે જોડાઈ ચૂકેલ હોઈને હવે તે પાકિસ્તાનનો પ્રદેશ છે.

સરદાર પટેલ કોઈ પણ ભોગે જૂનાગઢને પાકિસ્તાનમાં જવા દેવા તૈયાર નહોતા. ભારતના તમામ રાજવીઓ આ બાબતમાં સરદારના પડખે હોઈ તેમણે જૂનાગઢનો કબજો લેવાની પોતાના નિર્ણયની જાણ નેહરુ તેમજ માઉન્ટબેટનને કરી દીધી. પરંતુ હજી જૂનાગઢના નવાબને આખરી તક આપવા માટે તેમણે પોતાના અંગત સચિવ વી.પી. મેનનને નવાબને સમજાવવા મોકલી આપ્યા.

વિચક્ષણ બુદ્ધિના સરદાર આનું પરિણામ તો પહેલેથી જ જાણતા હતા. નવાબે મેનનને મળવાની ના પાડી દીધી. સરદારની એ સામેની તૈયારી ચાલુ જ હતી. તેમણે ઉછરંગરાય ઢેબર, બળવંતરાય મહેતા, રસિકલાલ પરીખ, શામળદાસ ગાંધી વગેરેને મળીને તૈયાર કરેલી યોજના અનુસાર શામળદાસ ગાંધીએ નવાબને સમાંતર જૂનાગઢની આરઝી હકૂમતની ઘોષણા કરી.

આ સમયે જૂનાગઢ અને બાબરિયાવાડ વચ્ચે ઝઘડો ચાલુ હતો. બાબરિયાવાડનાં એકાવન ગામોએ જૂનાગઢથી અલગ પડી ભારત સાથે જોડાઈ જવાની જાહેરાત કરતાં જૂનાગઢે પોતાનું લશ્કર ત્યાં રવાના કર્યું. સરદાર પટેલે આ તક ઝડપી લઈ જાહેર કર્યું કે, બાબરિયાવાડ પરનું જૂનાગઢનું આક્રમણ એ ભારત પરનું આક્રમણ હોઈને ભારત તેને જવાબ આપ્યા વિના નહિ રહે. બ્રિટિશનીતિને વરેલા લૉર્ડ માઉન્ટબેટને ત્યારે સરદારને જૂનાગઢ સાથે સંઘર્ષમાં ન ઊતરતાં સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં આ પ્રશ્ન લઈ જવાની સલાહ આપી, પરંતુ નેહરુએ કાશ્મીરનો સવાલ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં મૂકવાની કરેલી ભૂલનું પુનરાવર્તન ન કરતાં માઉન્ટબેટનને ચોખ્ખું સંભળાવી દીધું કે, 'સ્વાધીનતાનો મામલો દરિયાપારની મુકદમાબાજીથી ન ઊકલે.'

માઉન્ટબેટન ભારત અને પાકિસ્તાન પર સંદેશા મોકલતા રહ્યા એ દરમિયાન જૂનાગઢની સેનાએ માંગરોળનો કબજો લઈ લીધો. ભારતના લોખંડી પુરુષ ગણાતા સરદારે લશ્કરી તૈયારી પૂરી કરતાં શામળદાસ ગાંધી તેમની આરઝી હકૂમતના છ તંત્રીઓ સાથે રાજકોટ પહોંચી ગયા. સરદારના આદેશ મુજબ બાબરિયાવાડ અને માંગરોળ બંને કબજે કરી લેવામાં આવ્યાં અને સેનાએ જૂનાગઢ તરફ આગળ વધવા માંડ્યું.

નિરુપાયે સર શાહનવાજ ભુટ્ટોએ તા. ૮મી નવેમ્બરે વી.પી. મેનનને સંદેશ મોકલ્યો કે પોતે જૂનાગઢ ભારતને સોંપી દેવા તૈયાર છે અને પોતે વિમાનમાર્ગે કરાચી પહોંચી ગયો. તા. ૯મીએ આરઝી હકૂમતે જૂનાગઢનો કબજો લઈ લીધો અને તા. ૧૩મી નવેમ્બરે સરદાર સ્વયં જૂનાગઢ પહોંચી ગયા.

આ વિજયની સ્મૃતિરૂપે સરદારે સોમનાથના ધ્વસ્ત શિવ-મંદિરના પુનરુદ્ધારની જાહેરાત કરી અને એ માટે જામનગરના જામસાહેબે પોતાના તરફથી રૂપિયા એક લાખ તથા આરઝી હકૂમત તરફથી શામળદાસ ગાંધીએ રૂપિયા એકાવન હજાર જાહેર કર્યા. પ્રભાસપાટણના કાંઠે ઊભું થયેલું સોમનાથનું એ નવનિર્મિત ભવ્ય મંદિર આજે ભારતના એ લોખંડી પુરુષની યાદ જાળવી રાખે છે. □

સાહિત્યસંપર્ક

ગુજરાતી ભાષાની જોડણી વિશે

છેલ્લા થોડા વખતથી ગુજરાતી ભાષામાં હ્રસ્વ-દીર્ઘ 'ઇ,ઈ,ઉ અને ઊ'ને મુખ્યત્વે લક્ષ્ય કરીને માન્યસ્વીકૃત જોડણીમાં ફેરફારો કરવા માટે કેટલાક મમત્વ અને મમતવાદીઓ સક્રિય બની એ આખી પ્રવૃત્તિને જાણે અભિયાનનું રૂપ આપવા મથી રહ્યા છે ત્યારે તે દિશામાં કંઈક વિચારવું અનિવાર્ય બને છે.

નર્મદે એકલે હાથે પોતાની શક્તિમતિ પ્રમાણે ગુજરાતી જોડણીકોશ કરવાનો સન્નિષ્ઠ પ્રયત્ન કર્યા પછી છેક ૧૯૨૯માં મહાત્મા ગાંધીની પ્રેરણાથી ગૂજરાત વિદ્યાપીઠે 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' પ્રકટ કર્યો ત્યારથી જ આપણી ભાષાની જોડણીમાં એકવાક્યતા લાવવાનું સર્વપ્રથમ અને સર્વસમર્થ 'અભિયાન' આરંભાઈ ચૂક્યું છે. એમણે આ સર્વસામાન્ય રીતે શિષ્ટ જોડણી પ્રયોજાય તે વાસ્તે ભારપૂર્વકનું નિવેદનવાક્ય તરતું મૂક્યું, 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.' આ જોડણી-કોશના પ્રકાશન પછી ગુજરાતી લખનારાઓ અને ગુજરાતી છાપનારાઓ સાવધ અને સભાન બન્યા, જેને પરિણામે એક સર્વસ્વીકૃત જોડણી સ્થિર થવા પામી. પરન્તુ આ જોડણીકોશ પ્રકટ થયાના વર્ષ ૧૯૨૯ અને આજ ૧૯૯૯ વચ્ચે ૭૦ વર્ષનો ગાળો વહી ચૂક્યો છે. ગુજરાતમાં શિક્ષણના વ્યાપ સાથે લેખનનો અને પ્રકાશનોનો વ્યાપ પણ વધ્યો છે. પરિણામે આપણી ભાષામાં અન્ય ભારતીય ભાષાઓના અને વિદેશી ભાષાઓના એકાધિક શબ્દો વપરાશમાં આવ્યા છે. આ સંજોગોમાં ૧૯૨૯ની જોડણીકોશની પ્રથમ આવૃત્તિની સંવર્ધિત-વિવર્ધિત આવૃત્તિ તૈયાર કરવા માટે ગૂજરાત વિદ્યાપીઠનું કોશકાર્યાલય સક્રિય બન્યું છે તે સમાચાર આવકાર્ય અને આનંદદાયક છે.

ગાંધીજીએ કહેલું કે, ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે, તેમ એવું પણ કહી શકાય કે ક્ષતિયુક્ત જોડણીવાળી ભાષા એ પણ અધૂરી કેળવણીની નિશાની છે. આજે વિવિધ વિદ્યાશાખામાં લેખન કરનારાઓ વધ્યા છે, પણ જોડણી અંગેની સભાનતા વધી નથી. આથી 'દિન' કે 'દીન', 'સૂણવું' કે 'સુણવું', 'પુર' કે 'પૂર', 'ચિર' કે 'ચીર' વગેરે શબ્દોમાંના જોડણીભેદે સર્જાતા અર્થભેદોની પરવા કર્યા વગર લેખનકાર્ય થતું રહે છે, અને નઘરોળ વૃત્તપત્રો અને પ્રકાશનોની બેદરકારી તથા સુસજ્જ જાગ્રત ભાષાશિક્ષકોની નિષ્કાળજીને પરિણામે આપણી ભાષાના લેખિત સ્વરૂપમાં પારાવાર જોડણીદોષો પ્રવર્તે છે. ભાષાનું આ કઠે તેવું વરવું રૂપ છે. સમાજને શિષ્ટ અને પરિષ્કૃત બનાવવા માટેના અનેક ક્ષેત્રીય પ્રયાસોમાંનો એક પ્રયાસ તે જોડણીશુદ્ધિના શિક્ષણનો પણ છે. એટલે ખાસ તો આજના સમૂહ માધ્યમોના પ્રભુત્વવાળા ઝડપી યુગમાં ભાષાશિક્ષણનો વ્યાપ અને ગતિ વધારવાની સવલત અને સરળતા માટે શિક્ષણ તરકીબો વધારવાની સઘન ઝુંબેશની જરૂર છે. પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભાષાશિક્ષણ પ્રત્યે વધુ ધ્યાન અપાય, અવારનવાર જોડણીશિબિરોનું આયોજન થાય, શિક્ષકો માટે પણ જોડણીના ઓપવર્ગોનું આયોજન થાય તે જરૂરી છે. ટેલિવિઝન અને દૈનિક-અઠવાડિક-માસિક આદિ સામયિકપત્રો જોડણીના પાઠો અને લેખો દ્વારા આ ભાષાશિક્ષણમાં મહત્ત્વનો ફાળો આપી શકે. આવાં બધાં જ સમૂહ માધ્યમોના કાર્યાલયમાં એક ભાષાનિષ્ણાતની નિયુક્તિ થવી જોઈએ કે જેથી પ્રજા સુધી પહોંચતી ભાષા કમ સે કમ જોડણીશુદ્ધ તો હોય.

પરંતુ આવા વિધેયાત્મક અને વિવિધ પ્રયાસોને બદલે આજે જ્યારે લોકો વ્યાપક સ્તરે જોડણીની ભૂલો કરતાં હોય તેના નિવારણ માટે એક જ 'ઈ' અને એક જ 'ઉ' કરી દેવાથી પ્રશ્નનો હલ આવવાનો નથી. પ્રજાની અધૂરી કેળવણીને પોષવાના એ પામર ઇલાજો છે. જગતની કોઈ પણ ભાષામાં શુદ્ધ જોડણી માટે પ્રજાને કેળવવાને બદલે ખુદ ભાષાને અપભ્રષ્ટ કરતું અભિયાન ચાલ્યું હોય કે ચાલતું હોય તેવું જાણવામાં આવ્યું નથી. સંસ્કારી પ્રજા સ્વપ્રયત્ને અને સભાનતાપૂર્વક પરિશ્રમ કરીને પોતાની ભાષાની જોડણી આત્મસાત્ કરી લેતી હોય છે. આથી ઊલટી દિશામાં અશુદ્ધ જોડણીના દુર્વ્યવહારના સ્થાપનથી તો પ્રજાનો શિક્ષણપ્રમાદ પોષવાની જ પ્રવૃત્તિ થઈ રહેશે. હમણાં આવા ઊહાપોહને વશવર્તીને 'સ્વસ્થ માનવ' જેવાં સામયિકોએ એક જ 'ઈ' અને એક જ 'ઉ'નો ઉપયોગ શરૂ કર્યો છે એ ખેદની વાત છે. સરળતાને ખાતર આવા રવાડે અન્ય સામયિકો ચડી ન જાય તો સારું. સ્થાપિત અને ભાષાતંત્ર માન્ય જોડણીનો સ્વીકાર અને પ્રસાર કરવો તે હવેના યુગની તાતી માગ છે.

આ સંદર્ભમાં ૧૧મી એપ્રિલે ગૂજરાત વિદ્યાપીઠના કોશકાર્યાલયના ઉપક્રમે ત્યાં કેટલાક વિદ્વાનોની આ દિશાની ચિંતા અને ચર્ચા માટે એક બેઠક મળી ગઈ તે ભાષાશુદ્ધિના સલામત ભાવિનું સુચિહ્ન છે. આ સભામાં નીચે મુજબનો ઠરાવ પેશ કરવામાં અને પસાર કરવામાં આવ્યો છે :

(ક) ગુજરાતી મૂળાક્ષરો - સ્વરો તેમજ વ્યંજનો - હાલ જે વપરાશમાં છે તેમને યથાવત્ વપરાશમાં સ્વીકારવા, હ્રસ્વ-દીર્ઘ ઇ-ઈ અને ઉ-ઊ જેમ છે તેમ જ રહેવા દેવા, યુક્તાક્ષરો વગેરેની યોજનામાં પણ કશો ફેરફાર કરવો નહીં.

(ખ) 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'માં સ્વીકારેલા જોડણીના વિકલ્પો વિશે વિદ્વાનો સાથે પરામર્શ કરી ઘટતું કરવું.

(ગ) 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'માં જ્યાં જ્યાં જોડણીની બાબતમાં અસંગતિઓ કે વિસંગતિઓ જણાતી હોય ત્યાં ત્યાં તદ્વિદો સાથે પરામર્શ કરી ઘટતું કરવું.'

આ દિશામાં આજની કેળવાયેલી પેઢી સ્વીકૃત જોડણી સાથે લેખનનો આગ્રહ રાખે તે સહુ ભાષાપ્રેમીની નિસબત બની રહેવી જોઈએ.

– ધીરુ પરીખ

——— અવલોકન ———

મૃત્યુ અને મુક્તિવિષયક નોંધપાત્ર મહાનિબંધ

['અર્વાચીન ગુજરાતી કવિતામાં મૃત્યુનું નિરૂપણ' : લે. ડૉ. ભાનુમતી જાની, પ્રકાશક : પોતે, વિતરક : પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ-૧૯૯૮, ડિમાઈ પૃ.૫૧૧, પાકું પૂઠું, રૂ. ૨૨૫/-]

માનવીય અસ્તિત્વ ટકાવવા માટે સમય, સ્થળ, દેહ અને જગત મૂળભૂત તત્ત્વોના વિચારકણો છે. એમાં કાળ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. જન્મ અને મૃત્યુ વચ્ચે બંધાયેલી સમયની સાંકળ એટલે જ જીવન. 'જે જાયું તે જાય' એ પંક્તિખંડ મહત્ત્વનું સૂક્ષ્મ ચિંતન આપે છે. જે જન્મ્યું છે, તે મરવાનું છે એમ અહીં મૃત્યુનો અર્થ સાર્થક થતો લાગે છે. મૃત્યુ આમ તો પરાનુભવ અને પરાનુભૂતિનો વિષય છે. ડૉ. ભાનુમતી જાનીએ મૃત્યુને તાત્ત્વિક ભૂમિકા પર મૂકી આપ્યું છે. તત્ત્વ તરીકે મૃત્યુને તેઓએ કોચી કોચીને શાર પાડી એની આરપાર જોવાનો મહાયત્ન સફળ રીતે પાર પાડ્યો છે. 'અર્વાચીન ગુજરાતી કવિતામાં મૃત્યુનું નિરૂપણ' નામક શોધનિબંધ ઉત્તમ શોધગ્રંથ ગણાવી શકાય એવો છે. આ ગ્રંથ દ્વારા લેખિકાએ મૃત્યુંજયના મંત્રની ગરજ પૂરી પાડી છે.

અત્યાર સુધીમાં ગુજરાતી કાવ્ય સાહિત્યમાંથી જે મૃત્યુના ઉલ્લેખો મળી આવે છે તેને ભાનુબહેને ખૂણેખાંચરેથી લાવીને શિસ્તબદ્ધ કર્યા છે. પ્રથમ પ્રકરણમાં મૃત્યુની વિભાવના પૂર્વપશ્ચિમની તત્ત્વમીમાંસા પ્રમાણે બાંધી આપી છે. કવિ તત્ત્વદષ્ટા થયા વિના મહાન બની શકતો નથી, એ સમજ લેખિકાએ મૃત્યુના શુભાશુભ તત્ત્વ દ્વારા દર્શાવી છે. મૃત્યુ એ અનુભૂતિનો વિષય છે જ; એ બાબત આ બંને મીમાંસામાંથી અંકિત થઈ છે. બૃહદારણ્યક ઉપનિષદથી માંડીને સૉફોક્લિસની ગ્રીક ટ્રેજેડી સુધીના આ પ્રકરણમાં સંદર્ભો લેવાયા છે. સૉક્રેટિસ, પ્લેટો, હેગલ જેવા અસંખ્ય ચિંતકોનો સમાવેશ થયો છે. 'જીવન કરતાં મૃત્યુ વધારે સુંદર છે.' જેવાં શાશ્વત સત્યો પણ અહીં પ્રકટે છે.

બીજા પ્રકરણમાં લોકસાહિત્ય, પ્રાચીન ભજનો તથા મધ્યકાલીન ગુજરાતી કવિતામાં મૃત્યુનું નિરૂપણ કેવી રીતે થયેલું છે, તેની તપાસ કરવામાં આવી છે. આ તપાસ પાછળનો આશય તો ખરેખર મોક્ષ માટેની શોધનો છે. માટે ગવાયું છે: 'મૃત્યુને ભયે નરસૈયો બીતો નથી.' આ પ્રકરણમાં હંસલો અને દેહના વિવિધ અર્થો પણ દર્શાવાયા છે. પ્રાચીન ભજનોમાં મૃત્યુનું નિરૂપણ થયું છે એ જ રીતે મધ્યકાલીન કવિતામાં મૃત્યુને તત્ત્વચિંતન રૂપે વર્ણવાયું છે, એ સઘળાં સ્થાનોનો નિર્દેશ અહીંયાં સાંપડે છે. બીજી બાજુ આ જ પ્રકરણમાં 'મૃત્યુ'ને મંગલ, મુક્તિદાતા તરીકે પણ કવિતા દ્વારા જોયું છે.

ત્રીજા પ્રકરણમાં લેખિકાએ સુધારક-યુગની કવિતામાં મૃત્યુનાં પરિબળો તપાસ્યાં છે. એમાં 'ફાર્બસવિરહ' જેવી કરુણ પ્રશસ્તિઓને નાણી છે. પ્રકરણ ચોથામાં પંડિતયુગનાં કાવ્યોમાં મૃત્યુનું નિરૂપણ કરુણ સ્વરૂપે અંગતતાના ધોરણે જોયું છે. એમાં 'સ્નેહમુદ્રા', 'લીલાવતી જીવનકલા', 'ઈન્દ્રજિત વધ', 'સ્મરણ સંહિતા' અને 'પૂર્વાલાપ'નાં કેટલાંક કાવ્યોનું મનોવિશ્લેષણ સારી રીતે થયું છે. ન્હાનાલાલ અને બોટાકદરનાં મૃત્યુ વિષયક ભાવવાહી કાવ્યોમાં 'વેણુ-વિહાર'ની પંક્તિ વિશેષ આકર્ષક છે.

'પિંડ પિંડના પરપોટા ત્યહાં
પલકે ક્ષણભંગુર.'

વળી, 'દ્વારિકાપ્રલય'ની પંક્તિઓમાં પણ મૃત્યુની ચમક પ્રકટ થાય છે. બે પંક્તિઓ :

'નારદ નથી જાણતો તું
જન્મસંગાથે જ જન્મે છે મૃત્યુ.'

આ જ પ્રકરણમાં ગોવર્ધનયુગ સાથે મૃત્યુને મંગલ, દિવ્ય, સુંદર સ્વરૂપે નિહાળ્યું છે, તેમ જ મૃત્યુને મુક્તિદાતા તરીકે કલ્પ્યું છે. આ યુગમાં વધારે કાવ્યો કરુણપ્રશસ્તિ અને શોકાંજલિરૂપે જ લખાયાં છે.

કરુણપ્રશસ્તિ સ્વરૂપે મૃત્યુનું વિશેષ જતન ગાંધીયુગમાં થયાની વિગત પાંચમા પ્રકરણમાં નોંધાઈ છે. અહીં ભયાનક અને વાસ્તવના ભાવમાં મૃત્યુને લેખિકાએ જોયું છે. છઠ્ઠા પ્રકરણમાં અનુગાંધીયુગનાં કાવ્યોનો મૃત્યુવિષયક ચિતાર આપવામાં આવ્યો છે. અનુગાંધીયુગના કાવ્યવિશ્વ એટલે કે ભાવવિશ્વમાં વ્યક્તિલક્ષી કરુણપ્રશસ્તિઓનો ભાર ઓછો થવા લાગ્યો અને મૃત્યુને તાત્ત્વિક ભૂમિકા પર લાવવાના પ્રયાસો થવા માંડ્યા એવા ઉલ્લેખો અહીં સુપેરે રજૂ થયા છે. તાત્ત્વિક અર્થની પંક્તિઓ :

'અમે જેને સ્કંધે ચઢી
ઉછરિયા વેલ સરખા
અમારી ખાંધે તે તરુવર સ્વયં રે
ચઢી ગયા.'

સાતમા પ્રકરણમાં અદ્યતનયુગની કવિતામાં મૃત્યુના તત્ત્વનું નિરૂપણ અને એના તાત્ત્વિક સૌંદર્યની છણાવટ થઈ છે. લેખિકાએ આધુનિક અસંગત નથિંગનેસની કક્ષાએ મૃત્યુના રમણીય રૂપને જોયું છે. જન્મ-મૃત્યુના ખરા તત્ત્વની શોધ માટે આ પંક્તિઓ યોગ્ય છે :

'ફરી પાછા નીડે, નીડથી ધરતીમાં
મળી જવું
ફરી પાછા ઈંડે જનની તવ
જન્મી ફરકવું.'

આ મહાનિબંધમાં મૃત્યુને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની રીતે સંશોધેલું છે. અર્વાચીન ગુજરાતી કવિતાની વિવિધ કલ્પનાઓ અને વિવિધ અભિવ્યક્તિઓનું નિદર્શન-દિગ્દર્શન કરાવીને ડૉ. ભાનુમતી જાનીએ આ શોધનિબંધનું આયોજન કરેલું છે. મૃત્યુ એ એક પ્રશ્ન નહીં પણ અણનમ મહાપ્રશ્ન છે, એવું ન કહેતાં એમાંથી

ક્યાંક મુક્તિનું તરણું આ મહાશોધમાંથી કદાચ સાંપડી આવે ખરું. - ડૉ. નલિન પંડ્યા

નરસિંહ મહેતા કવિતા પુરસ્કારની સ્થાપના

વિદ્યમાન ગુજરાતી કવિને તેના સમગ્ર કવિતાસર્જનને લક્ષ્યમાં લઈને, પ્રતિવર્ષે રૂપિયા એક લાખ એકાવન હજારનો 'નરસિંહ મહેતા કવિતા પુરસ્કાર' આપવાના મુખ્ય પ્રયોજન સાથે જૂનાગઢ ખાતે 'આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ' નામના ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. પ્રથમ વાર કાર્યક્રમ એપ્રિલ અથવા મે માસમાં થશે. આ પુરસ્કારનો પ્રારંભ નરસિંહ મહેતાની જન્મભૂમિ જૂનાગઢથી થશે. પ્રતિ વર્ષ તે અપાતો રહે તેવું આયોજન છે. ત્યાર બાદ દર વર્ષે પુરસ્કાર અર્પણવિધિ માટેનું સ્થળ બદલાતું રહેશે. સર્વશ્રી સુરેશ દલાલ, ચન્દ્રકાન્ત શેઠ અને રઘુવીર ચૌધરીની બનેલી ચયન સમિતિ સને ૧૯૯૯ના વર્ષ માટે કવિના નામની પસંદગી કરશે.

અનુસંધાન|વાચકો લખે છે|પૃ.૨૪૮થી

'કલાવાર્તા'માં શ્રી મણિલાલ શાહ (અલગારી) વિશે, વાંચી ઘણો જ આનંદ થયો. જે સમયે શ્રી મણિભાઈ (અમે તેમને આ નામે જ સંબોધતા) કોલેજમાં વ્યાયામ શીખવતા તે સમયે તે ભાવનગર-માં ચાલતા શ્રી ઠક્કરબાપા સાર્વજનિક કુમાર છાત્રાલયના ગૃહપતિ પણ હતા. અને છાત્રાલય સાથે સંકલિત ગૃહપતિ માટેના નિવાસમાં જ રહેતા. તે અરસામાં આપે ઉલ્લેખેલો 'પસ્તીનો જથ્થો' એક ઓરડામાં ભરી રાખેલો.

હું તે સમયે ૯ કે ૧૦મા ધોરણમાં અભ્યાસ કરતો અને આ છાત્રાલયમાં રહેતો. કઈ રીતે શરૂઆત થઈ તે તો યાદ નથી, પણ તેમણે મને અનુકૂળતા મળે ત્યારે (સપ્તાહમાં ત્રણથી પાંચેક કલાક) તેમની 'પસ્તી'માંથી નિશાની કરેલાં ચિત્રો, ફોટોગ્રાફ્સ વગેરે કાપી લેવાનું ચીંધ્યું. તે પ્રમાણે કાપેલાં ચિત્રો વગેરેનો ઠીક ઠીક મોટો થપ્પો ભેગો કર્યો. પછી તેઓ સરસ્વતી પ્રેસમાંથી લગભગ ૧૦" x ૧૪"ના જાડા કાગળો કપાવી લાવ્યા અને પછી તો કેટલીક વાર અમે સાથે અને કેટલીક વાર એકલા, પેલાં કાપેલાં ચિત્રો તેના પર વ્યવસ્થિત ચોંટાડવા લાગી જતા. આમ, (અત્યારે યાદ છે તે પ્રમાણે) શ્રી નંદલાલ બસુ, શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુર, અવનીન્દ્રનાથ ઠાકુર, ગુરુદેવ રવીન્દ્ર-નાથનાં ચિત્રો તેમજ શરીર સૌષ્ઠવ વગેરેને લગતાં... એમ લગભગ સો-સો ચિત્રોના ચાર-પાંચ સંપુટ તૈયાર કરેલા. આ કામ માટે એક વેકેશન પણ હું રોકાઈ ગયેલો. એકાદ વર્ષ પછી એક સંપુટનું તો ક્યાંક પ્રદર્શન રાખેલું. અને તેને સારો પ્રતિભાવ સાંપડેલો. આજે તે કાર્ય ફાલીફૂલી આટલું મોટું થયું છે તે વાંચી-જાણી ઘણો હર્ષ અનુભવ્યો. બાકી તે સમયે તો તેમની 'પસ્તી' તેમના નજીકનાં વર્તુળોમાંથી ઘણાંને ગમતી નહિ. અને તેમને મોઢે ટીકા પણ કરતા. પરંતુ તેમણે આ કશાને ગણકાર્યા સિવાય પોતાનું કામ આગળ ધપાવ્યે રાખ્યું.

ત્યાર પછી એટલે કે ૫૬-૫૭ પછીથી તો અમે જુદા પડી ગયા, તે આજ દિન સુધી મળી શક્યા નથી. તેમનો સહેજ ઉગ્ર પણ ઘણો પ્રેમાળ સ્વભાવ ભુલાય તેવો નથી.

આ જ અંકમાં જ્યૉર્જ વૉશિંગ્ટનનો કિસ્સો વાંચતાં જ આબેહૂબ તેવો જ કિસ્સો સ્મૃતિમાં સળવળી ગયો. આ કિસ્સો IPCL વડોદરાના એક સમયના ચૅરમેન (કે/ કમ M.D.) શ્રી જે.જે. મહેતાના સંબંધમાં છે. IPCLની કેન્દ્રીય પ્રયોગશાળામાં કામ કરતા મારા એક નજીકના મિત્રે જ વાતવાતમાં સ્વમુખે કહેલો.

IPCL તે સમયે તો હજુ (લગભગ ૭૫-૭૬ના ગાળામાં) બાલ્યાવસ્થામાં હતું. વિસ્તાર ઘણો મોટો અને બીજા પ્લૉટો વગેરેનું બાંધકામ ચાલતું. વધારે ભાગની જમીન હજુ ઊબડખાબડ સ્થિતિમાં હતી. તે સમયે કેન્દ્રીય પ્રયોગશાળામાં બરફની જરૂર પડતાં એક માણસને તે લાવવા મોકલેલો, સાથે જરૂરી માણસો લઈ જવા તેવી સૂચના સાથે.

પણ મદદકર્તા તો મળ્યો નહિ. તેથી તે એકલો જ લગભગ અર્ધોક કિલોમીટર દૂરથી બરફની પાટ લઈ આવવા નીકળ્યો. ક્યારેક ઊંચકતો, ક્યારેક ઘસડતો, થોડો પોરો ખાતો તે કેન્દ્રીય પ્રયોગશાળા તરફ આગળ વધતો હતો.

ઘણી વાર બધે જરા જોવાજાણવા આંટો મારવાની પોતાની ટેવ પ્રમાણે શ્રી જે.જે. મહેતા ત્યાં હશે તેમ માની પોતાનું કામ તેણે ચાલુ રાખ્યું. શ્રી મહેતાએ ત્યાં જઈ પૂછપરછ કરી કે એકલા કેમ આટલા હેરાન થવું પડે છે? અને બીજાને કેમ મદદમાં બોલાવ્યા નહિ? જવાબમાં તેણે જણાવ્યું કે ફાજલ માણસો મળ્યા નહિ. મોટા સાહેબને વાત કરવા છતાં કંઈ વળ્યું નહિ. એટલે પછી આમ એકલા કામ કરવાનો વારો આવ્યો.

'કંઈ નહિ, ચાલ આપણે બે થઈ લઈ જઈએ' કહી તેમણે તો પાટને બીજે છેડેથી પકડી, અને પેલો માણસ 'અરે સાહેબ, આપ રહેવા દો. આપનું કામ નહિ. આપનાં કપડાં બગડશે' વગેરે બોલતો રહ્યો. પણ શ્રી જે.જે. મહેતા તો માન્યા જ નહિ. છેક સુધી પાટ પહોંચાડવામાં મદદ કરી. કેન્દ્રીય પ્રયોગશાળાના પ્રવેશદ્વારે પગ મૂક્યો તો ત્યાંના એકાદ બે કર્મચારીઓ જોઈ ગયા ને ઓળખી ગયા. ને 'અરે, સા'બ... આપ... આપ..' કહી અર્ધા ગભરાટમાં ને અર્ધા આશ્ચર્યમાં પાટ લેવડાવવા લાગ્યા. ને અંદર જાણ કરી તો સ્ટાફ થઈ ગયો ભેગો ને તેમના વડા હાંફળાફાંફળા આવી પહોંચ્યા. તેમને સૌને ત્યાં ઊભા ઊભા જ શ્રી મહેતાએ સૂચના આપી, 'આવું કામ હોય તો જોઈવિચારી પૂરતા માણસો મોકલવા. અને જો માણસોની ખેંચ હોય તો ચૅરમેનની ઑફિસે ફોન કરજો. વ્યવસ્થા થઈ જશે. આ માણસ ગમે તેટલી નીચી પાયરીનો હોય પણ તેય આપણી જેવો જ માણસ છે. અને આપણો કર્મચારી છે.'

બસ, કોઈ જ જાતનો ગુસ્સો કર્યા સિવાય કે જરા પણ અવાજ ઊંચો કર્યા સિવાય સાવ સામાન્ય રીતે આટલી સૂચના આપી, જાણે કંઈ જ બન્યું નથી તેમ પોતાના કાર્યાલય તરફ રવાના થઈ ગયા.

- દેવ ચાવડા (વડોદરા)

કલાવાર્તા

વિનોદ પટેલ

શ્રી વિનોદ પટેલ મહેસાણા જિલ્લાના આનંદપુરા ગામની શાળામાં અભ્યાસ




કરતા હતા ત્યારે ચોથા ધોરણમાં વર્ગશિક્ષકે તેમના 'ચિત્રપોથી'માં કરેલા કામની પ્રશંસા કરી ત્યારથી જ ચિત્રકામ અને ડ્રોઈંગમાં ઊંડો રસ જાગ્યો.

તેમના મામા દીનુભાઈ પટેલ



ભિખારીનું પોર્ટ્રેટ (જળરંગોમાં)

ગુજરાતમાં જાણીતા પોર્ટ્રેટ ચિત્રકાર. તેમની પાસે વિનોદ પટેલે પોર્ટ્રેટ-અભ્યાસ કર્યો. પછી ૧૯૮૫-ની સાલમાં શેઠ સી.એન. કૉલેજ ઑવ્ ફાઈન આર્ટ્સમાં દાખલ થયા. અહીં કલાશિક્ષકો નટુભાઈ પરીખ, નાગજીભાઈ



વહાણો (ગ્લાસ પેઈન્ટિંગ - તૈલરંગોમાં)

ચૌહાણ, સદ્‌ગત કે.આર. યાદવ અને શરદભાઈ પટેલનો પ્રેમ, પ્રશંસા તથા પ્રોત્સાહન મેળવ્યાં. નટુભાઈ પરીખ તથા યાદવસાહેબનાં દૃશ્યચિત્રોની શૈલીની અસર તેમણે ઝીલી છે, છતાં તેમનાં દૃશ્યચિત્રોમાં પણ પોતાની આગવી દૃષ્ટિ, વિશિષ્ટ કલાત્મક સંરચના, પીંછી વડે જલરંગો મૂકવાની સ્વાભાવિક ત્વરા, નૈસર્ગિકતા, જળરંગોની પ્રવાહિતા તથા તે દ્વારા સ્થળનું સૌંદર્ય અને વાતાવરણ સર્જવાની અદ્‌ભુત શક્તિ દર્શાવ્યાં છે. કાંઈક અંશે આ કઠિન પરંતુ સુંદર મધુર માધ્યમ પર તેમણે અદ્‌ભુત પ્રભુત્વ મેળવ્યું છે. આ દૃશ્યચિત્રોમાં વાસ્તવિકતાની સાથે સાથે કાવ્યમયતા પણ છે અને એમનો પ્રકૃતિ પરત્વેનો પ્રેમ પણ પ્રકટ થાય છે. વળી, તેમાં તેમનો પરિપ્રેક્ષ્યનો અભ્યાસ પણ છતો થાય છે.

તેમની એક બીજી વિશિષ્ટતા છે તેમનાં પોર્ટ્રેટ ચિત્રો. તેમને ખાસ તો ભિખારીઓ તથા જીવનની થપાટો સહન કરી રહેલા, વેદના અને દુઃખ અનુભવી રહેલા



ડ્રોઈંગ (માઉન્ટ આબુનું દૃશ્ય)

ચહેરાઓના ભાવો દર્શાવવા વધુ ગમે છે. આ ચહેરાઓ તેમણે જળરંગોમાં, પોસ્ટર રંગોમાં, શાહીમાં, પેન્સિલમાં,



ખેતરનું દૃશ્ય (જળરંગોમાં)

પેસ્ટલ્સમાં તથા તૈલરંગોમાં કર્યા છે. આ ચહેરાઓ કેવળ બાહ્ય ભાવો જ નિરૂપતા

નથી, પરંતુ તે વ્યક્તિઓની મનોવૈજ્ઞાનિક ઊંડાઈ પણ પ્રકટ કરે છે. ટૂંકમાં, આ દરેક ચહેરો વૈયક્તિક ચહેરો બન્યો છે. આ ચહેરાઓના આલેખનમાં પણ તેમના ત્વરિત તુલિકાઘાતો દેખાય છે. તથા સમુચિત કલાત્મક રંગયોજનાનાં પણ દર્શન થાય છે. ખાસ વખાણવાલાયક છે તેમનું ત્વરાલેખન કાર્ય, જે તેમણે પુષ્કળ પ્રમાણમાં સ્કેચ-બુકો ભરીને કર્યું છે. હાલમાં પણ તેમની પાસે ત્રણ હજારથી વધુ ત્વરાલેખનો છે. વળી, ફોટોગ્રાફીમાં પણ તેમને રસ છે. આ રસ તેમને આડકતરી રીતે તેમની ચિત્રકલામાં પણ મદદરૂપ થયો છે.

વિનોદ પટેલને વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુર તરફથી સદ્‌ગત મુખ્ય પ્રધાન રાજીવ ગાંધીને હસ્તે ૧૯૮૭માં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. તેમણે અત્યાર સુધીમાં ૧૨ કલાશિબિરોમાં સક્રિય ભાગ લીધો છે. તેમણે કુલ સાત વન્-મેન શૉ કર્યા છે. હાલમાં વિદ્યાનગર હાઈ સ્કૂલમાં શિક્ષક છે.

રમણીક ભાવસાર

કલાકાર રમણીક ભાવસાર ગુજરાતના ચિત્રકલાક્ષેત્રે મોખરે છે. નાનપણથી જ



તેમને ચિત્રકલામાં ઊંડો રસ. ગાંધીનગરની નજીક આવેલા પેથાપુરમાં તેમનું બાળપણ વીત્યું. અહીં તેમના કાકાને ત્યાં બ્લૉક પ્રિન્ટિંગ વિશે જાણકારી મેળવી અને રંગો વિશે પણ સભાન થયા. આમ પણ બ્લૉક પ્રિન્ટિંગ અને બ્લૉકસર્જન માટે પેથાપુર થોડાં વર્ષો પૂર્વે ખૂબ જાણીતું હતું અને આજે પણ ત્રણેક કુટુંબોમાં આ વ્યવસાય ચાલુ રહ્યા છે. આ બ્લૉક પ્રિન્ટિંગના અનુભવને લીધે તેમણે નૂતન, અમૂર્ત ડિઝાઈનમાં, રંગોમાં સર્જનાત્મક લાગે એવી બ્લૉકોની મદદથી ચાદરો પણ છપાવી. વળી, વૉલ હૅંગિગ્સની બ્લૉક ડિઝાઈનોમાં પણ તેમની કલાકાર તરીકેની દૃષ્ટિનાં દર્શન થાય છે. મોટે ભાગે તેમાં તાંત્રિક શૈલીપ્રકારની ભૌમિતિક આકારોવાળી ડિઝાઈનો છપાયેલી જોવા મળે છે. બરાબર આ જ સમય દરમિયાન રમણીક ભાવસારે તાંત્રિક કલાથી પ્રેરાઈ નૂતન તાંત્રિક (Neo-Tantric)શૈલીમાં એક ચિત્રશ્રેણીનું સર્જન કર્યું. આ ચિત્રોમાં ખૂબ ઓછા ભૌમિતિક આકારો છે પરંતુ તે મનનાત્મક ભૂમિતિમાંથી આંતરિક પ્રકાશ પ્રકટતો હોય એમ લાગે છે. ડિઝાઈનની દૃષ્ટિએ તેમજ સંરચના અને રંગોના આયોજનની દૃષ્ટિએ પણ આ ચિત્રો નોંધપાત્ર છે. તેમની ચિત્રકલાની શરૂઆતની કારકિર્દીમાં તેમણે વાસ્તવદર્શી શૈલીમાં સુંદર દશ્યચિત્રો પણ કર્યાં હતાં. વળી, તત્કાલીન કોણીય (angular) આકારોવાળી આધુનિક શૈલીમાં માનવાકૃતિઓવાળાં ચિત્રો પણ કર્યાં. તે વેળા પ્રકટ થતા 'સંસાર' માસિકમાં આવાં આકૃતિપ્રધાન ચિત્રો મુખપૃષ્ઠ પર સ્થાન પામ્યાં. પછી તેમણે અમૂર્ત શૈલીનાં ચિત્રો કર્યાં. શરૂઆતનાં અમૂર્ત ચિત્રોમાં તેમણે રંગોના જાડા થરોનો ઉપયોગ કરી સરસ, આકર્ષક સપાટીઓ સર્જી. આવા જ એક અમૂર્ત ચિત્રને નૅશનલ ઍવૉર્ડ મળ્યો. પછી તેમણે રેતીનો કલાત્મક ઉપયોગ તથા કૅલિગ્રાફીનો ઉપયોગ કરી ભારતીય રંગોની યાદ આપે એવા રંગો પ્રયોજી અમૂર્ત ચિત્રોની એક શ્રેણી તૈયાર કરી. આ ચિત્રોમાં રમણીકભાઈની મહેનત, કૌશલ તથા કલાસર્જનનાં દર્શન થાય છે.



બે દૃશ્યચિત્રો (તૈલરંગી), રમણીક ભાવસાર



આ ચિત્રોને કેટલાક વિવેચકોએ textural abstract - પોતપ્રધાન અમૂર્ત કૃતિઓ પણ કહી છે. છતાં તેમાં નિતાંત ભારતીયતાનાં દર્શન થયા વિના રહેતાં નથી. આ ચિત્રોએ તેમને ખૂબ કીર્તિ, પ્રશંસા રળાવી આપ્યાં. દશ્યાત્મક રીતે સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ આ ચિત્રો પ્રભાવકારી કૃતિઓ બને છે. ડિઝાઈનની દૃષ્ટિ તેમનાં બધાં જ ચિત્રોમાં દેખાય છે. તેનું કારણ એ છે કે રમણીક ભાવસારે મુખ્યત્વે ટેક્ષટાઈલ ડિઝાઈનર તરીકે વર્ષો સુધી સુંદર, પ્રશસ્ય કાર્ય કર્યું. તેમણે ચિત્રોનાં પટ પર વિવિધ ચિત્તાકર્ષક પોતવાળી સપાટીઓ પણ સર્જી છે. કોઈક સ્થળે બ્લોટોર્ચનો પણ ઉપયોગ કર્યો છે.

આંખની તકલીફને કારણે ભાવસારે અમૂર્ત ચિત્રો સર્જવાનું બંધ કરી છેલ્લાં કેટલાંક વર્ષોથી સર્જનાત્મક દશ્યચિત્રો બનાવવાનું શરૂ કર્યું. આ સમયગાળા દરમિયાન તેમણે સર્જનાત્મક દશ્યચિત્રોનાં ત્રણ પ્રદર્શનો કર્યાં. પ્રથમ પ્રદર્શનમાં કાગળ પર પેસ્ટલ રંગોમાં તેમણે સુંદર વાતાવરણ, અવકાશ, ડિઝાઈનની અનુભૂતિ કરાવતાં દશ્યચિત્રો રજૂ કર્યાં. પછીનાં બે પ્રદર્શનોમાં તેમણે તૈલરંગોમાં કેનવાસ પર અલગ અલગ કદમાં દશ્યચિત્રો રજૂ કર્યાં. આ દશ્યચિત્રો વાસ્તવદર્શી કૃતિઓ નથી કારણ કે ને કુદરતનાં તત્ત્વો કે પદાર્થો-ડુંગરો, શિલાઓ, વૃક્ષો, સૂર્ય, ચંદ્ર વગેરેને ખૂબ જ સરલીકરણ દ્વારા રજૂ કરે છે. તેમાં તેમણે તેમની સ્મૃતિનો સહારો લઈ, કેવળ રૂપસંયોજનો તથા રંગવિન્યાસ પર જ ભાર મૂકી ચિત્ર સર્જ્યાં છે. આ ચિત્રોમાં પણ તેમની ડિઝાઈનની દૃષ્ટિ તો દેખાય જ છે. સંયોજન પણ સુંદર છે તો રંગોની મેળવણી તથા વિરોધાભાસ પણ કલાત્મક રીતે પ્રકટ થયેલો છે. રંગોની સંવાદિતા નોંધપાત્ર છે.

એક સમયે ભારતનાં અનેક સ્થળોનાં તથા ગુજરાત લલિત કલાનાં પ્રદર્શનોમાં ભાગ લઈ અનેક ઇનામો મેળવનાર ભાવસાર અલ્પભાષી તથા સૌમ્ય સ્વભાવના છે. પ્રચારવેડામાં માનતા નથી. એક જ વર્ષમાં ત્રણ ગૌરવવંતાં ઇનામો મેળવી તેઓ હેટ્રિક કરી ચૂક્યા છે. ગુજરાત, મધ્યપ્રદેશ, પંજાબનાં ઇનામાં ઉપરાંત રાષ્ટ્રિય એવૉર્ડ, આઈફેક્સનો એવોર્ડ, બોમ્બે આર્ટ સોસાયટી એવોર્ડ તેમાં મુખ્ય છે. - બંસીલાલ દલાલ

ડી.એસ. પટેલનાં ફોટો-ટેક ચિત્રો

ડી.એસ. પટેલનાં ફોટો-ટેક ચિત્રોનું એક પ્રદર્શન થોડા માસ પહેલાં



અમદાવાદમાં યોજાઈ ગયું. ફોટોગ્રાફર તરીકે તેમનું નામ જાણીતું છે. ખાસ તો તેમણે આ ક્ષેત્રમાં પ્રયોગો કર્યા છે ને સુંદર પરિણામો લાવ્યા છે. તે માટે ફોટોગ્રાફરોએ ફોટોગ્રાફીમાં તથા ડાર્કરૂમ ટેકનિકો વગેરેમાં વિવિધ પ્રયોગો કર્યાં છે, પરંતુ ડી.એસ. પટેલે ફોટોગ્રાફી, ચિત્રકામ તથા ડાર્કરૂમ ટેકનિક એમ ત્રણેય રૂપોને ભેગાં કરી ચિત્રો સર્જ્યાં છે. ૨૦ વર્ષના સંશોધન અને પ્રયોગોનું પીઠબળ છે. તેમણે તેમની કારકિર્દી કલાશિક્ષક તરીકે શરૂ કરેલી, પરંતુ પાછળથી તેમને ફોટોગ્રાફીમાં, ડાર્કરૂમ ટેકનિકોમાં વધુ રસ પડ્યો. તે માટે તે અમેરિકા પણ ગયા અને ત્યાં પણ તેમણે આ અંગેનું જ્ઞાન મેળવ્યું. આ પ્રકારના કલારૂપ માટે શ્રી પટેલના અભિપ્રાય મુજબ રિવર્સ કલ્પનાનો કસબ જોઈએ. ફોટોગ્રાફીની ઇમેજની જગ્યાએ તેમણે નેગેટિવ પર રંગો અવેજીમાં મૂક્યા અને એ રીતે ફોટો-ટેક ફોટોગ્રાફીનું સર્જન કર્યું. આ પ્રકારની ફોટોગ્રાફી પેન્ટિંગ જેવી જ છે. તેના રંગો સમૃદ્ધ અને ઉત્કટ હોય છે. તેમાં અમૂર્ત રૂપો તથા આકૃતિઓનું પણ નિર્માણ થઈ શકે છે. આમ, આ એક ક્રાંતિકારી પગલું પણ છે. તેમણે પ્રકાશ વડે ચિત્રો સર્જ્યાં છે, કારણ કે ફોટોગ્રાફી પ્રકાશ વડે લખવાની પ્રક્રિયા છે. નીચેના નમૂનાઓ જુઓ.





સ્વાતંત્ર્ય અને ઉજવણી

ગુજરાત રાજ્યની યુવા સેવાઓ અન સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા યોજિત રાષ્ટ્રિય ફોટોગ્રાફિક પ્રદર્શન અને સ્પર્ધાનાં વિષય હતો 'સ્વાતંત્ર્ય અને ઉજવણી'. ૫૭૩ ફોટોગ્રાફ આવ્યા હતા. તેમાંથી ૧૨૯ ફોટાઓ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા હતા. આ પ્રદર્શનના ફોટાઓ પસંદ કરનારા નિર્ણાયકો હતા જયપુરના શ્રી એસ.એન. શર્મા, લખનૌના શ્રી ભૂપેશ લિટલ, ભૂજના શ્રી વસંત સંઘવી.

૧૦,૦૦૦ રૂપિયાનું પ્રથમ પારિતોષિક શ્રી પ્રવીણ રાવતના રંગીન ફોટા 'ભારત-પર્વ'ને પ્રાપ્ત થયું. ૭૦૦૦ રૂપિયાનું દ્વિતીય પારિતોષિક ચેતન ડી. પટેલના 'શીર્ષક' વગરના ફોટાને આપવામાં આવ્યું. ત્રીજું પારિતોષિક પ્રતાપરાવ શિન્દેને 'માઈલ્સ ટુ ગો' માટે મળ્યું. રંગીન ફોટા વિભાગમાં કૉન્સોલેશન ઈનામ ૧૦૦૦ રૂપિયાનું જી.આર. અસનાની, શૈલેશ પરાશર, બિપિન પટેલ, પ્રકાશ ગિલોકાની તથા ડી. ધંડાપાનીને મળ્યું. શ્વેત-શ્યામ ફોટા વિભાગમાં કૉન્સોલેશન ઈનામ ૧૦૦૦ રૂપિયાનું પ્રવીણ રાવત, અનિલકુમાર



ભારતપર્વ (પ્રવીણ રાવત)



(ચેતન ડી. પટેલ)



ઘણું દૂર જવું'(પ્રતાપરાવ શિંદે)

કે.આર., કમલ રાણા, દિલીપ લોકારે અને પી. કરુણાકરનને મળ્યું. સમગ્ર રીતે જોતાં પ્રદર્શન આકર્ષક હતું અને વિષયને ન્યાય આપતા ફોટાઓ હતા.

અમદાવાદમાં એક નવી ફૉરચ્યૂન આર્ટ ગૅલેરી

અમદાવાદમાં ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલી આકર્ષક બહુમાળી વેલ્કમ ગ્રૂપની ફૉરચ્યૂન હૉટેલના માલિક સુધીર ખુરાનાએ ફૉરચ્યૂન આર્ટ ગૅલેરી તેના છઠ્ઠે માળે તાજેતરમાં ખુલ્લી મૂકી છે. બધી જ દશ્ય કલાઓને પ્રોત્સાહિત કરવા આ ગેલેરી શરૂ કરવા પાછળનો શુભાશય છે. ખાસ તો અમદાવાદના સર્વપ્રથમ અને પછી બીજા પ્રદેશના પ્રૌઢ, અનુભવી અને ખ્યાતનામ કલાકારો તથા ઊગતા, આશાસ્પદ કલાકારોની કલાકૃતિઓને આ નાની, પરંતુ સુંદર ઉષ્માનો અનુભવ કરાવતી તથા બધી સુવિધાઓ ધરાવતી ગૅલેરીમાં પ્રદર્શિત કરવામાં આવશે. કલાત્મક ગુણવત્તા તથા સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ સારી કહી શકાય એવી કલાકૃતિ- ઓને જ પ્રદર્શિત કરવામાં આવશે. તેનો આશય માત્ર ધંધાદારી ન રહેતાં સાંસ્કૃતિક વિકાસનો રહેશે. પ્રદર્શનનું ઉદ્ઘાટન ખ્યાતનામ કલાકાર અને ગુજરાત લલિત કલા અકાદમીના ચેરમેન જેરામ પટેલે કર્યું.

આ ગૅલેરીમાં સર્વપ્રથમ પ્રદર્શન અમદાવાદના રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા છ કલાકારોની દરેકની બબ્બે એમ કુલ બાર કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું. આ છ કલાકારો છે : બાલકૃષ્ણ પટેલ, હકુ શાહ, સી.ડી. મિસ્ત્રી, વૃંદાવન સોલંકી, અમિત અંબાલાલ તથા પિરાજી સાગરા. તેમને અનેક ગૌરવવંતાં ઈનામો મળી ચૂક્યાં છે તથા આધુનિક અને સાંપ્રત ભારતીય કલાક્ષેત્રે તેમનું નામ કંડારી ચૂક્યા છે. સી.ડી. મિસ્ત્રીની 'સિદ્ધિવિનાયક' કૃતિમાં પ્રિમિટિવ (Primitive) ગુણવત્તા ઉપરાંત ગૂંથણકળા જેવું પોત છે. વૃંદાવન સોલંકી તેમના વિગતપૂર્ણ ડ્રોઈંગમાં અમદાવાદની બે જૂની ઈમારતોને તેના ચરિત્ર અને વાતાવરણ સાથે જીવંત કરે છે. હકુભાઈની કૃતિઓમાં રૂપોની સાદગી છે અને લોકકવિતાનાં રૂપોનો કલાત્મક ઉપયોગ છે. બાલકૃષ્ણ પટેલની કૃતિઓ શુદ્ધ અમૂર્ત શૈલીની છે અને તેમાં અવાજને અમૂર્ત આકારો આપવામાં આવ્યા છે. પિરાજી સાગરાની કૃતિઓ રિલીફ (Relief) જેવી લાગે છે અને અમિત અંબાલાલની કૃતિઓમાં કેરિકેચર અને કટાક્ષ છે.

સુખ્યાત તસવીરકાર (લૅન્સમેન) રઘુબીરસિંઘની ચિરવિદાય

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવનાર તસવીરકાર રઘુબીરસિંઘનું મૃત્યુ રવિવારની રાત્રિએ (અઢારમી એપ્રિલ, '૯૯) હાર્ટ અટેકથી ન્યૂ યૉર્કમાં થયું. તે સત્તાવન વર્ષના હતા. સદ્‌ગત સિંઘ મોટે ભાગે પેરિસ, ન્યૂ યોર્ક અને લંડનમાં રહેતા હતા અને ચારથી પાંચ મહિના ફોટોગ્રાફી માટે ભારતમાં પસાર કરતા હતા. ભારતમાં તેમણે તેમની ફોટોગ્રાફીમાં શહેરી અરાજકતાથી માંડી દૂરની ગ્રામ દશ્યાવલિનો સમાવેશ કર્યો. ખાસ તો તે તેમના રંગોના શ્રેષ્ઠ ઉપયોગ માટે સવિશેષ જાણીતા થયા છે. સૌથી વધુ તો તેમની કલાકૃતિઓમાં માનવીય તત્ત્વ

(અનુસંધાન પૃ.૨૯૨)

કંકાવટી

માર્ગરેટ બ્રાઉન ઊર્ફે ભવાની લક્ષ્મણ

જન્મ : ૧૯૪૬ની ૧૬મી ફેબ્રુઆરી. માતા - અંગ્રેજ, પિતા જર્મન, આઈરિશ કુટુંબમાં. લગ્ન જ્યૂઈશ જર્મન



અમેરિકન સાથે. બાળકો, પ્રવૃત્તિ : ધ્યાન અને તત્ત્વજ્ઞાન વિષયક વાચન-ચિંતન- મનન. બૌદ્ધધર્મ અને હિંદુધર્મમાં ગાઢ શ્રદ્ધા. હિંદુ નામ ભવાની અને પતિનું હિંદુ નામ લક્ષ્મણ.

માર્ગરેટની દરેક આંગળી પર વીંટી જોઈ : એક ૐઆકારની, એક પર છત્રરૂપે ફણા પ્રસરાવેલો નાગ, એક પર હાથી, એક ચંદ્રાકાર. દરેક પર પ્રતીકાત્મક આકૃતિ જોઈ મેં વિસ્મય પ્રકટ કર્યું તો હસીને ૐ બતાવીને બોલ્યાં : 'તમે આ વાંચી શકો છો?'

આ દરેક ભારતીય વાંચી શકે, પણ તમારા હાથ પર એ કેવી રીતે? મેં પૂછ્યું.

'મારા ગુરુ રામદાસે આપેલી. અને જુઓ ભગવાન શ્રીકૃષ્ણને છત્ર ઢાળી રક્ષણ કરનાર આ નાગદેવતા, આ ઐરાવત હાથી. એમ દરેક પ્રતીકની વાત કરવા માંડ્યાં. હું એમનો ઘેરો શ્રદ્ધાભર્યો ચહેરો જોતી રહી.

'તમારી પ્રવૃત્તિ શું?'

'બહાર નીકળીને હાલમાં એટલે કે કેટલાંક વરસોથી કોઈ પ્રવૃત્તિ નથી કરતી. પહેલાં હૉસપાઈસ પ્રોગ્રામમાં જોડાયેલી હતી. જે દરદીઓ જીવનના છેલ્લા તબક્કામાં હોય, કોઈ અસાધ્ય શારીરિક રોગથી પિડાતા હોય, કોઈને ખૂબ ચિંતા, તનાવ અશાંતિ હોય એવાંને મળીને મિત્રની જેમ એમના દિલની વાતો સાંભળવાની, ખૂબ આત્મીયતાથી સ્વાભાવિકપણે અવારનવાર જે રીતે જરૂરત લાગે, જેટલો સમય આવશ્યક લાગે એ રીતે નિરાંતે વાતો કરવાની અને એમના જીવનનો જે કપરી કસોટીનો કાળ છે એ ગૌરવથી સ્વસ્થતાથી પસાર કરે અને શાંતિથી મૃત્યુ પામે એવું એમનું માનસ તૈયાર કરવાનું.

એ સમય દરમિયાન હિપ્નોસીસ શીખી પણ એની પ્રૅક્ટિસ નથી કરતી. કેમ કે એ મને ય ખબર નથી પણ એમાં ઊંડા ઊતરવું, કોઈને મોહવશ બનાવવા મને ન રુચ્યું. અત્યારે તો હું મારામાં જ ઊંડી ઊતરતી જાઉં છું. હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોથી ખૂબ પ્રભાવિત છું. જીવનની કેટલીય ગૂંચોનો ઉકેલ, પ્રશ્નોના જવાબ એમાંથી મળ્યા.

'જીવનમાં ખાસ કોઈ વિશેષ પ્રશ્નો હતા જેથી દૂર દેશના ધર્મો સુધી જવું પડ્યું.'

ખૂબ લાંબી અનેક વળાંકોવાળી ગૂંચવાઈ જવાય એવી મારી જીવનકથા છે. મારા વિશે હું એટલું જ જાણતી હતી કે એક આઈરિશ કુટુંબમાં દત્તક બાળકી તરીકે હું ઊછરી છું ને મારાં માતાપિતા મૃત્યુ પામ્યાં છે. પરંતુ મારા બીજા દીકરાના જન્મના બરાબર દસમા દિવસે તબિયત એકદમ બગડી. નિદાન થયું કે હાર્ટમાં એક નહિ ૩ કાણાં છે. વાલ્વમાં કોઈ ખામી છે. ડૉક્ટર પૂછે, તમારા કુટુંબમાં કોઈને આ રોગ છે? મારા કુટુંબ વિશે તો હું કશું જ જાણતી ન હતી. તેથી દત્તક મા પાસે જઈને વાત કરીને પૂછ્યું, તમે કશું જાણો છો? ત્યારે એમણે કહ્યું કે, તારાં માબાપ હયાત છે, તેઓ મરી ગયાં છે એ વાત મેં ઉપજાવી કાઢેલી જેથી તને કોઈ કુતૂહલ પીડે નહિ. એમણે મારી માનું નામ અને શહેર કહ્યાં. તરત મેં અને મારા પતિએ એ શહેરની ટેલિફોન ડિરેક્ટરી લીધી ને મારાં માના પતિનું નામ રોબર્ટ કહ્યું હતું તેથી એ નામવાળા માણસોને ટેલિફોન કરીને તપાસ શરૂ કરી. એક રોબર્ટે કહ્યું, એની પત્નીનું નામ બિએટ્રીસ હતું, પણ હવે તેઓ સાથે નથી રહેતાં. બિએટ્રીસનું સરનામું માગ્યું તો રોબર્ટ ગુસ્સે થઈ ગયો પણ પછી એને આખી વાત કહી તો તરત એણે સહકાર આપ્યો અને કહ્યું કે, 'હું આખી વાત જાણું છું.' પણ રોબર્ટે મને મળવા બોલાવી. મારી મા એની સાથે પચીસ વર્ષ રહી હતી. મારા જન્મ પહેલાં માએ રોબર્ટને બધી વાત કરીને લગ્ન કર્યાં હતાં. લગ્ન પછી મારો જન્મ થયો હતો.

'રોબર્ટ સાથે તમારાં માએ લગ્ન કરી લીધાં હતાં તો પછી તમને છોડી કેમ દીધાં?'

'રોબર્ટે કહ્યું હતું કે, બાળક જો આપણી સાથે રહેશે તો એ બીજાનું બાળક છે એની મને એ સતત યાદ આવ્યા કરશે ને કદાચ આપણું લગ્નજીવન સુખી ન થાય તેથી હૉસ્પિટલમાં મને જન્મ આપ્યા પછી મારી માએ મારું મોં સુધ્ધાં જોયું નહોતું. એને ડર હતો કે બાળકને નજરે જોઈશ તો પછી એને છોડી નહિ શકું! મારી માને એનાં ભાઈબહેનો સાથે સારી આત્મીયતા હતી, પણ એ કોઈને ય એણે મારા વિશે જણાવ્યું ન હતું. એ બધાંને આઠ વર્ષ પહેલાં જ મારા વિશે ખબર પડી. રોબર્ટ ટેલિફોન કંપનીમાં નોકરી કરતા હતા ને કવિતા રચતા હતા. એ ખૂબ ભાવનાશાળી છે. મને કહે કે તું મારી દીકરી હોય તેવું જ મને વહાલ આવે છે, એમને હું અવારનવાર મળું છું. એમના છોકરાને એમણે મારી ઓળખાણ કરાવી હતી પણ છોકરો મને બહેન તરીકે સ્વીકારી શક્યો નથી! રોબર્ટે મારી માથી છૂટા થયા પછી ફરીથી લગ્ન કર્યાં છે. તેની પત્ની પણ મારી સાથે

સંબંધ રાખે છે.

'તમારાં માએ પછીથી કોની સાથે લગ્ન કર્યાં ?'

'બિલ નામના એક પ્રોફેસર સાથે. પ્રોફેસર કૉમ્યુનિસ્ટ હતા એ અને મારી મા અહીંથી અમેરિકનોને ચાઈના લઈ જતાં હતાં ને ત્યાંનાં સહકારી ફાર્મ અને ઉદ્યોગો બતાવતાં હતાં અને આ રીતે સામ્યવાદનો પ્રચાર કરતાં હતાં. પણ બે વચ્ચેની લાગણીઓ ખોરવાઈને માએ દસ વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા લીધા. એમને છોડ્યા પછી મા મેક્સિકોમાં એકલી રહે છે. એ આધ્યાત્મિક માર્ગે વળી ગઈ છે. મેં એને મારી સાથી રહેવા આવવાનું કહ્યું પણ એને ઇચ્છા નથી. એ મને મળવા આવતાંય અચકાતી હતી, કારણે કે એ પોતાની જાતને મારી ગુનેગાર સમજતી હતી. એને હતું કે અમારું મિલન કદાચ સુખદ ન નીવડે. મેં એને ખૂબ આગ્રહ કરીને ટિકિટ આપીને બોલાવી. હું એને મળવા ખૂબ આતુર હતી. અમે ભેટ્યાં ત્યારે અમારી આંખોમાં જરાય ભીનાશ ન હતી. અમારા બેમાંથી કોઈ ઝટ રડી નથી શકતું. મેં એને પૂછ્યું કે તેં મને માર્ગરેટ નામ કેમ આપ્યું? તો કહે કે, મને માર્ગરેટ મેરી નામ બહુ ગમતું હતું. મારા પાલક પિતાની માનું નામ માર્ગરેટ હતું તેથી તેમણે મારું નામ બદલ્યું ન હતું. પછી મેં એને મારા પિતા વિશે પૂછ્યું તો કહે, 'એનું નામ રિચર્ડ હાઉસી. એની દાદી અમેરિકન ઇન્ડિયન હતી. એનું મોં એનાં દાદી જેવું ને મારું મોં એના જેવું છે. પછી મારી માને લઈને મારા પિતાને મળવા ગઈ હતી. પિતા તો એવું જાણતા હતા કે દીકરો જન્મ્યો છે ને માએ એને પોતાની પાસે રાખ્યો છે. એ માની શોધમાં મા રહેતી હતી ત્યાં ગયા હતા. એ પરણવા ઇચ્છતા હતા પણ એમને ખબર મળી હતી કે મા પરણી ગઈ છે. પછી એમણે લગ્ન કર્યાં. એમણે કુલ ત્રણ વખત લગ્ન કર્યાં હતાં ને હું મળી હતી ત્યારે એકલા જ રહેતા હતા. પિતાએ મને ભાવથી બોલાવી પણ અમારી વચ્ચે વાતચીતનો કોઈ તંતુ સધાયો ન હતો. માણસ સજ્જન હતા. ગયા વરસે તેઓ અવસાન પામ્યા.

'તમારી મા સાથેનું એમનું મિલન કેવું રહ્યું?'

'સાવ ઔપચારિક. પિતાને મારી મા વિશે વધારે યાદ હતું, જ્યારે મા બધું ભૂલી ગઈ હતી કે એવો દેખાવ કરતી હતી. પણ મને લાગે છે કે એણે એમને ભૂલવા જ પ્રયત્ન કર્યો હશે, કારણ કે મારી સાથે એ એક વાર મળવા આવી તે જ પછી ફરી મળી ન હતી. મારી મા બહુ દૃઢ મનોબળવાળી બાઈ છે, મારી અને એની વચ્ચે બહુ સમાનતા છે, અમે સખીની જેમ વાતો કરી છીએ. મારી મા મારી દત્તક માને મળવા આવી હતી. એ બેઉ વચ્ચે પણ બહુ સામ્ય છે. મેં મારી માને પૂછ્યું હતું, 'હું તને શું કહું?' તો કહે કે, 'બે'. એને બીજા નિકટના સ્વજનો બિએટ્રીસનું ટૂંકું નામ 'બે' કરીને બોલાવે છે.'

'મમ્મી કહેવાની છૂટ ન આપી?'

'ના, એ જરાય લાગણીમાં ખેંચાઈ ન હતી. એ તોંતેર વર્ષની છે પણ માંડ સાઠની લાગે. એને દમ છે પણ એકલા રહેવાનું પસંદ છે. જો કે હું એને પત્ર લખું તો જવાબ આપે છે. દસ વર્ષની શોધના અંતે હું એને મળી શકી હતી. મારા જીવનમાં જ આવું કેમ એનો ઉત્તર મને પુનર્જન્મ અને પૂર્વજન્મની માન્યતામાં મળ્યો. એ બધું તત્ત્વજ્ઞાન વાંચતાં વાંચતાં હું બહુ શ્રદ્ધાવાન થઈ છું. ઈશ્વરને સંપૂર્ણપણે સમર્પિત છું. એને જ બધું સોંપી દીધું છે ને તમે જાણો છો, મારી શ્રદ્ધા ફળી. મારા દીકરાને હાર્ટનાં ત્રણ ઓપરેશન કરાવ્યાં ને અત્યારે સાજોસમો છે. કરાટે કરે છે, ને ધ્યાન પણ ધરે છે. ડૉક્ટરો પણ એની તંદુરસ્તીને ચમત્કાર ગણે છે. એ બીજા શહેરમાં અલગ રહે છે, અત્યારે એની કોઈ ચિંતા મને નથી. મારી દીકરીને માનસિક બીમારી હતી એ પણ સાજી થઈ ગઈ. મારો નાનો દીકરો સંપૂર્ણપણે શાકાહારી છે, દૂધ પણ નથી લેતો. મારા પતિને પહેલાં ધર્મ ન હતો ગમતો, પણ હવે એય હિંદુ ધર્મ, ભારતીય સંસ્કૃતિના ચાહક છે. તમારા કુટુંબજીવનમાં વડીલોનું માન જાળવવાની પ્રથા, અન્યની લાગણીને ધ્યાનમાં રાખી ત્યાગ કરવાની ભાવના, કુટુંબનાં સભ્યો એકબીજાં સાથે સંકળાયેલાં રહો છો, એ બધું મને બહુ ગમે છે. તમારે ત્યાં સંબંધોમાં સ્થિરતા છે, સાતત્ય છે, નિષ્ઠા છે. અહીં ભૌતિકવાદ વધારે છે, મને તમારી સાદાઈ ગમે છે.

- અવંતિકા ગુણવંત

અનુસંધાન] કલાવૃત્ત [પૃ.૨૯૦થી

અંગેની તેમની સાચી ચિંતા અભિવ્યક્ત થાય છે. ૧૯૭૪માં તેમનું પ્રથમ પુસ્તક 'ગંગા' પર પ્રસિદ્ધ થયું. પછી તો બીજાં અગિયાર પુસ્તકો પ્રસિદ્ધ થયાં, જેમાં રાજસ્થાન, મુંબઈ અને ગ્રાન્ડ ટ્રન્ક રોડ ધ્યાનપાત્ર છે. ખાસ તો તેમનું અંતિમ પુસ્તક આ વર્ષે ફેઈડોન કંપની દ્વારા પ્રસિદ્ધ થયું, જેનું નામ છે : 'રિવર ઑવ્ કલર - ધી ઇન્ડિયા ઑવ્ રઘુવીરસિંઘ' આ ગ્રંથમાં મુંબઈની નેશનલ ગૅલેરી ઑવ્ મૉડર્ન આર્ટમાં પ્રદર્શિત થયેલી તેમની કૃતિઓને સમાવવામાં આવી છે.

તેમના મૃત્યુ સમયે તે ઍમ્બેસેડર કાર(ગાડી) પર એક પુસ્તક તૈયાર કરી રહ્યા હતા. તે પુસ્તકમાં તેમની ઍમ્બેસેડર કારમાં ભારતનાં સ્થળોની યાત્રાનું દર્શન કરાવવાનું હતું. તેમણે સ્કૂલ ઑવ્ વિઝ્યુલ આર્ટ્સ, ન્યૂ યોર્કમાં ફોટોગ્રાફી શીખવી. તેમની તસવીરકલામાં તેમની આગવી દૃષ્ટિ અને દર્શન જોવા મળે છે. સંરચના અને ટેકનિકની દૃષ્ટિએ તો તેમની કૃતિઓ સુંદર, સશક્ત છે. આર્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ શિકાગોમાં ભારતીય તસવીરકાર તરીકે તેમનો જ રિટ્રોસ્પેક્ટિવ શો થયો. ૧૯૮૩માં તેમને પદ્મશ્રીનો ઇલકાબ આપવામાં આવ્યો હતો. 'રાજસ્થાન'ની તેમની તસવીરકલામાં લઘુચિત્રો જેવું સૌંદર્ય છે.

- બંસીલાલ દલાલ

માઉન્ટ આબુ (દેશાટન-૪)

સમુદ્ર-સપાટીથી લગભગ ૪૦૦૦ ફૂટની ઊંચાઈ પર, લગભગ ૨૦ કી.મિ.ના



ઘેરાવામાં આવેલું માઉન્ટ આબુ રાજસ્થાનનું એક લોકપ્રિય પર્યટક-સ્થળ છે, અને પર્યટકોને કાયમ આકર્ષતું રહ્યું છે. ઉપરાંત પુરાતત્ત્વજ્ઞોને માટે પણ એ મહત્ત્વનું સ્થળ રહ્યું છે. જો કે આબુ ભગવાન શિવનું આરાધ્યકેન્દ્ર હતું. હિંદુ દંતકથાઓમાં આબુને હિમાલયના પુત્ર સમાન ગણવામાં આવે છે અને મહર્ષિ વસિષ્ઠે એમનો આશ્રમ આબુમાં સ્થાપ્યો હતો.

જૈન સંપ્રદાયનાં કેટલાંક સ્થાપત્ય-કલાથી સુશોભિત મંદિરો છે, જે દેલવાડાનાં મંદિરો નામે સુખ્યાત છે. પરંતુ માઉન્ટ આબુનાં પ્રસિદ્ધ મંદિરોમાં વિમલવસહી તેમજ તેજપાલ રચિત મંદિરોની વાસ્તુશિલ્પ કલા ઉત્કૃષ્ટતાના નમૂના ગણાય છે.

પ્રજાપિતા બ્રહ્મકુમારીનું ઓમ શાંતિ ભવન અને શાંત વન પણ માઉન્ટ આબુનું આકર્ષણ છે. ત્યાંના નખી તળાવમાં સહેલાણીઓ આનંદવિહાર કરે છે. પુરાણકથાનુસાર તરસ્યા દેવતાઓએ પોતાના નખો વડે ખોદીને આ તળાવ બનાવ્યું હતું તેથી તે નખી તળાવ કહેવાય છે. ઉપરાંત ટૉડ રૉક, અચલગઢ, ગૌમુખ, અધ્ધરદેવી, સૂર્યાસ્ત પોઇન્ટ, ગુરુ-દત્તાત્રેયની ટૂક વગેરે સ્થળો પણ જોવાલાયક છે.

માઉન્ટ આબુ મોટરો, રેલગાડીથી જઈ શકાય છે અને નજીકનું રેલવેસ્ટેશન આબુરોડ છે. ત્યાં રહેવાની અન્ય ખાનગી હોટેલો પણ છે. ('યોગક્ષેમ'ને આધારે)



અમરકૃતિ

રે આવ્યો કાળ ઉનાળો,
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળજટાળો.
એના શ્વાસે શ્વાસે સળગે ધરતી કેરી કાયા,
એને પગલે પગલે ઢળતા પ્રલય તણા પડછાયા.
ભરતો ભૈરવ ફાળો
કોપ વરસતો કાળો.

– જયન્ત પાઠક

બે વિશિષ્ટ વાદકોની વિદાય
યહૂદી મેન્યુહિન

પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રે વાયોલિનવાદક તરીકે વિશ્વવિખ્યાત યહૂદી મેન્યુહિનનું બર્લિન ખાતે માર્ચ ૧૩, ૧૯૯૯ના રોજ ૮૨ વર્ષની વયે નિધન થયું. તેમનો જન્મ એપ્રિલ ૨૨, ૧૯૧૬ના રોજ ન્યૂ યૉર્કમાં પેલેસ્ટાઈનથી અમેરિકા જઈ વસેલાં રશિયન યહૂદી દંપતીને ત્યાં થયેલો. પિતા કેલિફોર્નિયામાં હિબ્રૂ શીખવતા. પોતાના ધર્મની ઓળખ જાળવવા એમણે પુત્રના નામની સાથે 'યહૂદી' શબ્દ જોડી દીધો. ચાર વર્ષની વયે વાયોલિન પર ગત છેડી અને એકાદ વર્ષમાં તો એ વાદ્ય પર અનવદ્ય કાબૂ મેળવી લીધો. આઠ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ કાર્યક્રમ રજૂ કર્યો. ૧૯૨૭માં ન્યૂ યૉર્કના કાર્નેગી હૉલ ખાતે એમના બે સફળ જાહેર કાર્યક્રમો થયા અને એમની એક અચ્છા વાદક તરીકે કીર્તિ ફેલાવા લાગી. ૧૯૨૯માં બર્લિનમાં બ્રુનો વૉલ્ટર નામના ખ્યાત સંગીતકાર સાથે એમણે જે કાર્યક્રમ આપ્યો તેનાથી એમની કીર્તિમાં એક વધુ પીછું ઉમેરાયું. ૧૯૩૨માં લંડનમાં આલ્બર્ટ હૉલમાં કાર્યક્રમ રજૂ કર્યો અને પછી તો ઈંગ્લંડનાં વિવિધ નગરોમાં તેમના કાર્યક્રમોનું આયોજન થયું. ૧૯૩૫માં એમણે એક જ વર્ષમાં દુનિયાનાં ૬૫ વિવિધ નગરોમાં વાયોલિનવાદનના કાર્યક્રમો આપી સૌને હેરત પમાડ્યાં.



ઈ. ૧૯૫૯માં તેમણે ઈંગ્લંડવાસ કર્યો. ૧૯૬૨માં ત્યાંના સરે નામના પરગણામાં વિવિધ પાશ્ચાત્ય વાદ્યોનું શિક્ષણ આપતી નિજી સંસ્થા 'યહૂદી મેન્યુહિન સ્કૂલ ઑવ્ મ્યૂઝિક'નો આરંભ કર્યો. લગભગ આ જ દસકાના આરંભમાં એટલે કે ૧૯૫૧માં હઠયોગ પરના એક પુસ્તકના વાચને તેમને યોગાસનો તરફ વાળ્યા અને તેમના વાયોલિનવાદનમાં એક નવું પરિમાણ ઉમેરાયું. ૧૯૫૨માં તેમણે ભારતની મુલાકાત લીધી અને ભારતનાં વિવિધ


નગરોમાં દુષ્કાળપીડિત ભારતીય જનતાના લાભાર્થે વિના વેતને અનેક કાર્યક્રમો આપ્યા. ભારતીય શાસ્ત્રીય સંગીત તરફ તેઓ આકર્ષાયા અને તેને વિદેશમાં લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. પંડિત રવિશંકર સાથેની આ ભારતપ્રવાસ દરમિયાન સિદ્ધ થયેલી મૈત્રીને પરિણામે ૧૯૬૬માં ઇંગ્લંડના બાથ સંગીતોત્સવમાં એ બન્ને કલાકારો વચ્ચે 'સ્વરકાકલી' રાગની જુગલબંદી પ્રસ્તુત થઈ. ભારતીય 'તિલંગ' રાગને મળતા આ રાગની સ્વરરચના પંડિત રવિશંકરે કરી હતી. ૧૯૬૭માં રાષ્ટ્રસંઘ ખાતે આ બન્ને કલાકારોએ રાગ 'પીલુ'ની જુગલબંદી રજૂ કરી હતી. એચએમવી ગ્રામોફોન કંપનીએ આ જુગલબંદીની લૉંગપ્લે રેકોર્ડ તૈયાર કરી, જેના વેચાણે વિશ્વવિક્રમ સર્જ્યો. આ ઉપરાંત પણ 'સ્વર-કાકલી', 'પીલુ', 'પ્રભાત' અને 'પૂરિયા-ધન્યાશ્રી' રાગોની એચએમવીએ ત્રણ એલ.પી. રેકોર્ડ્ઝ બહાર પાડી, જે 'ઇસ્ટ મીટ્સ વેસ્ટ' શીર્ષકથી જાણીતી થઈ.

આવા વિશ્વખ્યાત વાયોલિનવાદક મેન્યુહિનને અનેક માનઅકરામોથી નવાજવામાં આવ્યા, જેમાંનાં મુખ્ય છે : 'નેહરુ એવૉર્ડ, ગ્રીસ-બેલ્જિયમ-પશ્ચિમ જર્મનીની સરકારે એનાયત કરેલા એવોર્ડ્ઝ. વિવિધ દેશોની વિવિધ યુનિવર્સિટીઓએ એમને ડૉક્ટરેટની માનદ્ ઉપાધિઓ એનાયત કરી હતી. ઇંગ્લંડે ૧૯૮૫માં એમને નાગરિકત્વ બક્ષ્યું અને ૧૯૮૭માં બ્રિટનની મહારાણીએ 'સર'નો ઇલકાબ આપ્યો. ૧૯૯૩માં એમને દેશની સંસદના ઉપલાગૃહમાં સભ્ય બનાવાયા.

પાશ્ચાત્ય શાસ્ત્રીય સંગીતના આવા બેનમૂન વાદક આપણા ભારતીય શાસ્ત્રીય સંગીતને પશ્ચિમની દુનિયામાં પ્રસારનાર મેન્યુહિનના અવસાનથી એક વિશિષ્ટ વાદ્યવાદક એવો ભારતમિત્ર ગુમાવ્યો છે. (સંકલિત)

સિદીકભાઈ જત, સ્વ.

તા. ૧૫મી માર્ચ ૧૯૯૯ના દિવસે સુરીન્દાવાદક



શ્રી સિદીકભાઈ મીઠાભાઈ જતનું સિત્તેર વર્ષને આંબતી વયે અવસાન થયું. તેઓ કચ્છના અબડાસા તાલુકાના ગુનાઉ ગામના જત હતા. કચ્છના જત લોકો ઊંટ તથા અન્ય પશુધનનો ઉછેર કરીને ગુજરાન કરતી કોમ છે અને છેક આજ સુધી આ લોકોની ઢળતી રાતે ખુલ્લા આકાશ નીચે મિજલસ જામે છે અને અબ્દુલ શાહ લતીફ ભિટાઈના રિસાલાની કલ્યાણ, યમન, શ્રી, ખંભાત, સામુંઢી, સુંહણી, સારંગ, કેદાર, દેસી, હુસેની, બૈરાગી, રામકલી, બિલાવલ, આસા, પૂરબ, કામોદ, બસંત, બહાર, કાફી અને સિંધ ભૈરવી જેવા અનેક શાસ્ત્રીય રાગરાગિણીઓમાં નિબદ્ધ એવી દેશીઓ ગવાય છે. સુહિણી-મેહાર, સસઈ-પુનૂહ, હીર-રાંઝા, મુમલ-રાણુ, લીલાં-ચનેસર, મારુ-ઢોલાની પ્રેમકથાઓ જ મુખ્યત્વે સુફીરંગમાં ગવાય છે. લાખા ફુલાણી અને ઊઢા-હોથલની વીરગાથા અને પ્રેમગાથા ગવાય છે અને બેતબાજી સાથે ઉખાણાંની રમઝટ જામે છે. આ પરંપરામાં જ સિદીકભાઈ જન્મ્યા અને ઊછર્યા. પિતા અને કાકીની રાહે સુરીન્દાની સાધના કરી. સિદીકભાઈના મામા હબીબભાઈ અને પિતરાઈ ભાઈ આમદભાઈ સુમારભાઈ જત આ લોકવાદ્યને બનાવી જાણતા સુરીન્દા વાદ્યકારો હતા.

જત મીઠાભાઈ પાસે થોડી જમીન અને ઢોરઢાંખર હતાં. રાત પડતાં મીઠાભાઈ જત એમના બીજા ભાઈ મુસા કરીમ જત બંને લોકસંગીતની મહેફિલ જમાવતા. ગુલાબ કેહરી ફકીર પણ એમાં જોડાતા. આ સંસ્કાર-ઉછેરે સિદીકભાઈ ઘડાયા અને સુરીન્દાવાદક બન્યા. કચ્છની આ સૂફી લોકપરંપરામાં રાગરાગિણીની જેમ તાલની પણ વિશિષ્ટતા છે. સામાન્ય રીતે તાલ પૂર્ણ માત્રાનો હોય, એમાં આડલયે માત્રાનું વિભાજન થાય પરંતુ કુલમાત્રા તો પૂર્ણાંકની જ હોય, પરંતુ આ પરંપરામાં મૂળ માપ અને માત્રા પણ સવા અને દોઢ માત્રાની ચાલના આવર્તનની. વર્ષોની પરંપરા અને પેઢી-દર - પેઢીએ ઘરાનામાં, કુળ-કુટુંબમાં પોષાતી આવે. સારંગીકુળનું છ તારનું સુરીન્દો જેવું વાદ્ય આ બધી જ રાગરાગિણીઓ અને લયકારીને માનવકંઠ બનીને જ ઘૂંટાયેલા માધુર્યે વ્યક્ત કરે. શ્રી સિદીકભાઈના હાથમાં, એમના સુરીન્દામાં આની અદ્ભુત પરંપરા અકબંધ જળવાઈ, જીવતી રહી, ધબકતી અને ઘૂંટાતી રહી.

વારંવારના દુકાળથી કચ્છના માલધારીઓને સ્થળાંતર કરવું પડ્યું અને જમીન તથા માલ ગુમાવીને મજૂરી પર નભવું પડ્યું. એનો ભોગ મીઠાભાઈ જતનો પરિવાર પણ બન્યો. આ કુટુંબ કચ્છ, ઝાલાવાડ પાર કરી ભાલમાં આવ્યું અને સીમનું ટોયાપણું કરવા લાગ્યું. જીવનનો થાક ઉતારવા અને વતન માટે વલખતા મનને મોકળું કરવા એમની રાતની મહેફિલો ચાલતી અને સુરીન્દો ગુંજતો. પરંતુ ભાલમાં ભેલાણ કરતા ભરવાડો સાથે સંઘર્ષ થતાં ભાલ છોડી અમદાવાદ જેવા શહેરમાં પેટિયું રળવા આવવું પડ્યું. સિદીકભાઈ બિલ્ડિંગ મટિરિયલનો વ્યવસાય કરનારનું પગીપદું કરવા લાગ્યા. પરંતુ ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના કલાપારખુ શ્રી જોરાવરસિંહ જાદવને આ દુર્લભ એવા વાદ્ય અને એના છેલ્લા વાદકની જાણ થઈ અને શ્રી સિદીકભાઈ જત સુરીન્દાવાદક તરીકે પ્રતિષ્ઠિત થયા અને દેશ-વિદેશમાં આ ગુજરાતી કલાકારે કામણ કર્યાં. ૨૭-૧૧-૧૯૮૮માં દિલ્હી ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રિય મેળાઅન્તર્ગત ગુજરાત દિનના ઉત્સવમાં સુરીન્દાવાદન કર્યું.

કચ્છી જત વાદકોનું વાદન અને રજૂઆત ખૂબ જ આકર્ષક અને પ્રભાવશાળી હોય છે. ઊંચી કાઠી, ઘેરા વાદળી રંગમાં લાલ છાંટવાળી અજરખનો છોગાદાર સાફો, વાદળી લાંબું પઠાણી પહેરણ અને ચોરણો, ખોળામાં ઊનના ફૂમતાથી મઢેલો સુરીન્દો... જોતાં જ આંખ સ્થિર અને ઘેરું મીઠું લયકારી ગુંજન કરતો સુરીન્દો સાંભળતાં જ મન પણ વશ થઈ જાય. આખું વાતાવરણ લય અને સ્વરનો હિલ્લોળાતો સાગર બની જાય. સાથે જોડિયા પાવા અને ચંગ, નગારી કે ઘટવર્ગનું કે છેવટે ઢોલક વા નરઘાં હોય ને કેરવા જેવો તાલ હોય. રાજસ્થાને એની પરંપરાગત કલાઓને, લોકકલાઓને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ પહોંચાડી, ટકાવી, સંવર્ધિત કરી; પરંતુ ગુજરાત પાસે આટલો જ વૈભવી વારસો અને એના કલાકારો હતા છતાં... હા, આ સુરીન્દાવાદકને દિલ્હી, કલકત્તા જેવાં ભારતનાં નગરોમાં મંચ મળ્યો. આકાશવાણી અને દૂરદર્શનનાં માધ્યમો મળ્યાં, જુલાઈ '૯૭માં ફ્રાન્સ,જર્મની, યુ.કે.માં વીસેક કાર્યક્રમનો લાભ મળ્યો. છેલ્લે ગુજરાત સરકારનો કલાક્ષેત્રનો ગૌરવ પુરસ્કાર મળ્યો, પરંતુ જિંદગી આખી આ કલાકારે કન્સ્ટ્રક્શનમાં ચારસો-પાંચસો રૂપિયામાં પગી તરીકે પસાર કરી ને બીમાર પત્નીને પૂરી સારવારને અભાવે બચાવી ન શક્યા, પુત્ર અને પુત્રીને પણ અભ્યાસ કરાવી કે કલાના વારસદાર બનાવી ન શક્યા! પાંચેક વર્ષ પહેલાં આ લખનારે અખબારના માધ્યમે લખ્યું હતું કે કલા અને સંગીતની સંસ્થાઓએ કે આવા ઉત્તમ વાદ્યનો એ છેલ્લો જ વાદક ચારસોપાંચસોમાં પગીની નોકરી કરે છે તેને શું માસિક બે હજારની ફેલોશિપ આપીને રવિશંકર કલાભવન જે પ્રદર્શન સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ કરતું નથી, એમાં ગુરુ અને રવિવારે સવારસાંજે બેસી સુરીન્દાનું વાદન કરે, એવું ન ગોઠવી શકાય? જો એમ થયું હોત તો કોઈક કલાભૂખ્યો આ વાદ્યના માધુર્ય અને ગળાની હરીફાઈ કરતી સારંગી જેટલી જ ક્ષમતા અને સ્કેલ-રેન્જ ધરાવતા સુરીન્દા પર હાથ અજમાવવા તૈયાર થયો હોત. યુરોપનાં સંસ્કારી નગરોમાં, નિશ્ચિત વારે આવાં વાદન થાય છે અને પેરિસમાં તો આખો સમૂહ લોખંડના પાઈપના ખુલ્લા સ્ટ્રક્ચરના ઑડિટોરિયમમાં બેસી આકાશ જોતો કે બાજુની હોસ્ટેલ-રેસ્તોરાંમાં ખુરશીઓ બહાર નખાવી જોતો હોય છે! પરંતુ ફેલોશિપ આમ અપાય? કદાચ વાંચીને હસવું આવ્યું હશે, તંત્રોને! પરસોં ગિદવાણી તો પૂનાની પ્રોફેસરશિપ છોડીને આ જત વચ્ચે જ, એમના જેવાં વસ્ત્રો પહેરી એમના જેવા જ લાક્ષણિક કૂબામાં રહે છે. લાલજી સુતાર અને અન્ય જત કલાકારોની કંઠસ્થ રચનાઓ ધ્વનિમુદ્રિત કરી. જેઠો લાલવાણી જેવા સિંધી સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષે કલાપ્રીતિથી લહિયા તરીકેની કામગીરી બજાવી.

આ સુરીન્દો એટલે સુરમ્ દદાતિ ઈતિ - જે સ્વર આપે છે, સ્વરવાળો છે, સૂરીલો છે. સારંગી વર્ગની કચ્છની આ છે આગવી વાદ્યપરંપરા. 'ધ વૉઈસ ઑવ્ ધ સારંગી, ઇલસ્ટ્રેટેડ હિસ્ટરી ઑવ્ બોઈંગ ઇન ઇન્ડિયા'માં જોએથ બોર કહે છે તેમ સુરીન્દો સરોઝ અથવા ઘોચક નામનું બલુચિસ્તાની વાદ્ય છે, જેની સુદીર્ઘ યશસ્વી પરંપરા પંજાબ, રાજસ્થાન, સિંધ અને કચ્છમાં છે. મણિપુર, ત્રિપુરા, બંગાળ, આસામ વગેરે પૂર્વભારત, મધ્યભારત, કાશ્મીરમાં પ્રદેશ બદલાતાં વાદ્યનો આકાર અને નામ બદલાય છે. કર્ટ સેરસ જણાવે છે તેમ, સુરીન્દા પ્રકારની સારંગી અશ્વનો ઉછેર કરતી એશિયન પરંપરામાં જન્મી અને વિકસી છે. કાઝાખ કોબીઝ, ઉત્તરપશ્ચિમ ઉઝબેગિસ્તાન વગેરેમાં જે કોબુઝ, કિરગિઝ કિયાક નામનાં વાદ્યો છે તે આ વર્ગનાં છે.

સિદીકભાઈ જતના અવસાન સાથે જ આ વાદ્ય અને એની પરંપરા લુપ્ત થઈ. કોઈ ક્ષેત્રની સિદ્ધિ પામેલી નામાંકિત વ્યક્તિની અવસાનનોંધમાં લખવાનો ઉપચાર છે કે, એમના અવસાનથી આ ક્ષેત્રને ન પુરાય એવી ખોટ પડી છે! સિદીકભાઈના અવસાન નિમિત્તે તો આમ લખવું જ અપ્રસ્તુત છે, હવે પરંપરા જ ક્યાં કે ખોટ? વાદ્ય જ ગયું, એનું વાદન ગયું. દોષ કોનો? કાળિયાર, વાઘ અને સિંહ જેવી જાતિઓના વંશના નાશની ચિંતા છે, એ માટેનાં તંત્રો છે, નિયમો છે, વ્યવસ્થા છે. પરંતુ આવી સંસ્કૃતિની એક સમર્થ પરંપરાનો નજર સામે જ નાશ થયો, થવા દીધો એમાં દોષ કોનો? જનતાનો? સરકારનો? ના - તંત્રોનો ને કલાની સંસ્થાઓનો! વિજ્ઞાન, વન્ય જીવન વગેરે ક્ષેત્રના જે વિદ્વાનો છે તેઓ તેમના ક્ષેત્ર અંગેના સંરક્ષકો છે. એ જનમત ઘડે છે, સરકારને ઢંઢોળે છે ને લુપ્તતાને આરે હોય એને બચાવવા તંત્રવ્યવસ્થા ગોઠવે છે, એ માટેના નિયમો ઘડે છે. સામે પક્ષે કલાની કેન્દ્રની અને રાજ્યની, સરકારી અને પ્રજાકીય સંસ્થાઓ શું કરે છે ? કોઈ પણ કલાની અકાદમીના ઇનામ-અકરામ ફેલોશિપની યાદી જુઓ, સરવાળો માંડો તો સંસ્થા સંસ્થાનું જ સન્માન કરે છે. કલાવિવેચક ઊંચો છે, સર્જક કે કલાકાર કરતાં, પરંતુ એ પોતે કલાકાર બની ટીલા માટે કપાળ ધરે છે. ત્યારે સ્વ.શ્રી અનંતરાય રાવલે એક નિર્ણયનો વિરોધ કરતાં કહેલું તેમ - જમાડનારા જમવા બેસી જાય છે! આ સ્થિતિ ક્યારે, કેમ અટકે ? - સિદીકભાઈ જતનું અવસાન એક ઉત્તમ વાદ્ય અને પરંપરાનું જ ઉઘાડી આંખે થવા દીધેલું અવસાન છે. અત્ર લુપ્તા સરસ્વતી!

- ડૉ. હસુ યાજ્ઞિક

'સૂરજ સામે ધૂળ'.

(મરાઠીમાં ખૂબ ચર્ચાસ્પદ બનેલા એક નાટકના પ્રતિભાવરૂપે શ્રી ચુનીભાઈ વૈદ્યે 'સૂરજ સામે ધૂળ'નામક પ્રશ્નોત્તર સ્વરૂપે પુસ્તિકા પ્રકટ કરી છે, તેમાંનો પહેલો પ્રશ્ન અને તેનો ઉત્તર અહીં વાનગી તરીકે સાભાર ઉદ્ધૃત કર્યો છે.)

પ્રશ્ન ૧ : 'મી. નથૂરામ ગોડસે બોલતોય' નાટક પર પ્રતિબંધ મુકાયો તે અભિવ્યક્તિના મૂળભૂત અધિકાર પરની તરાપ નથી? ગોડસેએ જે કર્યું તે એના મત પ્રમાણે એક ધર્મકૃત્ય હતું અને એની પાછળ એક ધર્મવિચાર હતો. જેમ કંસવધ, શિશુપાલ વધ તેમ

ગાંધીવધ પણ ધર્માનુસારનું કૃત્ય છે. એવો વિચાર આ નાટકમાં વ્યક્ત થાય છે. વિચારનો જવાબ વિચારથી આપવો જોઈએ. પ્રતિબંધ મૂકીને વિચારને રૂંધવાનું કામ થયું છે એમ નથી લાગતું?

ઉત્તર : છેલ્લી વાતને પહેલી લઈએ. ગોડસેના નાટક પર પ્રતિબંધ ન મુકાય, એના વિચારની અભિવ્યક્તિ ન રૂંધાય એમ કહો છો ત્યારે પૂછી શકાય ખરું કે ગોડસેએ વિચારનો જવાબ વિચારથી આપ્યો હતો ખરો? ગાંધીજીની અભિવ્યક્તિને રૂંધવા માટે તો એમની હત્યા કરવા સુધ્ધાંનો ગોડસેને અધિકાર, અને એ અમાનવીય હત્યાવાદને યોગ્ય ઠરાવવા અને ઉશ્કેરણી ફેલાવવા માટે જ લખાયેલાં અને હડહડતાં જૂઠાણાં પર આધારિત નાટક પર પ્રતિબંધ મુકાય તો તે પાયાના અધિકારનો ભંગ લેખાય એમ કહેનાર બુદ્ધિને શું કહેવું? પ્રશ્ન કરતાં પહેલાં તમને આ સૂઝવું જોઈતું હતું. ગોડસેએ તો જે કર્યું તે કર્યું, એને આજે પાછું વાળી શકીએ તેમ નથી. પરંતુ એણે એક યુગદ્રષ્ટા વિશ્વવંદ્ય મહાપુરુષના જીવનને ટૂંપી નાખ્યું તે અધર્મી કૃત્યને ધર્મકૃત્ય અને એની પાછળની તર્કબાજીને ધર્મવિચાર કહેવાય, અને વિચારનો જવાબ વિચારથી આપવો જોઈએ એમ કહેવાય ત્યારે Satan quotes scriptures - શેતાન શાસ્ત્ર શીખવવા નીકળ્યો એ કહેવત યાદ આવી જાય તો એ ખોટું શી રીતે કહેવાય?

રહી વાત અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની અને એના પરના પ્રતિબંધની. બંધારણે કલમ ૧૯(૧)થી અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને મૂળભૂત અધિકાર લેખ્યો છે, તો સાથે એના દુરુપયોગને રોકવા માટે કલમ ૧૯(૨)થી જોગવાઈઓ પણ આપી છે. બંધારણે વિરોધી વિચારને કાયદેસરનું સ્થાન આપ્યું છે. તેથી તો વિરોધપક્ષના નેતાને કૅબિનેટ કક્ષાના મંત્રી જેવાં મોભો, સ્થાન અને સગવડ અપાય છે, તેમ છતાં એ અધિકાર અબાધિત નથી, ચોક્કસ બંધનોની મર્યાદામાં એને બાંધ્યો છે. અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો ઉપયોગ કરનાર વિવેક ચૂકે અને સમાજને નુકસાન પહોંચાડે તેવો વ્યવહાર કરે તો? તો સમાજે યા સરકારે હસ્તક્ષેપ કરવો પડે. સમાજ હસ્તક્ષેપ કરે તો કાયદો હાથમાં લીધો કહેવાય, એ ક્યારેક ઉચિત પણ નીવડે અને ક્યારેક અનુચિત પણ નીવડે.

આ નાટકમાં હકીકતોને મચડીને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે, તથા સરકારમાં મંજૂરી માટે જે લખાણ આપ્યું હતું તેના કરતાં બોલતી વખતે વધારે ઉશ્કેરણીજનક શબ્દો અને વાક્યો ઉમેરવામાં આવતાં હોવાનો આક્ષેપ એના પર હોવાનું સાંભળ્યું છે. એના લેખક કહે છે કે આ નાટક જોઈને પ્રેક્ષકો બહાર નીકળે ત્યારે રસ્તામાં આવતાં ગાંધીજીનાં પૂતળાં તોડી નાખે અને ગાંધીજીના નામનાં પાટિયાં ભાંગી નાખે ત્યારે નાટક સફળ થયું એમ એ માનશે. વાત તદ્દન સ્પષ્ટ છે. ઉશ્કેરણી કરવાની ગણતરીથી જ નાટક રચાયું છે. અને તેમાંય ચાવવાના કે દેખાડવાના જુદા રાખ્યા હોવાનું કહેવાય છે, જેથી કાયદાની ચુંગાલમાંથી બચી શકાય. આ વિવેક-ચૂક નથી, ગણતરીપૂર્વકની બેઈમાની છે. આવા કૃત્યને બચાવવા અને ન્યાયી ઠેરવવા માગતી બુદ્ધિ બીજું કંઈ નથી, મનોવૈજ્ઞાનિક વિકૃતિ છે. સમાજને ખોટી હકીકતો પીરસી અવળે માર્ગે દોરવાનો ગુનાઈત પ્રયત્ન છે. અમે અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને માનીએ છીએ, એને માટે જેલ પણ વેઠી છે, પરંતુ સ્વતંત્રતાની શરત છે સત્યનું પાલન અને સંયમ. સ્વતંત્રતા એટલે સ્વેચ્છાચાર નહીં.

લોકશાહીમાં ચાલતી સરકારની હકાલપટી

કૉંગ્રેસે જે ચૂંટણીમાં પોતાના પક્ષની ચોખ્ખી બહુમતી મેળવી હતી તેવા લગભગ ૪૨-૪૩ વર્ષો સુધી એક કાંડીએ ભારતના શાસનની મોજ માણી હતી. તે વર્ષોમાં એ પળે સેવા કરી પણ તેના સભ્યોએ ભ્રષ્ટાચારના ડુંગરા ઊભા કર્યા તેથી પ્રજાએ નારાજ થઈ તેમની સામે બીજા પક્ષોને મત આપવા માંડ્યા. પણ આજ સુધી કેન્દ્રની ચૂંટણીમાં બીજા કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી.

સૌપ્રથમ મોરારજીભાઈના વડપણ નીચે કોંગ્રેસ વિરોધી પક્ષે શાસન સંભાળેલું. તે વખતે જનતા દલે બહુમતી મેળવેલી અને પૂરા પાંચ વર્ષ સરકાર ચલાવી શકત. પણ ઈંદિરા કૉંગ્રેસને બેચેની થઈ અને જનતા દલમાં વિલીન થયેલા લોકદલના નેતાઓને ફોડ્યા. ચરણસિંહે મોરારજીભાઈની સરકાર તોડાવી, અને કોંગ્રેસ પક્ષના ટેકાથી વડાપ્રધાન થયા. થોડા જ સમયમાં કૉંગ્રેસે તેમનો ટેકો ખેંચી લીધો ને ફરી ચૂંટણી આવી. તેમાં ઈંદિરાજી અને તેમના પછી રાજીવ પૂરા સમય સુધી રહ્યાં. તેઓ બન્નેની હત્યા થવાથી ઈંદિરા પૂરા સમય રહી ન શક્યાં. પરંતુ રાજીવે ઈંદિરા ગાંધીનો પૂરા સત્રનો બાકીનો સમય અને બીજાં પાંચ વર્ષનો પૂરો સમય મેળવી લીધો. રાજીવના મરણ પછી કૉંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી નહીં, પરંતુ ગમે તેમ કરીને નરસિંહરાવે પૂરાં પાંચ વર્ષ સરકાર ચલાવી.

આટલાં વર્ષો પછી કૉંગ્રેસને બહુમતી મળવાની બંધ થઈ. કેટલાક પક્ષો ભેગા થયા અને મિશ્ર સરકારના વડાપ્રધાન દેવગૌડા થયા. તેમને ઉઠાડીને ગુજરાલને બેસાડ્યા. પણ પોતાને બેસવું હતું અને બીજા પક્ષોનો ટેકો મેળવવો હતો તે નહીં મળતાં સરકાર તોડાવી અને નવી ચૂંટણીઓ આવી.

આ મિશ્ર સરકારોની રચના અને તોડફોડ માત્ર કૉંગ્રેસ પક્ષે જ કરી. દેશની કમનસીબી કહેવાય કે જે પક્ષે આટલાં વર્ષો રાજ કર્યું તે પક્ષ બીજી કોઈ વ્યક્તિ કે પક્ષને શાસન કરતાં જોઈ શકતો નથી!

છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને સૌથી મોટા લઘુમતી મત મળ્યા. જો ભાજપ અને કૉંગ્રેસ ભેગા રહીને દેશને સાચવે તો બીજા કોઈ પક્ષને માથું ઊંચું કરવાનો મોકો પણ ન મળે. તેમ તો બને જ નહીં, એટલે ભાજપે બીજા પક્ષોનો ટેકો લઈને સરકાર રચી. મિશ્ર સરકારોમાં મોરારજીભાઈ પછી વાજપેયીની પહેલી સરકાર ૧૩ દિવસ અને બીજી સરકાર ૧૩ મહિના ચાલી, પરંતુ જોડાણમાં દક્ષિણ ભારતની જયલલિતાએ વિશ્વાસઘાત કર્યો. તે રોજબરોજ નવી ને નવી માગણીઓ ઊભી કરે અને સરકારને ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપ્યાં કરે. પરન્તુ આની વારંવાર

ખુશામત કરવા જવું તે ઉચિત ન જ ગણાય, છતાં 'ગરજ બીચારી બાપડી' તે ધોરણે ભાજપના વરિષ્ઠ નેતાઓ તેને બારણે જતા અને ટેકો ચાલુ રાખવા સમજાવતા.

આ દેશની સ્વતંત્રતા પછી જે સ્ત્રીઓ સત્તા ઉપર આવી તેમાં કેન્દ્રમાં સૌથી પહેલા ઇંદિરાજી આવ્યાં. તેમણે કટોકટી જાહેર કરી બંધારણનો કૂચો કર્યો અને ભ્રષ્ટાચાર આખી દુનિયામાં છે, એટલે ભારતમાં પણ હોય, તેવું કહીને ભ્રષ્ટાચારને સમર્થન આપ્યું. જયલલિતા તમિલનાડુનાં મુખ્ય મંત્રી થયાં. જાણવા પ્રમાણે ત્યાંના મંત્રીઓ અને બીજાઓ તેમને સાક્ષાત્ દંડવત્ કરે છે. ઇંદિરાજીને પણ આવું કરતાં તે આ લેખક હકીકત તરીકે જાણે છે. આ તો ઠીક પણ વાજપેયીની સરકાર તોડવા બધા અઢાર સભ્યોમાંથી કોઈ મરદ ન નીકળ્યો કે આવું ખોટું કામ તેનાથી નહીં થાય!

બિહારમાં પણ એવું બન્યું છે. ત્યાં લાલુ યાદવે ભ્રષ્ટાચાર કરવાના મુદ્દે રાજીનામું આપ્યું પણ પોતાની પત્ની રાબડીદેવીને મુખ્ય મંત્રી બનાવ્યાં છે. ઇંદિરાજી અને જયલલિતા તો પોતે સક્ષમ હતાં પણ રાબડીદેવી તો પ્રૉક્સી મુખ્ય મંત્રી છે.

આ દેશની આ નિર્બળ પરંપરા છે. આજે અટલબિહારી વાજપેયી જેવા સક્ષમ, ચારિત્ર્યવાન અને ભ્રષ્ટાચારથી મુક્ત વડાપ્રધાન દેખાતા નથી. અમેરિકાની જેમ સીધી જ ચૂંટણી હોય તો તે જ આ દેશના વડા બને.

કૉંગ્રેસમાં મનમોહનસિંહ અને સમાજવાદીઓમાં ગુજરાલ પણ આવી જ પ્રતિષ્ઠા ધરાવે છે. અલબત્ત, તેમની પ્રતિભા વાજપેયી જેવી નથી પણ આવી નિષ્ઠાવાન, પ્રામાણિક વ્યક્તિઓ પણ સરકાર હટાવવા ટેકો આપે છે તેથી અત્યંત દુઃખ થાય છે. સૌથી વધુ દૂષણ તો એ છે કે કૉંગ્રેસ પક્ષ પોતાનો નેતા મેળવી શકતી નથી. આ સોનિયા ગાંધીની વરણી ગુણદોષ ઉપર નથી, પણ આ નહીં આ નહીં - એમ બાદબાકી કરીને થયેલો આ સરવાળો છે.

જયલલિતાને ચૂંટણીમાં ભાજપનો સાથ લઈને ૧૮ સાંસદોની બેઠકમાં જીત મળી હતી અને શરૂઆતથી સરકારને સાથ આપ્યો હતો. પણ રોજબરોજ માગણી કરનારને કદી સંતોષ થાય નહીં. તેમણે નૌકાદળના વડા ભાગવતને સરકારે છૂટા કર્યા તે બાબતે તકરાર ઊભી કરી અને ભાગવતને ફરી બેસાડી કેન્દ્રીય મંત્રી શ્રી ફરનાન્ડીઝને છૂટા કરવા માગ ઉઠાવી. એક સરકારી અધિકારી પોતે જ આવો વિવાદ ચાલવા દે નહીં તેમાં સમગ્ર નોકરશાહીની શોભા હતી, તેવું નોકરશાહી પણ ક્યાં સમજે છે? આ શક્ય હતું જ નહીં એટલે રાષ્ટ્રપતિને રૂબરૂ મળી પોતે ટેકો પાછો ખેંચે છે તેવો લેખિત કાગળ આપ્યો. રાષ્ટ્રપતિએ વિશ્વાસના મત માટે વડાપ્રધાનને આદેશ આપ્યો. એક વખત આવો વિશ્વાસનો મત મેળવી લીધા બાદ આવું ફરી કરવાની જરૂર ન ગણાય. અને શક્તિ હોય તો વિરોધ પક્ષ અવિશ્વાસનો ઠરાવ મૂકે અને પોતાની બહુમતી હોય તો સરકારને રાજીનામું આપવાની ફરજ પાડે; પણ આ કેમ અમલમાં આવ્યું નહીં તે પણ સમજાય નહીં તેવું છે.

વિશ્વાસનો મત લેવા માટે સામસામે આક્ષેપો થયા, પણ કોઈ વિરોધ પક્ષના સભ્યે આ સરકાર માટે ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો નથી, અને વડાપ્રધાન માટે બધાએ માનની લાગણી જાહેર કરી. પરંતુ બીજું કોઈ ન મળતાં કોમવાદીનું રાગણું ગાયાં કર્યું. સંસદમાં પ્રવચનો વખતે જે ગુંડાગીરીનું દૂરદર્શન ઉપર ચિત્ર જોયું તો એમ લાગે કે આ લોકો ખરેખર દેશનું સંચાલન કરવા કે રક્ષણ કરવા કામિયાબ છે? પોતાની બેઠક છોડવી ન જોઈએ તેની જગાએ ઘેરાવા થાય અને મારામારી પણ થાય. છેવટે મત લેવાયા અને કાશ્મીરના એક સાંસદ સૈફુદીનના મતથી સરકાર હારી. કૉંગ્રેસ પોતે બહુમતી ન મેળવી શકતાં નીચે પ્રમાણેની સરકારોને તોડી અને વારંવાર દેશને ચૂંટણીના ખર્ચમાં ઉતાર્યો :

૧. વી.પી. સિંહ, ૨. ચંદ્રશેખર, ૩. મોરારજીભાઈ, ૪. ચરણસિંહ, ૫. દેવગૌડા, ૬. ગુજરાલ અને ૭. વાજપેયીની સરકાર બે વખત.

આપણા બંધારણના ઘડવૈયાઓએ તેમના અનુગામીઓ આવી કનિષ્ઠ રીતે વર્તશે તેની કલ્પના જ નહીં કરી હોય. સૈફુદીન આખા દેશને પાયમાલ કરી શકે. તે રાતમાં જ ફરી જાય. ભૂતકાળમાં અમીચંદ, મીર કાસમ જેવાએ તો આવો નાદાન વારસો આપ્યો પણ આજની દુનિયામાં પણ હજુ દેશ પાયમાલ થાય તો રૂંવાડુંએ ફરકે નહીં અને આનંદ અનુભવે તેવા આ દેશના ભોળા માનવીઓની કમનસીબીનો પારો માપી શકાય નહીં તે ગતિએ પહોંચ્યો છે!

હવે સમય પાકી ગયો છે કે દેશનો વડાપ્રધાન સંસદનાં સભ્યો જે દલાલો જેવા થઈ ગયાં છે તેઓ મારફત નહીં, પણ પ્રજાના મતથી સીધા ચૂંટાય અને એક મતવાળી બહુમતી નહીં પણ ૩/૪ બહુમતી તે ચૂંટાયેલા વડાપ્રધાનને દૂર કરી શકે. - બિ.પો. શાહ ('સદાચાર નિર્માણ'માંથી)

૧૯૯૯નો ક્રિકેટ વર્લ્ડ કપ



પૃથ્વી પરનો એકદિવસીય ક્રિકેટનો સૌથી મોટો મહોત્સવ એટલે વર્લ્ડ કપ. સોળ વર્ષ બાદ ક્રિકેટની જન્મભૂમિ એવા ઇંગ્લંડમાં ૧૯૯૯ની ૧૪મી મેએ વર્લ્ડ કપનો પ્રારંભ થશે. સર્વપ્રથમ મેચ યજમાન ઇંગ્લંડ અને ગત વર્લ્ડ કપના વિજેતા શ્રીલંકા વચ્ચે ક્રિકેટના ગૌરવશાળી પરંપરા ધરાવતા લોર્ડ્ઝના મેદાન પર ખેલાશે. ૩૭ દિવસ બાદ ૨૦મી જૂને લૉર્ડ્ઝના મેદાન પર વર્લ્ડ કપની અંતિમ સ્પર્ધા ખેલાશે. આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલા બાર દેશોમાંથી કયો દેશ ૨૭,૦૦૦ પાઉન્ડની વર્લ્ડ કપ ટ્રૉફી મેળવશે તે વિશે અટકળો ચાલી

શ્રી [illegible]

કુમાર કાર્યાલય લિમિ.ના વર્ષોથી જેઓ ચેરમેનપદે સફળતાથી કામગીરી બજાવી રહ્યા છે તે શ્રી હીરાલાલ હરિલાલ



ભગવતી ૯૦મા વર્ષમાં પ્રવેશે છે ત્યારે કંપની આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. તેમનો જન્મ ૧૪ મે, ૧૯૧૦. વણિક પરિવારમાં જન્મીને એમણે ૨૧ જેટલી જાહેર સંસ્થાઓ સાથે સંકળાઈ રહી ઊંચું બ્રાહ્મણત્વ સિદ્ધ કરી દાખવ્યું છે. ગુજરાત લૉ સોસાયટી, કેન્સર સોસાયટી, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ટા.ટી.કો. બેન્ક, મસ્કતી કાપડ મહાજન, નવી કાપડ મારકીટ, રંગમંડળ આદિ શૈક્ષણિક, તબીબી, નાણાંકીય, વ્યાપારી અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં એક યા બીજા હોદ્દા પર રહીં સક્રિય રસ દાખવ્યો છે અને પોતાની વ્યવહારદક્ષતાનો પરિચય કરાવી આપ્યો છે. ગાંધીમૂલ્યને વરેલા હીરાભાઈ સીધાસાદા નખશિખ સજ્જન છે. આ અવસરે તેઓ શતાયુ પ્રાપ્ત કરે તેવી 'કુમાર'ના ડિરેક્ટર-બોર્ડ અને 'કુમાર' પરિવાર તરફથી શુભ કામના! - ધી.પ.

રહી છે. ૧૯૭૫થી દર ચાર વર્ષે ખેલાતા વર્લ્ડ કપની આ સાતમી સ્પર્ધા છે. પરંતુ એકદિવસીય ક્રિકેટની લોકપ્રિયતાની સાથોસાથ વર્લ્ડ કપની મેચોની સંખ્યા પણ સતત વધતી ગઈ. ૧૯૭૫માં ઈંગ્લંડમાં પ્રથમ વર્લ્ડ કપ ખેલાયો ત્યારે ૧૫ એકદિવસીય મેચો ખેલાઈ હતી. જ્યારે ૧૯૯૯માં કુલ ૪૨ એકદિવસીય મેચો ખેલાશે.

એકેએક દડો, પ્રત્યેક ફટકો, દરેક કૅચ કે એકેએક વિવાદાસ્પદ નિર્ણય આ વર્લ્ડ કપ દરમ્યાન બી.બી.સી. અને સ્કાઈ ટેલિવિઝન દ્વારા ઝડપવામાં આવશે અને વિશ્વભરમાં બે અબજ દર્શકો પોતાના ટી.વી. પડદા પર ટ્રૉફી માટેનો જંગ જોશે. ગ્રૂપ મેચો અને સુપર સિક્સ મેચો પ્રદર્શિત કરવાનું આ બંને ચેનલોએ વહેંચી લીધું છે. બંને એકએક સેમિફાઈનલ બતાવશે અને ફાઇનલ મેચ બી.બી.સી. અને સ્કાઈ ટેલિવિઝન બંને દર્શાવશે. વર્લ્ડ કપના પ્રારંભે એનું આર્થિક પાસું સબળ નહોતું, પણ ધીરે ધીરે એમાં વધારો થતો રહ્યો. ૧૯૯૬ના વર્લ્ડ કપમાં ૫૬ કરોડ રૂપિયાનું ટર્નઓવર થયું હતું. જ્યારે આ વર્લ્ડ કપમાં ૩૫૦ કરોડથી પણ વધુ રૂપિયા ખર્ચાશે. ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલનું પૂર્ણ સભ્યપદ ધરાવતા દેશને ઓછામાં ઓછા પોણા બે કરોડ રૂપિયા આમાંથી મળશે. સવા ચાર કરોડ રૂપિયાનાં પ્રાઇઝ મની રાખવામાં આવ્યાં છે, જે ગયા વર્લ્ડ કપમાં માત્ર એક કરોડનાં હતાં. વર્લ્ડ કપ વિજેતા ટીમને ૩,૦૦,૦૦૦ અમેરિકન ડૉલર મળશે. જ્યારે રનર્સઅપ ટીમને ૧,૫૦,૦૦૦ ડૉલર અને સેમિફાઇનલમાં આવનારી ટીમને ૧,૦૦,૦૦૦ ડૉલર મળશે.

વર્લ્ડ કપની નવી ટ્રૉફીનું વજન ૧૧ કિલો છે અને ૧૯૯૯નો વર્લ્ડ કપ ભારત મેળવે કે ન મેળવે, પરંતુ આ ટ્રૉફી પર ૧૯૮૩ના વિજેતા તરીકે ભારતનું નામ લખાયેલું છે. આ વર્લ્ડ કપ પાંચ લાખ પ્રેક્ષકો સ્ટેડિઅમમાં બેસીને નજરોનજર નિહાળશે. અને એક ટિકિટની સરેરાશ કિંમત ૧,૭૫૦ રૂપિયા થશે. ૧૯૯૯ના વર્લ્ડ કપને અનુલક્ષીને એની ગીતરચનાઓ બહાર પડી ગઈ છે અને રમતચાહકો એકદિવસીય મેચના રોમાંચને માણવા થનગની રહ્યા છે. ('વિશ્વવિહાર'માંથી)

પ્રાણીઓની આયુષ્ય-મર્યાદા

પ્રાણીશાસ્ત્રના અભ્યાસીઓએ જુદાં જુદાં પ્રાણીઓનાં જીવન વિશે અભ્યાસ કરીને પ્રાણીઓ સામાન્ય રીતે કેટલું લાંબું જીવન જીવે છે,તેની વિગતો તૈયાર કરી છે. આ વિગતો કે ગણતરી સરેરાશ જીવનમર્યાદા દર્શાવે છે. કેટલાંક પ્રાણીઓ વધુ કે ઓછું જીવન જીવે તે સંભવિત છે.

પ્રાણી	કેટલો સમય જીવે છે?	પ્રાણી	કેટલો સમય જીવે છે?
પતંગિયું	કેટલાંક અઠવાડિયાં	બતક	૨૫ વર્ષ
કરોળિયો	છ માસ	કૂતરો	૨૫ વર્ષ
ઊંદર	૨ વર્ષ	કબૂતર	૨૫ વર્ષ
શેળો	૩ વર્ષ	ચિમ્પાન્ઝી	૨૬ વર્ષ
સસલું	૧૦ વર્ષ	ફ્લેમિંગો	૨૭ વર્ષ
કાંગુ	૧૩ વર્ષ	એમુ	૨૮ વર્ષ
બકરાં	૧૩ વર્ષ	જિરાફ	૨૮ વર્ષ
ચકલી	૧૪ વર્ષ	હિપોપોટેમસ	૩૦ વર્ષ
દેડકાં	૧૫ વર્ષ	મગર	૩૦ વર્ષ
ખિસકોલી	૧૫ વર્ષ	સિંહ	૩૦ વર્ષ
સાબર	૧૯ વર્ષ	વાંદરો	૩૦ વર્ષ
વાઘ	૧૯ વર્ષ	મોર	૪૦ વર્ષ
ચિત્તો	૨૦ વર્ષ	ગેંડો	૪૦ વર્ષ
અજગર	૨૧વર્ષ	હાથી	૭૦ વર્ષથી વધુ
સાપ	૨૨ વર્ષ	કાચબો	૧૦૦ વર્ષ
ઊંટ	૨૪ વર્ષ	સોનેરી ગરુડ	૧૦૪ વર્ષ
શાહમૃગ	૨૫ વર્ષ	રાક્ષસી કાચબો	૨૦૦ વર્ષ

('વિજ્ઞાનદર્શન'માંથી)

અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

(1) Pustak Prasar 7508, Devis Street, Mortongrove ILL-60053 (2) Niriksha Tripathi 121, Elizabeth Avenue, Edison, NJ - 08820 Ph.: 732-548-3797.

આપ આપનું લવાજમ ડૉ. ૨૫ (હવાઈમાર્ગે) ઉપરના કોઈ પણ એક સરનામે મોકલી શકો છો. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો.

વ્યવસ્થા અંગેનો કે અંક ન મળ્યાની ફરિયાદ અંગેનો તમામ પત્રવ્યવહાર 'કુમાર'ના નીચેના સરનામે જ કરવા વિનંતી છે.

KUMAR KARYALAYA LTD.
1454, Raipur Chakla, Ahmedabad-380 001 (India)

ભલા કેમ ગભરાઉં મઝધારથી હું;
હવે નાવ હું છું અને હું જ જળ છું.

— 'આનંદ' મુનિચંદ્રજી

મહાન ચિંતક સિસેરો એમના એક શ્રીમંત શિષ્યને ત્યાં ભોજન લેવા ગયા. થોડી વારે નોકર પાણી લઈને આવ્યો ત્યારે પેલા શ્રીમંત યજમાને એની સામે જોવાની દરકાર પણ ના કરી, જ્યારે સિસેરોએ પેલા નોકરનો આભાર માન્યો. નવાઈ પામી યજમાને જણાવ્યું કે, પાણી લાવવું તે તેની ફરજ હોઈ આભાર માનવાની જરૂર નહોતી. સિસેરોએ જણાવ્યું, 'પણ આપણી ફરજ આભાર માનવાની છે, કૃતજ્ઞતા સર્વ સદ્‌ગુણોની જન્મદાત્રી છે. એ ના હોય તો મનુષ્ય જડ બની જાય. કૃતજ્ઞતા એ હૃદયનો સંસ્કાર છે.'

*

'છાતી'ના રૂઢપ્રયોગો

- છાતી ઉપર હાથ મૂકવો - ઈશ્વરની સાક્ષીએ સાચું કહેવું.
- છાતી ઊભરાવી, ભરાઈ આવવી - હૈયું ભરાઈ આવવું.
- છાતીએ બાંધવું - પાસે ને પાસે રાખવું.
- છાતી કાઢીને ચાલવું - હિંમતથી કે દમામભેર ચાલવું.
- છાતી ચાલવી - હિંમત રહેવી.
- છાતી ચિરાઈ જવી - ખૂબ દુઃખ થવું.
- છાતી ઠરવી - સંતોષ અને આનંદ થવો.
- છાતી ઠાલવવી - હૈયાની વરાળ કાઢવી.
- છાતી ઠોકીને કહેવું - વિશ્વાસ ને હિંમતપૂર્વક કહેવું.
- છાતી પર બેસવું - દબાવીને કામ લેવું.
- છાતી પર પથ્થર મૂકવો - હિંમતપૂર્વક સહન કરવું.
- છાતી પીગળવી - દયા આવવી.
- છાતી ફાટી જવી - ભારે દુઃખ થવું.
- છાતી ફૂલવી - આનંદ કે ગર્વ થવો.
- છાતી બેસી જવી - હિંમત હારી જવું.

ગણિતગમ્મત : પૂર્ણસંખ્યા

જે સંખ્યાના અવયવોનો સરવાળો સંખ્યા જેટલો થાય તેવી સંખ્યાને પૂર્ણસંખ્યા તરીકે ઓળખવામાં આવે છે. ઉ.ત. ૬ અને ૨૮ પૂર્ણ સંખ્યા છે.

૬ના અવયવો ૧,૨,૩ છે. તેમનો સરવાળો ૧+૨+૩ = ૬ થાય છે.

૨૮ના અવયવો ૧,૨,૪,૭,૧૪ છે. તેમનો સરવાળો કરતાં ૧+૨+૪+૭+૧૪=૨૮ થાય છે. ૪૯૬, ૮૧૨૮ પણ પૂર્ણસંખ્યા છે. અત્યાર સુધીમાં ૩૧ પૂર્ણસંખ્યાઓ શોધાઈ છે. ૩૧મી પૂર્ણસંખ્યા ચાર લાખ, પંચાવન હજાર છસ્સો તેસઠ આંકડાની બનેલી છે.

(સંદર્ભ : અવિભાજ્ય સંખ્યાઓ : આઇ.એચ.શેઠ) - કલ્પેશ ડી. અખાણી

*

દુનિયાની સૌથી મોટામાં મોટી 'કોમોડો ડ્રેગન' નામની ગરોળી, લગભગ ૩ મીટર સુધીની લંબાઈની નોંધાએલી છે. આ ગરોળીઓ કોમોડો ટાપુ અને ઇન્ડોનેશિયાના ટાપુઓમાં વસે છે અને તેનું વજન લગભગ ૧૩૫ કિલોગ્રામ જેટલું હોય છે.

*

ગુંદરના ડાઘને દૂર કરવા માટે તે કપડાને પાણીમાં પલાળી રાખો અને સરકો અથવા દસ ટકા એસિટિક એસિડથી સાફ કરવાથી ડાઘ જતા રહેશે.

*

કોઈ પણ ખરાબ કામ થઈ જાય તો માને કહી દેવું એવું નાના પિન્ટુને શીખવ્યું હતું.

એક દિવસ એણે રડતાં રડતાં માને કહ્યું : 'મેં..મેં.. રસોડામાં એક લાદી તોડી નાખી.'

'કાંઈ વાંધો નહીં, પણ એ તેં કેવી રીતે તોડી?' માએ કહ્યું .

'પપ્પાની ઘડિયાળ ઠોકી ઠોકીને તોડી નાખી.'

સઘળા મહાપુરુષોની 'મહત્તા, સફળતા અને કીર્તિનું મુખ્ય રહસ્ય એ છે કે, પોતાની સઘળી શક્તિઓને તેઓ એક જ બાબત પર એકાગ્ર કરતા તથા વાપરતા અને પોતાના લક્ષ્ય સિવાયની બીજી દરેક બાબત પોતાના મગજમાંથી કાઢી નાખતા.

અજ્ઞાત

આમલીનાં પાન અને સિંધવ-મીઠું વાટી તેનો ગરમ લેપ સોજા પર કે સાંધાના દુખાવા પર ચોપડવાથી ફાયદો થાય છે.



કલાકણિકા : અફઘાનિસ્તાનમાં બેગ્રામ ખાતે મળી આવેલી હાથીદાંતમાં કંડારાયેલી નારીપ્રતિમા. તેની ઊંચાઈ ૧૯ સે.મી. છે અને હાલ તે પેરિસના ગીમેત મ્યૂઝીઅમમાં છે.